# પ્રકરણ-1

# અહેવાલ સારાંશ /ટૂંકસાર



| ક્રમ | માહિતી | પાના નંબર |
|---|---|---|
| 1.1 | પ્રસ્તાવના | 2 |
| 1.2 | આદિવાસી સમુદાય અને માળખાગત સુવિધાનું પ્રમાણ : પડકાર અને ભલામણ | 2 |
| 1.3 | આદિવાસી હાટ બજારની હંગામી/ફરતી હોસ્પિટલ હાટ હોસ્પિટલની ભલામણ | 3 |
| 1.4 | SARTHI યોજના: અંતરિયાળ પ્રદેશમાં વાહનવ્યવહારની નિશ્ચિતતા લાવવા માટેની યોજના ભલામણ | 4 |
| 1.5 | આદિવાસી અને બિન આદિવાસી વિધ્યાર્થીઓ વચ્ચે ભિન્નતાના ક્ષેત્રો અને IPSHD (Integrated Plan for Social Harmony and Development) ભલામણ | 5 |
| 1.6 | ઉપસંહાર | 6 |

# પ્રકરણ-1

## અહેવાલ સારાંશ /ટૂંકસાર

### 1.1 પ્રસ્તાવના:

આદિવાસી આર્થિક વિકાસ દર્શન નિર્માણનાં સ્વરૂપને જોતાં તે વાસ્તવિકતાનો અભ્યાસ કરી ભાવિવિકાસ અંગે ભલામણો કરવાનું બની રહે છે. આ સંદર્ભમાં વાસ્તવિક આદિવાસી આર્થિક પરિસ્થિતિને સમજવા માટે સામાજિક વિજ્ઞાનમાં પ્રયોજવામાં આવતી પ્રયુક્તિઓ જેવી કે મોજણી, સમૂહચર્ચા, મુદ્દાકેન્દ્રી જૂથ ચર્ચા, નિરીક્ષણ વગેરેનો માટે ઉપયોગ કરાયો છે. આદિવાસી આર્થિક વિકાસ દર્શન " નીચેથી ઉપર" એટલે કે" Bottom Up" અભિગમ દ્વારા નિર્માણ કરવાનો પ્રયત્ન છે. અહીં પ્રત્યેક પ્રદેશના સ્થાનિક આદિવાસીને જિલ્લા વાર જુદા જુદા સંશોધકો (જેમાં મૂળભૂત રીતે સ્થાનિક સંશોધક હોય) તેવો પ્રયાસ રહ્યો છે. પ્રત્યેક જિલ્લાના જિલ્લા સંશોધક દ્વારા તે જિલ્લાના સંસાધનો અને વિકલ્પોની ખોજ કરીને જિલ્લા માટેનું આદિવાસી આર્થિક વિકાસ દર્શન તૈયાર કરવામાં આવ્યું. આ સ્થાનિક આદિવાસી આર્થિક વિકાસ દર્શનના આધારે ચર્ચા-વિચારણા અને વિચારમંથનના પરિપાકરૂપે, જે સમગ્ર પ્રદેશને સ્પર્શે છે અને રાજ્યના તમામ આદિવાસી સમુદાયોને જેના થકી લાભન્વિત કરી શકાય તે પ્રકારના, ઉપાયો અને વિકલ્પોનું સંકલન કરીને પ્રસ્તુત સુરત અને નવસારી જીલ્લા આદિવાસી આર્થિક વિકાસ દર્શનનો હેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

### 1.2 આદિવાસી સમુદાય અને માળખાગત સુવિધાનું પ્રમાણ : પડકાર અને ભલામણ

**(જીરો મધ્યસ્થી, જીરો પરિવહન અને જીરો ઉત્પાદન અને સમય વ્યય સાથેની REMOT યોજના)**

તમામ પ્રકારની માળખાગત સુવિધાઓ અંગે વિવિધ પ્રકરણોમાં ચર્ચા કરવામાં આવેલ છે. સ્વાસ્થ્ય અને શિક્ષણ સુવિધાનું માળખું માનવવિકાસ સંદર્ભનાં પ્રકરણમાં ચર્ચાયું છે. જે પ્રકરણમાં "આદિવાસી સમુદાયમાં માનવ વિકાસ (શિક્ષણ અને સ્વાસ્થ્ય)" શીર્ષક હેઠળ સ્વતંત્ર રીતે આ મુદ્દાની ચર્ચા કરવામાં આવેલ છે. સંદેશવ્યવહારનું આંતરમાળખું ડિજિટલ નેટવર્ક/ઇન્ટરનેટ સુવિધાની ચર્ચા પણ ત્યાર પછીના પ્રકરણમાં કરવામાં આવી છે. વીજળી, સિંચાઇ અને પાણી પુરવઠા (પીવાના પાણી અને ગંદા પાણીના નિકાલ)ની ચર્ચા સમય અને

સંશાધનોની અછત અને આધારભૂત માહિતીના અભાવે ટાળી છે. આ તમામ સંદર્ભના ભલામણ નીચે મુજબ ટૂંકમાં વર્ણવી શકાય.

**મધ્યસ્થીવિહીન તથા પરિવહન, ઉત્પાદન અને સમયનો વ્યય ન્યૂનત્તમ થાય તેવી REMOT યોજના:**

અંતરિયાળ પ્રદેશના આદિવાસીને તેમની વૈવિધ્યસભર અને ઓછા પ્રમાણમાં કૃષિપેદાશો માટે બજારની સમસ્યાઓને ધ્યાનમાં લેતા આદિવાસી માટે બજારને લગતી તેમની સંપૂર્ણ વેચાણ વ્યવસ્થાની ખામીને દૂર કરતી એક અલગ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી જણાય છે, જો કે અહીં ઉલ્લેખનીય છે કે આમ કરવા પાછળ કોઈપણ પ્રકારનો નવો ખર્ચો સરકારે ઉઠાવવાનો રહેશે નહીં. આ પ્રકારની અલાયદી વ્યવસ્થામાં કોઈપણ એવું પગલું નથી જેને વિશ્વમાં અપનાવામાં આવ્યું ન હોય. બીજા શબ્દમાં કહીએ તો આ વિચારાધીન સમગ્ર પ્રક્રિયા એક યા બીજા સ્વરૂપે ઉપયોગમાં લેવાયેલ અને સફળ નિવડેલ વ્યવસ્થાઓનું સંકલન માત્ર છે, આમ વિચારતાં તેના અમલ કરતાં તેની નિષ્ફળતાની સંભાવના અત્યંત નીચી  છે.

REMOTE (અંતરિયાળ પ્રદેશનો ઉત્થાન: online વેચાણ વ્યવસ્થા, પરિવહન અને વ્યાવસાયિક સરળતા પહોંચાડવી)

| | |
|---|---|
| R | Rural/Remote area |
| E | Enhancement by providing |
| M | Marketing |
| O | On line platform, |
| T | Transport and |
| E | Ease of doing Business. |
| R | Rural/Remote area |

**1.3 આદિવાસી હાટ બજારની હંગામી/ફરતી હોસ્પિટલ** હાટ હોસ્પિટલ એક સૉફ્ટવેર SWASTHY દ્વારા કાર્યાન્વિત થશે જે નીચે મુજબ રજૂ કરેલ છે

**હાટ બજારનું ફરતું હંગામી દવાખાનું SWASTHY**

**SWASTHY: Special Weekly Action to Serve for Tribal Health Yagy**

આદિવાસી વિસ્તારોની તમામ સ્વાસ્થ્ય સમસ્યાઓને હળવી કરવા અથવા નિવારવાના ઉપાય તરીકે હાટ બજારનું ફરતું હંગામી દવાખાનું સૂચવવામાં આવેલ છે. આદિવાસી સમાજ જ્યાં પ્રત્યેક સપ્તાહે નિયમિત એકત્રિત થાય છે, તેવા સ્થળે તેમના અન્ય હેતુ/રસની સાથે સાથે

પૂરક તરીકે સ્વાસ્થય સુવિધા મેળવશે અથવા સ્વાસ્થ્ય સેવાની સાથે સાથે પૂરક અન્ય હેતુ/ રસ સિદ્ધ કરશે. આદિવાસી સમાજના સ્વાસ્થ્ય સામેના અંતરાયોનું નિરાકરણ થતાં નિશ્ચિતપણે સ્વાસ્થય સુધારાની અપેક્ષા રાખી શકાય. આદિવાસી સમાજની સ્વાસ્થ્ય જરૂરિયાતોને પૂરી કરવા તેમના સામાજિક. ભૌગોલિક અને વ્યક્તિગત અંતરાયો નિવારવા આ પ્રકારના હાટ બજારનું હંગામી દવાખાનું નિશ્ચિતપણે અપેક્ષિત પરિણામ આપશે

હાટ દવાખાનું એક સૉફ્ટવેર SWASTHY દ્વારા કાર્યાન્વિત થશે જે આગળ પ્રકરણમાં દર્શાવ્યા મુજબ કામ કરશે.

## 1.4 અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં અર્થતંત્રના હાર્દ સમાન પરિવહન સુધારણા માટેની દરખાસ્ત (SARTHI: State Assurance for Remote Transport and Halt with Interface)

**SARTHI યોજના: અંતરિયાળ પ્રદેશમાં વાહનવ્યવહારની નિશ્ચિતતા લાવવા માટેની યોજના ભલામણ**

જ્યાં માર્ગસુવિધા અસ્તિત્વ ધરાવે છે, પરંતુ વાહનવ્યવહાર અપૂરતો છે; તેવા પ્રદેશ માટે વાહનવ્યવહારની નિશ્ચિતતાની યોજનાની ભલામણ કરવામાં આવે છે. જેને SARTHI નામ આપવામાં આવેલ છે. માર્ગ-રસ્તાઓ હોવા છતાં જો વાહનવ્યવહાર અપૂરતો અને અનિશ્ચિત હશે, તો તેવા પ્રદેશનો વિકાસ અવરોધશે. વાહનવ્યવહાર ઓછો હોવાનું કારણ વાહનવ્યવહારની માંગની ગેરહાજરી નહીં, પરંતુ છૂટીછવાઈ માંગ હોવાથી (આર્થિક પરવડે તેવા) વ્યાપારી ધોરણે ખાનગી વાહનો સેવા આપતા ન હોવાનું જણાયું. જો નિશ્ચિંત વાહનવ્યવહાર સેવા આપવામાં આવશે, તો અંતરિયાળ ગામોમાં શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવા આપતા સેવકો અને અન્ય સુવિધાનો પુરવઠો પણ નિયમિત મળતો રહે તેવી અપેક્ષા રાખી શકાય, કેમ કે આ સેવાઓ વાહનવ્યવહારની ગેરહાજરીના કારણે અવરોધાયેલ જોવા મળેલ છે. આમ નિશ્ચિત કદનાં વાહનવ્યવહારની ખાત્રી આપતી આ યોજનાનું વર્ણન નીચે મુજબ છે.

વિવિધ આદિવાસી પ્રદેશોની રુબરુ મુલાકાતના આધારે જાણવા મળ્યું કે આદિવાસી પ્રદેશોમાં સ્થાનિક પ્રજા તેમજ બહારથી બહુવિધ હેતુસર મુલાકાત માટે આવતા લોકો જાહેર પરિવહન કે ખાનગી વાહનની પરિવહન સેવા (એક તરફની મુસાફરી) અંગે ખૂબ અનિશ્ચિતતા અનુભવતા હોય છે. દા:ત અંતરિયાળ પ્રદેશમા નોકરી કરવા જતાં શિક્ષકો અને સ્વાસ્થય સુવિધા આપતા સેવકો પરિવહનની અનિશ્ચિતતાને લઈ મુશ્કેલીઓ અનુભવે છે. નિશ્ચિત પરિવહન મળે તો આવો પુરવઠો પૂરો પાડનાર વ્યક્તિઓ પ્રદેશમાં આવવા અને વિકાસ ઝડપી બનાવવામાં મદદરૂપ બનશે. વળી નિશ્ચિત સ્વરૂપનું પરિવહન વિવિધ અંતરિયાળ પ્રદેશના પ્રવાસનને પણ પ્રોત્સાહન પૂરું પાડવાની ઘણી ઊંચી સંભાવના છે.

### SARTHI યોજના: અંતરિયાળ પ્રદેશમાં વાહનવ્યવહારની નિશ્ચિતતા લાવવા માટેની યોજના ભલામણ

| SARTHI: State Assurance for Remote Transport and Halt with Interface | |
|---|---|
| S | State |
| A | Assurance for |
| R | Remote |
| T | Transport and |
| H | Halt with |
| I | Interface |
| અંતરિયાળ પ્રદેશ માટે રાજય દ્વારા પરિવહન અને ટૂંકા સમયનાં વિશ્રામની પ્રત્યક્ષ સંપર્ક સહિતની ખાતરી | |

સારથી યોજના પાછળના મુખ્ય તર્ક અનુસાર પ્રવાસીને જો ખાત્રી મળે કે જે અંતરિયાળ પદેશમાં તે પ્રવાસનું આયોજન કરી રહેલ છે, તે પરદેશમાં થોડા અંતર ઉપર ટૂંકાસમયના વિશ્રામની સુવિધાઓ છે, કોઈ પણ સમય/સંજોગોમાં તે આ અંતરિયાળ પરદેશમાં પરિવહન હાંસલ કરી શકશે. આ પ્રકારની સરકારની ખાત્રી સાથે સુનિશ્ચિતપણે જે તે પરદેશમાં પ્રવાસન ઉદ્યોગ વિકાસ પામશે તેમ સહજ રીતે અપેક્ષા રાખી શકાય, કેમ કે આ આદિવાસી વિસ્તારોમાં પ્રવાસન ઉદ્યોગ માટેના ઘણા આકર્ષણો પહેલાથી જ અસ્તિત્વ ધરાવે છે. વળી આ પ્રકારની અંતરિયાળ પરિવહન માટેની ખાત્રી પ્રસ્થાપિત થતાં સરકારી તંત્ર પણ તેની પૂર્ણ ક્ષમતા સાથે કામગીરી કરી શકશે.

### 1.5 IPSHD (Integrated Plan for Social Harmony and Development):

આદિવાસી અને બિન આદિવાસી વિધ્યાર્થીઓ વચ્ચે ભિન્નતાના ક્ષેત્રો: આદિવાસી બાળકો અને બિન આદિવાસી બાળકો શહેરી ક્ષેત્રોમાં એક જ સંસ્થામાં જ્યારે સંપર્કમાં આવે છે ત્યારે તેમની વચ્ચે એક સમાન પ્લેટફોર્મ જોવા મળતું નથી શહેરી ક્ષેત્રોમાં વળી આર્થિક સમુહો દ્વારા વર્ગ ભેદ અને જાતિ ભેદના પણ ભેદભાવ નિર્માણ થાય છે. સામાજિક રીતે નબળા વર્ગોSC /ST શહેરી ક્ષેત્રોમાં ભેદભાવ અનુભવતા હોવાની પણ લાગણી છે. જિલ્લા સંશોધક દ્વારા એસસી બાળકોના પ્રશ્નોના નિવારણ માટે આ અગાઉ કરવામાં આવેલ એક અભ્યાસના અહેવાલમાં જે ભલામણ IPSHD કરવામાં આવી હતી તે અહીં પણ એટલી જ લાગુ પડે છે તેથી તેને અહીં આ સંદર્ભે પણ ભલામણ કરવી યોગ્ય સમજી છે. આગળ પ્રકરણમાં દર્શાવેલ ગ્રાફમાં દર્શાવ્યું છે તે પ્રમાણે તે વિવિધ સ્તરે સમસ્યાઓ સાથે નિવારણના રસ્તાઓ શોધશે. ભેદભાવ થઈ રહ્યો છે તો ભેદભાવને દૂર કરવા માટે જાતિગત ઓળખ ફરજિયાત ન

કરીને પ્રત્યેક વિદ્યાર્થી નેએક સમાન પ્લેટફોર્મ પૂરૂં પાડશે. જો કોઈ ખોટા ભેદભાવ અંગેની માન્યતા હશે તો તેને પણ રદીઓ મળશે. બીજા સ્તરે પ્રત્યેક બાળકને એક સમાન કૌટુંબીક અને સામાજિક સ્તરેથી શૈક્ષણિક જાગૃતિનું અને શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ થશે. ત્રીજા સ્તરે પ્રત્યેક બાળકને એક સમાન આર્થિક ઉપલબ્ધિ પ્રાપ્ત થશે.

### 1.6 ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં સુરત અને નવસારી જિલ્લાના આદિવાસીઓનો આર્થિક વિકાસ કરવા માટે જે ભલામણો અહેવાલમાં કરવામાં આવેલા છે તે તમામ સૂચનોનું અહેવાલમાં આગળ પ્રકરણવાર રજૂ કરવામાં આવેલ છે. આ ભલામણોને રજૂઆત કરતા પહેલા જિલ્લાના આદિવાસી આર્થિક વિકાસ આડે કેવા પ્રશ્નો અનુભવી રહ્યા છે અને તે પ્રશ્નોનું સ્વરૂપ અને તેની માત્રા કેવી છે તે અંગેની પણ છણાવટ કરવામાં આવેલી છે. હવે પછીના પ્રકરણમાં સુરત અને નવસારી જિલ્લાનો ટુકો પરિચય મેળવીને આ સમસ્યાઓ વિગતવાર સમજીશું અને આ સમસ્યાઓના નિવારણ કરીને સુરત અને નવસારી જિલ્લાના આદિવાસી સમુદાયનો આર્થિક વિકાસ કેવી રીતે કરી શકાય તે અંગેની વિગતે ચર્ચાઓ હવે પછીના પ્રકરણોમાં કરવામાં આવેલ છે.

# પ્રકરણ-2

# જીલ્લા આદિવાસીનો વિકાસ અંગે અભિગમ પરિચય


| ક્રમ | માહિતી | પાના નંબર |
|---|---|---|
| 2.1 | પ્રસ્તાવના: | 8 |
| 2.2 | સ્થાનિક આદિવાસી અર્થતંત્ર અને આર્થિક વિકાસ | 8 |
| 2.3 | ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સુરત અને નવસારી જીલ્લાની આદિવાસી વસ્તી અને તેમની વિકાસ અંગેની સમાજ | 9 |
| 2.4 | સ્થાનિક આદિવાસીઓના પરંપરાગત અને આધુનિક વ્યવસાયો | 11 |
| 2.5 | સ્થાનિક આદિવાસી વિસ્તારના કુદરતી સંસાધનો અને આર્થિક વિકાસ: | 12 |
| 2.6 | જીલ્લા અર્થતંત્રના પ્રવર્તમાન પરિવર્તનો | 15 |
| 2.7 | ઉપસંહાર | 16 |

# પ્રકરણ-2

# જીલ્લા આદિવાસીનો વિકાસ અંગે અભિગમ પરિચય

**૨.૧ પ્રસ્તાવના:**

આદિવાસી સમાજ વિકાસને મુખ્ય પ્રવાહના વિકાસથી અમુક ક્ષેત્રોમાં નોખો તારવી શકાય તો બાકીના ક્ષેત્રોમાં આદિવાસી સમાજનો વિકાસ મૂળ પ્રવાહના વિકાસ વિભાવના સાથે જ સયુક્ત રીતે જોડીને વિચારી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો, આદિવાસી સમાજના એક અપૂરતો વિકાસ પામેલા અથવા વિકાશશીલ અંગ તરીકે જોઈ શકાય. આ પ્રકરણમાં મહિસાગર જિલ્લામાં વસવાટ કરતા આદિવાસી સમુદાયના જનમાનસમાં આર્થિક વિકાસ એટલે શું? સ્થાનિક આદિવાસી પ્રજાતિ આર્થિક વિકાસ તરીકે કઈ કઈ બાબતોનું સમાવેશ કરે છે તથા કેવા પ્રકારના પરિવર્તન અને તેઓ આર્થિક વિકાસ તરીકે મૂલવે છે તેની છણાવટ કરેલ છે. આદિવાસીઓના મંતવ્ય મુજબ તેઓ વિકાસ ને કેવી રીતે જુએ છે અથવા વિકાસની પરિભાષા તેમના મનમાં શું છે તે જાણવા માટે ક્ષેત્રકાર્ય માં ફોકસ ગ્રુપ discussion પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. અહીં આદિવાસી સમુદાયોના નાના જૂથ પાસે બેસીને તેમને મન વિકાસ એટલે શું? એ વિષય ઉપર નાની-નાની ચર્ચા ગોઠવવામાં આવી હતી. અહીં ઉલ્લેખનીય છે કે આદિવાસી સમુદાયમાં આ પ્રકારની ચર્ચા બેઠકો કરતી વખતે જે જૂથોની પસંદગી કરવામાં આવી હતી તે લાક્ષણિકતા સમાન ધરાવતા હોય તે બાબત ધ્યાનમાં રાખવામાં આવી હતી, એટલે કે જો વિદ્યાર્થી જ્યુસ સાથે ચર્ચા કરવાની હોય તો તેમાં કોઈ આધેડ કે બાળકનો સમાવેશ થતો ન હોય તે બાબતે તકેદારી લેવામાં આવી હતી તે જ રીતે ગૃહિણીના સમુદાયની સાથે જો ચર્ચા બેઠક હોય તો તેમાં વ્યવસાયિક પુરુષોના હતો પણ કરવામાં આવ્યા ન હતા.

૨.૨ સ્થાનિક આદિવાસી અર્થતંત્ર અને આર્થિક વિકાસ

આર્થિક વિકાસ એટલે શું? આ વિષયની જો તે ચર્ચા દ્વારા જે તારણો મળ્યાં/ મંતવ્ય પ્રાપ્ત થયા તેની વાત કરતા પહેલા ઐતિહાસિક પરિપ્રેક્ષમાં આદિવાસી સમુદાયની ચર્ચા કરવી ઉચિત ગણાશે કારણકે આ સમુદાયના વિકાસ અંગેના મંતવ્યો તેમની ઐતિહાસિક વિકાસ યાત્રા સાથે ખૂબ જ નજીકથી જોડાયેલા હશે તેવી અપેક્ષા રાખવી અસ્થાને નથી. આ ચર્ચાની શરૂઆત નીચે મુજબ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં કરવામાં આવેલ છે.

### ૨.3 ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સુરત અને નવસારી જીલ્લાની આદિવાસી વસ્તી અને તેમની વિકાસ અંગેની સમાજ :

જે રીતે સમગ્ર ભારત દેશ માટે કહેવામાં આવે છે તે જ રીતે મહિસાગર જિલ્લા માટે પણ કહી શકાય કેઅઢારમી સદીના અંત સુધી આદિવાસીઓનું જીવન સ્વતંત્ર અને મુક્ત હતું. પોતાની આસપાસનુ જળ, જંગલ અને જમીન પોતાનું સમજી મુક્ત રીતે ઉપયોગ અને વ્યવસ્થાપન કરતા હતા. આ સંદર્ભમાં આદિવાસી સમુદાયો ઉપર જેને રાજ્ય કહેવામાં આવે છે, તેવા રાજ્યનું કોઈ ખાસ અંકુશ જોવા મળતો ન હતો. જો કે ઉલ્લેખનીય છે કે આદિવાસી સંપૂર્ણ રીતે સ્વતંત્ર હતા તેવું કહેવું પણ અતિશયોક્તિ પૂર્ણ કહેવાશે. જો કે તેવો ફાવે ત્યા જરૂરિયાત મુજબની ખેતી કરીને જીવતા હતા. ત્યારબાદ અન્ય પ્રદેશમાં જેવા પરિવર્તનો આવ્યા તેવાજ પરિવર્તનો સુરત અને નવસારી જીલ્લામાં પણ નોધાયા છે એટલેકે અંગ્રેજ શાસને વિવિધ કાયદાઓ અને જંગલ નીતિ લાદીને આદિવાશીઓને જંગલ-જમીનથી વિખુટા પાડી દીધા હતા. આ પ્રક્રિયા સાથેજ તેમની કુદરતના ખોળે વિકાસ પામતી સંસ્કૃતિઓ પણ પરીવાર્નાના વમળમાં આવી. અનેક કાયદાકીય બંધનો દ્વારા તેમની જરૂરિયાતો છીનવાઇ ગઇ. અહીં ઉલ્લેખનીય છે કે" ફુટ પાડો અને રાજ કરો" નીતિ અંતર્ગત અંગ્રેજોએ ભારતીય પ્રજાના જેટલા ભાગલા પડે કેટલા ભાગલા પાડવાની નીતિ અપનાવી હતી તે મુજબ તેઓએ આદિવાસીઓને પણ અન્ય પ્રજાથી વિભાજિત કરવાની નીતિ અપનાવી તેના પરીણામ સ્વરૂપે તેમણે એટલેકે અંગ્રેજોએ આદિવાસીઓને અન્ય પ્રજાથી જુદા પાડવાની વિવિધ નીતિઓ અપનાવી. અન્ય પ્રજા થી અંગ્રેજોની પહેલા પણ જો પ્રદેશમાં વસ્તી આદિવાસી પ્રજા હવે બાકીના સમાજથી માનસિક રીતે પણ વિભાજિત થઈ ગઈ. આનું પરિણામ એ આવ્યું કે હવે આદિવાસીઓ દેશની પ્રજા માટે એક અપરિચિત સમુદાય અથવા તો દૂર જંગલ પ્રદેશના સમુદાયો બનીને રહી ગયા.

રાષ્ટ્રના વિવિધ સામાજિક જૂથોમાં જે ભાગલા પાડવામાં આવ્યા તેમાં આદિવાસી અને બિન આદિવાસી તરીકે ના ભાગલા/ વિભાજન ખુબજ પ્રભાવી રહ્યું, કેમકે આદિવાસી અને બિન આદિવાસી વિભાજન માં આદિવાસીઓનો દૂર પ્રદેશનો જંગલ વસવાટ અને તેમની વૈવિધ્યસભર જીવનશૈલી/ તેમની સંસ્કૃતિ તેમને અન્ય સામાજિક જૂથોથી ખુબ જ દૂર માનસિક અંતરે પ્રસ્થાપિત કરી ગઈ આ આખા ઘટનાક્રમનું પરિણામે આદિવાસીઓનું શોષણ વધ્યું. અંગ્રેજોના સમયમાં આવા સમૂહોને આદિવાસી એવું જાતિવાચક જુદુ જ નામ મળ્યું. જો કે યુરોપની અન્ય પ્રજતિયોની જેમ જ અંગ્રેજોએ વિશ્વના જુદા-જુદા ખંડોમાં પોતાનું આધિપત્ય સ્થાપીને ત્યાંની મૂળ પ્રજાને ‘Natives’ કે ‘આદિવાસી’ તરીકે ઓળખ આપી તેવીજ રીતી તેમને ભારતના આદિવાસીઓને પણ આવી જ ઓળખ આપી. સુરત અને નવસારી જીલ્લાના આદિવાસીઓ પણ આ પ્રક્રિયાથી બાકાત રહ્યા ણ હતા.

યુરોપથી ભારતમાં આવેલ અંગ્રેજી પ્રજા ભારતના સાંસ્કૃતિક વૈવિધ્ય સમજવામાં ભૂલ કરી બેઠી. અહીં આદિવાસી સમુદાયો અત્યંત પ્રાચીન સમયથી મૂળ સંસ્કૃતિનો અવિભાજ્ય હિસ્સો હતા. રામાયણ અને મહાભારતની કથાઓમાં આદિવાસી સમુદાયો સદીઓથી ઉલ્લેખવામાં આવે છે. અહીંની મૂળ સંસ્કૃતમાં આદિવાસી સમુદાયો પોતાના ભૌગોલિક પરિપ્રેક્ષથી ભલે ભિન્ન હોય પરંતુ સામાજિક રીતે ભિન્નતા અનુભવતા ન હતા. અંગ્રેજો એ ભારતની મૂળ પરંપરા અને સંસ્કૃતિને સમજ્યા વગર તેમને આદિવાસી એવી ઓળખ આપી. અંગ્રેજોના સમયથી આદિવાસી પ્રજાનું શોષણ શરૂ થયું. જંગલ પરનો આ પ્રજાનો આધાર અને ઉપયોગનો અધિકાર માલિકીની હદે જનારો હતો અને આ અંગે અંગ્રેજો પહેલાં કોઈ રાજ્યોને ખાસ વિરોધ ન હતો. પણ અંગ્રેજોની નેમ જંગલો કબ્જે કરી તેનું દોહન કરવાની હતી. તેથી તેમણે વન પર અધિકાર જમાંવી વનમાં વસતા સમુદાયોને લગભગ વંચિત કરી દીધા. ઉપયોગના કેટલાક અધિકારો આપ્યા, પણ તેમનું આધિપત્ય સમાપ્ત કરી દીધું. જમીનદારો, શાહૂકારો અને કંત્રાટીઓએ આદિવાસીઓનું ખૂબ શોષણ કર્યું. દેશમાં આદિવાસીઓ અને તેમના વિસ્તારો પ્રત્યેની સભાનતા સૌ પ્રથમ તત્કાલિન અંગ્રેજ સરકારના ઇ.સ.1870ના કાયદામાં દેખાઇ. ત્યાર બાદ ઇ.સ. 1974, 1919 અને 1935 ભારતીય કાયદાઓમાં સુધારા વધારા સાથે વિભિન્ન રીતે આદિવાસીઓની ઓળખ ચાલુ રહી. અને આદિવાસી વિસ્તારોને પછાત વિસ્તારનો દરજ્જો આપી, ત્યા વિશેષ રક્ષણ માટે પ્રયત્નો થયા. ટૂકમાં અંગ્રેજોની આવી અલગતાવાદી નીતિને કારણે આદિવાસીઓ ગરીબી, શોષણ, કુપોષણ, દબાણો, રોગો અને અજ્ઞાનતામાં પીડાતા રહ્યા. આદિવાસી વિકાસના નામે અંગ્રેજોએ ઇ.સ. 1947 સુધી સંખ્યાબંધ નિયંત્રણો હેઠળ આદિવાસીઓને દબાવી દીધા હતા.

આના લીધે આ સમૂહોનો નૈસર્ગિક વિકાસ થંભી ગયો અને તેઓ બેહાલ થઈ ગયા. ઇતિહાસ દર્શાવે છે કે 'વિકસેલા' દેશ ને રાજયની નીતિઓએ આદિવાસી સમુદાયના સામાજિક તથા સાંસ્કુતિક પરિવેશને લગભગ અવગણ્યા છે. બિન-આદિવાસી સમાજને આદિવાસી વિસ્તારોમાં વણવપરાયેલાં કુદરતી સંસાધનો, ખાસ કરીને જંગલ તથા ખનીજ,નાં ઉપયોગ (આગળ વધીને શોષણ)માં રસ હતો. આવા આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે ગાંધીજી એટલા જ તત્પર હતા જેટલા અન્ય શોષિત સમાજો માટે. ગાંધીજીના સાથીદારોએ આદિવાસી સમાજ સાથે ખૂબ કામ કર્યું અને ગુજરાતના આદિવાસી સમાજને ગુજરાતના અન્ય સમાજ સાથે દૂધમાં સાકરની જેમ ભળી જવામાં ઘણી મદદ કરી. ગાંધીજીના નિકટના સાથીદાર ઠક્કરબાપા અને ગાંધીવિચારને અનુસરી જીવી જાણનાર ‘વેડછીનો વડલો’ જુગતરામ દવે જેવી સંવેદનશીલ અને કાબેલ વ્યક્તિઓએ પૂરી વિનમ્ર નિષ્ઠાથી આદિવાસીઓમાં સામાજિક અને શૈક્ષણિક અને તે થકી આર્થિક પરિસ્થિતિમાં સુધાર લાવવાના સરાહનીય કાર્યો કર્યાં છે. આઝાદી પૂર્વે અંગ્રેજ રાજ્યે આ પ્રજાનું શોષણ જ કરેલું, ત્યારે રાજનૈતિક અને સામાજિક ચેતના જગાડવાનું કામ ગાંધીજીના સહયોગીઓએ કર્યું. આઝાદી પછી આ સમાજના વિકાસ માટે પ્રયત્નો શરૂ થયા.

તત્કાલીન વડાપ્રધાન આદિવાસી પંચશીલ માટે જાણીતા બન્યા, જેનો મુખ્ય સૂર આવા વનાધારિત સમૂહોની ઓળખ અને અસ્મિતા જાળવી રાખવાનો હતો.

હિંદુસ્તાનમાં આ રસ અંગ્રેજ શાસન દરમિયાન વધ્યો અને સ્વાતંત્ર્ય બાદ પણ સ્થિતિમાં નોંધપાત્ર સુધારો જણાતો નથી. વન હેઠળના વિસ્તારની ગુણવત્તામાં ઘટાડો નોંધાયો છે. અંગ્રેજ શાસન દરમિયાબ હિંદુસ્તાનની વનનીતિ અને તેનાં દુષ્પરિણામો સંદર્ભે કરે અભયાશો ના વિશ્લેષણ અત્યંત મહત્ત્વનું બની રહે છે. સાથે આ સમુદાયનું શ્રમસાધન તરીકે પણ શોષણ થયું. અલબત્ત, વર્તમાન સમયમાં તો આ વિસ્તારના કુદરતી સંસાધનોનાં શોષણમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ અગ્રેસર બની છે. પરિણામે હિંસક અથડામણોનું પ્રમાણ પણ વધ્યું છે.

## ૨.૪ સ્થાનિક આદિવાસીઓના પરંપરાગત અને આધુનિક વ્યવસાયો

ભારત દેશમાં વનમાં અથવા તેની આસપાસ વસીને વનાધારિત જીવન વ્યતીત કરનારા લોકોની ઓળખ તેમના સમૂહના નામે થતી. આઝાદી પહેલાં અને પૌરાણિક કાળમાં વનવાસી કે અરણ્યવાસી એવા ઉલ્લેખ મળે છે, પરંતુ દરેક વિસ્તારમાં વસતા વનવાસીઓની પોતાની વિશિષ્ટ ઓળખ હતી. ભારતની સભ્યતા અને સંસ્કૃતિમાં ગમે તે સમુદાય આદિવાસી તરીકે ઓળખાતો ન હતો, કારણ કે કોઈ પણ વિસ્તારમાં મૂળ વાસીઓ જ હોય અને તેઓ બીજી સંસ્કૃતિના સંપર્કમાં ન જ આવ્યા હોય તેવું ભાગ્યે જ બન્યું હશે. જુદા-જુદા કાલખંડમાં કેટલીક પ્રજાએ વનોમાં વાસ કરી તેને અનુકૂળ સંસ્કૃતિ વિકસાવી. નદી કિનારે અને મેદાનોમાં વસનારાઓએ કૃષિસભ્યતાનો ખૂબ વિકાસ કર્યો તેમ જ સભ્યતા અને સંસ્કૃતિના નવા અને પરિવર્તનશીલ માપદંડો અપનાવ્યા. પ્રાકૃતિક રીતે આદિમાનવના અસ્તિત્વ બાદ તેની રક્ષણ અને ભક્ષણ(શિકારી પ્રવૃત્તિ)ની જીવનશૈલી પણ પ્રાકૃતિક હતી. અકસ્માતે શોધાયેલાં અગ્નિ અને ચક્રને સાથે માનવની પ્રયોગશીલતાનાં કારણે જીવન સલામત બન્યું, તો ખેતી સાથે પશુપાલને માનવજાતિને સ્થિરતા બક્ષી. માનવ અસ્તિત્વથી પ્રવર્તમાન ભૌતિકવાદી જીવનશૈલી સુધીનો આધુનિક વિકાસ તબક્કાવાર થયો છે. સમૂહમાં જીવતો સમાજ ઔદ્યોગીકરણનાં કારણે વ્યક્તિકેન્દ્રિત બન્યો.

તેની સરખામણીમાં વનોમાં રહીને કૃષિસભ્યતાથી અલિપ્ત રહી જીવનારા 'પછાત' કહેવાયા. આદિવાસી સમાજમાં આર્થિક દરજ્જો તથા માનવ વિકાસના માપદંડને ઉપર લાવવાના પ્રયાસો હાથ ધરાયા છે, તો બીજી તરફ આ સમુદાયના કુદરતી તથા માનવીય સંસાધનોનું શોષણ પણ આયોજનબદ્ધ થઈ રહ્યું છે. પ્રારંભે આદિવાસી સમુદાયમાં શોષણ અંગે કોઈ વિરોધ ન હતો, પરંતુ સમયાંતરે આ શોષણમાં વધારો થતો ગયો, સમુદાયની આજીવિકા પર નકારાત્મક અસર પડતાં સંઘર્ષ થવા લાગ્યા અને તેનું પ્રમાણ તથા ટેવતરા પણ વધતાં

ગયાં. દેશના આદિવાસી વિસ્તારોમાં નક્સલવાદી તથા માર્ક્સવાદી ચળવળોનો પણ પ્રારંભ થયો. ગુજરાતમાં ગાંધીવિચારથી આદિવાસી બહુલ ક્ષેત્રોમાં પગ વાળીને બેઠેલા કાર્યકરોનાં કારણે લડત અહિંસક રહી, પરંતુ વર્તમાંન સમયમાં સ્થિતિ બદલાઈ રહી છે. આ જ કારણે રાજ્યની આદિવાસી પ્રદેશની વિકાસ નીતિ કુદરતી સંસાધનો, ખાસ કરીને જંગલ,નાં સંવર્ધનની સાથે આજીવિકા સર્જનની પણ  રહેવી અનિવાર્ય છે.

## ૨.૫ સ્થાનિક આદિવાસી વિસ્તારના કુદરતી સંસાધનનો અને આર્થિક વિકાસ

### (વિકાસની સ્થાનિકોના મતે પરિભાષા )

વિકાસ એક બહુ આયામી વિભાવના છે. તેથી વિકાસની વિભાવના સમયાંતરે બદલાતી રહી છે. શરૂઆતમાં એટલેકે વીસમી સદીના પ્રથમ છ દશકાઓમાં વિકાસનો ખ્યાલ ઉદ્યોગો, વિજ્ઞાન અને ટેકનોલોજી સાથે સંકળાયેલા હતો. દાયકાઓ પછી આ ખ્યાલ અધુરો લાગ્યો. આ પ્રકારની વિકાસ પ્રક્રિયામાં એક પ્રકારે એવી માન્યતા હતી કે ટ્રિકેલ ડાઉન થિયરી એટલે કે વિકાસના લાભો પ્રારંભિક અવસ્થામાં સમાજના સંપન્ન વર્ગમાંથી શરૂ થઈને નીચલા વર્ગ સુધી પહોંચશે. 1970 ના વર્ષ પછીએવું સાબિત થઈ ગયું હતું કે ડાઉન થિયરી તેના મૂળ સ્વરૂપમાં કાર્ય કરી રહેલ નથી. એટલે કે સમાજમાં જે વિકાસ થઈ રહ્યો છે જે ઉત્પાદન  વધારો થઈ રહ્યો છે એટલે કે જીડીપીમાં થયેલ વધારો તે છેવાળાના માનવીઓ અને ગરીબો સુધી પોતાના લાભ પ્રસારી રહ્યો નથી. આ સંજોગોમાં એ પણ જોવામાં આવ્યું કે ગરીબ વર્ગ વધુ ને વધુ ગરીબ થતો જાય છે અને અમીર વર્ગ વધુ ને વધુ અમીર થતું જાય છે. આવા સંજોગોમાં વિકાસને નવા આયામો ઉમેરીને વૈકલ્પિક રીતે વ્યાખ્યાયિત કરવાની જરૂરિયાત ઊભી થઈ.  વિકાસને વૈકલ્પિક સ્વરૂપે 1980 ના દસ્તામાં અમૃત્ય સેન અને અન્ય વિકાસ અર્થશાસ્ત્રીઓની મદદથી માનવ વિકાસ તરીકે વિવિધ માનવીય આયમો સાથે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો. આદિવાસી વિકાસને પણ હવે માત્ર ભૌતિક વિકાસ અને સંસાધનોની પ્રાપ્તિ પૂરતો સીમિત ન રાખતા તેને પણ માનવીય અભિગમ સાથે માનવ વિકાસના પરિપ્રેક્ષમાં જોવા જઈએ.આ પ્રકારનો વિકાસ અમીર અને સંપ્પન વર્ગને જ સ્પર્શતો હતો.

21 મી સદીમાં વિકાસની પરિભાષાને એક નવી સમસ્યાઓનો સામનો કરવાનો આવ્યો અને તે હતો કુદરતી સંસાધનોની અછત અને પ્રદૂષણના પ્રશ્નો. કોઈ પણ વિકાસ કુદરતને નષ્ટ કરીને જુઓ લાંબા સમય સુધી કાર્યરત રહે તો દુનિયાને સમજાવ્યું કે જળવાયું પરિવહન અને સમગ્ર કુદરતના અસ્તિત્વ સામેથી એક મોટો પડકાર આવીને ઊભો રહેશે. આ ચિંતન માંથી વિકાસ માટે નિભાવ સમવ વિકાસ અથવા તો ટકાઉ વિકાસનો ખ્યાલ વિકસ્યો.  આદિવાસીઓના વિકાસને પણ ટકાઉ વિકાસના ખ્યાલ સાથે સાંકળવું જ રહ્યો કારણકે આદિવાસી વિકાસ તેના

મૂળ સ્વરૂપે કુદરત ઉપર વધારે અવલંબિત એવા કુદરતી જીવન જીવતા આદિવાસી સમુદાયનો વિકાસ છે જો તેમના કૂદરતી સંસાધનો અને પર્યાવાસને નુકસાન પહોંચાડવામાં આવશે તો આ રસ્તે થયેલો આદિવાસી વિકાસને લાંબા સમય સુધી નિભાવી શકાશે નહીં અને આમ આદિવાસી વિકાસ તે ટકાઉ વિકાસ હોવો જોઈએ તેઓ પણ ખ્યાલ વર્તમાન સમયમાં પ્રવર્તમાન છે. આથી સર્વસ્પર્શી, સમતોલ અને નિભાવક્ષમ/ટકાઉ વિકાસનો ખ્યાલ વધારે પ્રવર્તવા લાગ્યો. પર્યાવરણ સાથે સંતુલન જાળવીને લાંબાગાળાનો ટકાઉ વિકાસની ચર્ચા થવા લાગી. આ ચર્ચા આજે વધારે સ્વીકાર્ય પણ બનવા લાગી છે.

વર્તમાન સમયમાં જેને વિકાસ પામેલું વિશ્વ કહેવામાં આવેછે તે પશ્ચિમના દેશોમાં ભૌતિક વિકાસવાળા એટલે કે સુખ-સગવડના સાધનોની ઉપલબ્ધિવાળા સમાજને સુખી સમાજ માનવામાં આવતું હતું. જોકે હવે તેના પ્રશ્નોની છણાવટ કરતા જણાયું છે કે આ વિકાસ પણ ઘણો મર્યાદીદ દ્રષ્ટીકોણ ધરાવે છે. આ મર્યાદી દ્રષ્ટિકોણ માં માત્ર સાધન સુખ સગવડોની પ્રાપ્તિને વિકાસ ગણવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં કહીયેતો આ દૃષ્ટિકોણમાં આર્થિક વૃદ્ધિને વિકાસ માનવાનું વલણ છે. છેલ્લે આપણે એમ કહી શકીએ કે હવે વિકાસનો અર્થ માત્ર આર્થિક વિકાસ બદલાઈને હવે માનવીનો વિકાસ થયો છે. માનવ વિકાસમાં માનવ ક્ષમતાઓનું વિસ્તરણ, પસંદગીનો વ્યાપ, સ્વાતંત્રયના વિકાસ અને માનવ અધિકારોના અમલ રૂપે આર્થિક વિકાસના સાહિત્યમાં સ્વીકાર પામવા યોગ્ય છે. માનવ વિકાસ કેવળ શિક્ષણ, આરોગ્ય પોષણ અને સંસાધનો પર નિયંત્રણ કરતા કંઈક વધુ બાબતોને સંકેત કરે છે. માનવીએ તો ક્ષમતાઓનો વિકાસ, એક એવી રાજકીય સામાજિક આર્થિક પરિસ્થિતિનું નિર્માણ થાય કે જેમાં પ્રત્યેક નાગરિકની સામે વિકલ્પોની પ્રાપ્તિ હોય તેને વિકાસની નવી પારિભાષામાં મહત્વ આપવામાં આવે છે.

વિકાસની પ્રક્રિયા સામાન્ય પરિભાષામાં મુકીએ તો વ્યક્તિગત ક્ષમતાઓ નું વર્ધન અને તેના માટે વિકલ્પોની પ્રાપ્યતા. ટૂંકમાં હવે આ બૃહદ અર્થમાં વ્યાખ્યાયિત થયેલ વિકાસ વિભાવનામાં અંતર સમાવિષ્ઠ એવા વિકાસને માપવા માટે આર્થિક અને બિનઆર્થિક તેની સાથે સાથે વ્યક્તિગત તેમજ સામુહિક એમ અનેક પરીમાંણો નો સમાવેશ કરવામાં આવે છે. બિન આર્થિક માપદંડોને હવે માનવીય વિકાસના નિર્દેશકો તરીકે ઓળખવામાં આવે છે. આ નિર્દેશકોમાં શિક્ષણ સ્વાસ્થ્ય અને વિવિધ વ્યવસ્થા, સંસ્કૃતિ, મનોવલણ વિકાસ વગેરે બાબતોનો સમાવેશ કરાશે.

આદિવાસી સમાજમાં આદિકાળ થી જ જીવનના વિવિધક્ષેત્રોમાં વિવિધ હુન્નર, વિવધ કલા વિકાસ પામેલ જોવા મળે છે. આ વૈવિધ્ય સફર કળા કવશલ્યો ને વધુ વિકસાવવા માટે તકો ઉપલબ્ધ કરાવવી તેમના વાક્તિત્વ વિકાસ કરવો જોઈએ. આ પ્રકારના વ્યક્તિત્વ વિકાસ

થાકી તેમની અન્ય ક્ષમતઓ વિકાસ પામશે જે તેમના સમગ્ર વિકાસ પ્રક્રિયાને ઊંચા આયામો ઉપર પ્રસ્થાપિત કરવામાં મદદ કરશે.

ગુજરાતમાં આદિવાસી વિકાસની ચર્ચા કરીએ ત્યારે તેના વૈવિધ્યતા સભર આદિવાસી સાંસ્કૃતિક વિસ્તારોના સંદર્ભે વિવધ સમૂહોના વિકાસની રૂપરેખા ઘડવી જોઈએ અને તેના મુજબનું આયોજન થવું જોઈએ. વિવિધ સંસ્કૃતિઓ અને આ સાંસ્કૃતિક ફેરફારોમાંમાં ભૌગોલિક પરિપેક્ષ્ય પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આદિવાસી પ્રદેશની ભોગોલિક અને સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખીને આદિવાસી વિકાસ સંદર્ભે વિચાર કરવો જોઈએ કારણ કે આમ કરવાથી જ તેમની આગવી વિકાસ જરૂરિયાતોને ન્યાય આપી શકાશે. ગુજરાતના વિવધ આદિવાસી વિસ્તારોની ભૂગોળ ભિન્ન ભિન્ન છે. તેથી આ વિસ્તારના ભોગોલિક અને સાંસ્કૃતિક વિવિધતા જોવા મળે છે આ સંસ્કૃતિક ભીન્નાતાઓ હોવાથી પ્રદેશવાર આદિવાસીઓમાં ભિન્ન-ભિન્ન કળા સોશલ્યો અને ભિન્ન-ભિન્ન પ્રતિભા જોવા મળે છે. આદિવાસીઓમાં રહેલી પ્રતિભાને ઓળખી તેને વધારે વિકસાવવી તે પ્રાથમિક શાળા ના સ્તરેથી થતું કાર્ય છે તેના માટે આદિવાસી પ્રાથમિક શાળાઓને આ માટે સજ્જ કરવી જોઈએ.

આદિવાસી વિસ્તારમાં પ્રાકૃતિક સંપદા જેવીકે જળ સ્રોત,જંગલ વગેરે સવિશેષ પ્રમાણમાં હોવાથી, આ તમા પ્રાકૃતિક સંપદાના આધારે અને આ સંપદા આધારિત તેમનામાં વિવધ કૌશલ્ય વિકાસવવા પ્રયાસ કરવો જોઈએ, જેના માટેની તાલીમ વ્યવસ્થાઓ શાળા સ્તરેથી નિર્માણ થાય તેવા પ્રયત્નો થવા જોઈએ. આ પૈકીને ઘણી તાલીમ આધુનિક સ્વરૂપની હશે તો ઘણી પરંપરગત સ્વરૂપની હશે અહી એ નોધવું જોઇયેકે જો પરંપરાગત હોય તો તે તે તાલીમ આપનાર સ્થાનિક હોય અને તે તાલીમ કાર્યક્રમ સ્થાનિક ભાષામાં નિર્માણ થયેલ હોય, આ માટે જરૂરી તમામ મદદ અને અનિવાર્ય એવા આધુનિક ટેકનિક જ્ઞાન/સપોટ સરકાર દ્વરા આધુનિક સ્વરૂપમાં આપવું જોઈએ. આદિવાસી ક્ષમતા વિકાસ તે અંતિમ ધેય હોય તેની પ્રાપ્તિ માટે અનિવાર્ય તમામ પગલા સરકાર દ્વારા લેવાય તે સુનિશ્ચિત થવું જોઈએ.

પ્રત્યેક આદિવાસીમાં રહેલી કલા કે હુન્નરનો વિકાસ થાય તે માટે અત્યંત જરૂરી પરિબળ છે કે તેમના દ્વરા ઉત્પાદન કરવામાં આવેલ વસ્તુ કે સેવાને યોગ્ય બજાર મળે, જો બજાર મળશે તો તેમને આર્થિક પ્રોત્સાહન આપી શકાશે. આર્થિક પ્રોત્સાહન મળતા વ્યક્તિ પોતાની રીતેજ કળા કવશલ્યોના વિકાસ માટે પ્રોત્શાહિત થશે. આ પ્રકારના આદિવાસી હુન્નર કે કલાને પ્રાધાન્ય આપી સ્થાનિક શેક્ષણીક સંસ્થાઓ ના સ્તરે વિકસાવવું જોઈએ. બજારની પ્રાપ્યતા કરવવા માટે સ્થાનિક સ્તરે બજાર ઊભુ કરવામાં આવે અને પ્રવાસન ઉદ્યોગના પુરક તરીકે આ બજાર વિકાસને પ્રાધાન્યતા આપવામાં આવશે તો સરકારી પ્રવૃતિઓમાં ઘણા આવશે સરળતા રહેશે તેવી અપેક્ષા રાખી શકાશે.

## ૨.૬ આદિવાસી વિકાસ અંગેના વિવિધ ખ્યાલો અને ગેરમાન્યતાઓ:

દુનિયામાં એક એવી વિચારધારા પ્રવર્તે છે કે આદિવાસી વિસ્તારમાં માળખાકીય સગવડ ઊભી કરવામાં આવશે તો તેમનો આર્થિક વિકાસ થઈ જશે. જોકે માત્ર માખણકીય વિકાસ કરવાથી આદિવાસી વિકાસ થશે તે માન્યતા ભરેલી છે. હા એ બાબત ચોક્કસ છે કે માળખાકીય શરતોના વિકાસના અભાવે આદિવાસી વિકાસ અવરોધ પામશે. અલબત્ત એ બાબત પણ નક્કી છે કે આર્થિક વિકાસની પ્રાથમિક જરૂરિયાત માળખાકીયનો વિકાસ છે. પરંતુ અહીં એ બાબતની સ્પષ્ટતા કરવી અનિવાર્ય છે કે માત્ર માળખાકીય સમૃદ્ધ ના વિકાસ કરવાથી આદિવાસી વિકાસ થશે તેવી માન્યતા ભૂલ ભરેલી છે અને માળખાકીય શરતો ના ઉપરાંત માં પણ આદિવાસી આર્થિક વિકાસ ઘણી બધી જરૂરિયાત માંગી લેશે તે બાબતે ગંભીરતા લાવવા માટે ઉપરોક્ત વિષય અહીં ચર્ચા કરવામાં આવે છે.

આદિવાસી વિકાસ માટે એક અન્ય ગેરમાન્યતા એવી વ્યાપ્ત છે કે જો આદિવાસી સમુદાય માટેની સ્પેશ્યલ યોજનાઓનો અમલ કરવામાં આવશે તો તેઓ આ યોજનાઓના લાભ થકી આર્થિક વિકાસ પામશે. અલબત્ત અહીં પણ આપણે એવું જ કહેવું જોઈએ કે યોજનાઓની ગેરહાજરીમાં આદિવાસી આર્થિક વિકાસ અત્યંત ધીમુ સાબિત થશે. પરંતુ જો માત્ર યોજનાઓ ઉપર જ મદાર રાખવામાં આવશે તો તેના વિશ્વાસે બેસી રહેવું પણ ઠગારું સાબિત થશે. માત્ર યોજનાઓ થતી આદિવાસી આર્થિક વિકાસ થશે તેવી માન્યતા ભૂલ ભરેલી સાબિત થશે. કારણકે આદિવાસીઓ માટેની સ્પેશિયલ યોજનાઓ મોટાભાગે આદિવાસીઓના એ સમુદાયમાંથી સ્વીકારવામાં આવે છે કે જે તુલનાત્મક રીતે વધુ સક્ષમ અને વિકસિત હોય છે. આવા સંજોગોમાં આદિવાસી સમુદાય માટેની યોજનાઓનો લાભ લઈને એ જ વર્ગ સક્ષમ થશે કે જે પહેલેથી જ વધારે વિકસિત છે. પરિણામ એ આવશે કે છેવાડાનો અને અલ્પવિષિત એવો આદિવાસી વર્ગ ક્યારેય પણ વિકાસના લાભ યોજનાઓ થકી મેળવી શકશે નહીં.. આમ આદિવાસી વિકાસને માત્ર યોજનાઓ પૂરતો સીમિત ન રાખીને યોજનાથી પણ વિશેષ અર્થઘટન સાથે જોવા જઈએ.

આદિવાસી વિકાસ અંગે અન્ય એક ભૂલ ભરેલી માન્યતા એવી છે કે તેમના પરંપરાગત વ્યવસાયોને જો વધુ સબ્જેક્ટ કરવામાં આવશે જેવા કે તેમની ખેતીને વધુ પ્રાધાન્ય આપવામાં આવે તેવો જે કુદરતી સંસાધનો સાથે સંકળાયેલા છે તેવા જળ સંસાધનો અને જંગલ સંસાધનોને આધારે જ અથવા તો તેના આશ્રિત વિકાસ પ્રક્રિયા કરવામાં આવશે તો જ તેમનો આર્થિક વિકાસ ઝડપી થશે. આ માન્યતામાં પણ ક્ષતિ જોવા મળે છે કારણ કે જળ સંપદા અને જમીન સંપદા વિકાસની સ્થિતિજોમાં ઘણી મર્યાદાઓ ધરાવે છે.

આદિવાસી વિકાસ માત્ર આદિવાસીઓનું શિક્ષણ નથી તેમની તાલીમ અને હુન્નરોનો વિકાસ નથી પરંતુ આદિવાસી આર્થિક વિકાસ તે આ બધા રસ્તાઓ થકી એક બૃહદ દર્શન છે કે જેમાં આદિવાસી ક્ષમતાઓનો વિકાસ અને આદિવાસી સંસ્કૃતિઓનું કુદરતી પ્રક્રિયા દ્વારા પાંગરવું.
જ્યારે પણ આદિવાસી આર્થિક વિકાસની વાત કરવામાં આવે છે ત્યારે હંમેશા એક ચર્ચા વેગ પકડે છે અને તે એ છે કે આદિવાસીઓમાં વ્યાપ્ત વ્યસન અને અંધશ્રદ્ધા ના કારણે તેમનો આર્થિક વિકાસ રૂંધાયેલો છે જો તેમના વ્યસન અને અંધશ્રદ્ધાને દૂર કરવામાં આવશે તો જ તેમના આર્થિક વિકાસને ગતિ આપી શકાશે. આ માન્યતા પણ મર્યાદિત છે. કારણ કે અંધશ્રદ્ધા અને વ્યસનથી મુક્ત સમાજ નથી. એ બાબતમાં પણ એટલું જ સત્ય છે કે અંધશ્રદ્ધા અને વ્યસન વિકાસની પ્રક્રિયામાં બહુ મોટા અવરોધ સર્જન કરી શકે છે.આમ માત્ર એટલુજ કહેવુકે વ્યસનના કારણે આદિવાસીઓમાં વિકાસ નથી થતો તે ભૂલ ભરેલ સાબિત થશે..
આદિવાસીના આર્થિક વિકાસ સંદર્ભના ઉપોરોકત વિભિન્ન મંતવ્યોને ધ્યાનમાં રાખી સમગ્ર આદિવાસી સમાજના વિકાસ માટે બહુઆયામી યોજના અને તે કાર્યન્વાયિત કરવામાટે ના વિવધ બહુઆયામી પ્રકલ્પો વિચારવા જોઈએ. પ્રત્યેક આદિવાસી સમાજની પરિસ્થિતિ જુદી-જીડી હોવાથી કહી શકાય કે પ્રત્યેક આદિવાસી સમાજ માટે ના વિકાસનો અભિગમ ને વિકાસ માર્ગો પણ જુદો હશે.

## ૨.૭ ઉપસંહાર:

પ્રસ્તુત પ્રકરણમાં આદિવાસી વિકાસના વિવિધ મંતવ્યો અને જે તે મંતવ્ય ની મર્યાદાઓ વિશે અહીં ચર્ચા કરવામાં આવી છે. આદિવાસી વિકાસ ને કેવી રીતે જુઓ અને નિર્ધારિત કરેલી આદિવાસી હાર્દિક વિકાસની વિભાવનાને કેવી રીતે કાર્યરત કરવી વગેરે જેવા મુદ્દાઓની અહીં છણાવટ કરવામાં આવી. અહીં મુખ્યત્વે આપણે એ જોયું કે આદિવાસી વિકાસ તે એક બહુઆયામી પ્રક્રિયા છે. કોઈ એક બિંદુએથી આદિવાસીના હાર્દિક વિકાસને જોઈ શકાશે નહીં જો આદિવાસીના આર્થિક વિકાસને જોવો હોય તો તેને સમગ્રતહ: જોવો પડશે. આમ કહી શકાય કે જો આદિવાસીના આર્થિક વિકાસને આપણે કાર્યવિધ કરવો હશે તો આપણી કાર્ય યોજના પણ બહુ આઈમી રહેશે.

# પ્રકરણ -3

# જીલ્લાની મૂળભૂત આર્થિક સમસ્યાઓ અને સંભવિત ઉકેલો


| ક્રમ | માહિતી | પાના નંબર |
|---|---|---|
| 3.1 | પ્રસ્તાવના | 18 |
| 3.2 | સુરત અને નવસારી જીલ્લામાં આદિવાસી આર્થીક વિકાસ | 18 |
| 3.3 | પ્રદેશના આર્થિક વિકાસ આડે ના પ્રશ્નો | 19 |
| 3.4 | આદિવાસીમાં સ્થાનાંતર ના પ્રશ્નો અને તેનું નિવારણ | 27 |
| 3.5 | ઉપસંહાર | 28 |

# પ્રકરણ -3

# જીલ્લાની મૂળભૂત આર્થિક સમસ્યાઓ અને સંભવિત ઉકેલો

**3.૧** પ્રસ્તાવના:

સુરત અને નવસારી જિલ્લો અત્યંત પ્રાચીન સમયથી માનવ વસવાહ ધરાવતો હતો. તાપી અને અન્ય નદીની આસપાસ વિકાસ પામેલી આ અત્યંત પ્રાચીન માનવ સંસ્કૃતિ નો ઉલ્લેખ હિન્દુ ધર્મના ગ્રંથોમાં પણ જોવા મળે છે. જોકે આધુનિક પરિવર્તનો ની વાત કરીએ તો. આધુનિક સભ્યતામાં આઝાદી બાદ જિલ્લાઓના વિભાજન થઈને સુરત ભરૂચ વલસાડ અને નવસારી એમ જિલ્લાઓનું નિર્માણ થતું ગયું. અહીં પ્રાચીન બંદરના અસ્તિત્વના કારણે વ્યાપાર અને વાણિજ્ય અત્યંત પ્રાચીન સમયથી વિકાસ પામેલા છે જોકે આ વેપાર અને વાણિજ્યમાં આદિવાસી સમુદાયનો હિસ્સો પ્રાચીનકાળમાં માત્ર ગુલામ સ્વરૂપ નો હતો. અહીં આદિવાસીઓ ઐતિહાસિક રીતે વેપારી જેમાં કોઈ ખાસ પ્રગતિ દાખવી શક્યા ન હતા. જોકે એ વાતની પણ ચર્ચા થવી જોઈએ કે આઝાદી મેળવ્યા બાદ પ્રદેશના આદિવાસી સમુદાય કદમથી કદમ મિલાવીને અન્ય સમુદાયોની સાથે આર્થિક વિકાસની રાહમાં આગળ વધવાનું પસંદ કરેલ છે. આ દ્રષ્ટિ બિંદુથી જોતા સુરત અને નવસારી જિલ્લો અન્ય ગુજરાત રાજ્યના જિલ્લાની તુલનામાં આદિવાસી આર્થિક વિકાસની દ્રષ્ટિએ અગ્રેસર માલૂમ પડે છે.

## 3.૨ સુરત અને નવસારી જીલ્લામાં આદિવાસી આર્થીક વિકાસ

સુરત અને તેની આસપાસના પ્રદેશ એવા નવસારી જિલ્લાના આદિવાસી આર્થિક વિકાસ સંદર્ભના અભ્યાસ કરતા નીચેના મુદ્દાઓને આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે. આર્થીક સમસ્યાઓ અને સંભાવના, સ્થાનિક શિક્ષણીક સમસ્યાઓ ,સ્થાનિક શૈક્ષણીક અને માનવ સંસાધન વિકાસની સમસ્યાઓ, સ્થાનિક શૈક્ષણીક સમસ્યાઓ,સ્થાનિક માનવ સંસાધન વિકાસની સમસ્યાઓ, તાલીમ અને કોશલ્ય વર્ધનના પ્રશ્નો, જીલ્લાના આદિવાસીઓના પરંપરાગત અર્થતંત્ર સામે આધુનિક પડકારો ,ખેતીક્ષેત્રની ચર્ચા, ખેતીક્ષેત્રની સમસ્યાઓ , ખેતીક્ષેત્ર રોજગારીની સંભાવનાઓ, સ્થાનિક નાના અને ગૃહઉદ્યોગક્ષેત્રના વિકાસને નડતી સમસ્યાઓ,સ્થાનિક ઉદ્યોગક્ષેત્રની રોજગારીની સંભાવનાઓ ,સ્થાનિક ઉદ્યોગક્ષેત્રના વિકાસ

સામેના પડકારો, સ્થાનિક ઉદ્યોગક્ષેત્રના વિકાસ માટેના લોકોના સૂચનો ,પરંપરાગત ઉત્પાદનોને આધુનિક બજાર સુસંગત કરવા માટેના સૂચનો

સુરત અને નવસારી જિલ્લો તુલનાત્મક રીતે આધુનિક એવા સુરત શહેરની ખૂબ જ નજીક અસ્તિત્વ ધરાવે છે તેથી અહીંના આદિવાસીઓ ગુજરાતના અન્ય પ્રાંતના આદિવાસીઓની તુલનામાં વિકાસ પ્રક્રિયામાં વધતા ઓછા પ્રમાણમાં પ્રગતિશીલ જણાયા છે. જિલ્લામાં ઔદ્યોગીકરણ અને સેવા ક્ષેત્રનો વિકાસ થયેલો હોવાથી અને તેમાં આદિવાસી સમુદાયનો ઠીક ઠીક હિસ્સો હોવાથી અહીં આ પ્રદેશના આદિવાસીઓ તુલનાત્મક રીતે વિકાસ પ્રક્રિયામાં અગ્રેસર રહ્યા છે. અહીંની ખેતી પણ ઘણી સમૃદ્ધ છે વળી અહીં જંગલ અને ડુંગરાળ પ્રદેશો જેવી ભૌગોલિક સમસ્યાઓ પણ નથી. વિકાસ માટે અત્યંત અનિવાર્ય એવું બજારનું પરિબળ અહીંયા સહજ પ્રાપ્ત થયું છે. આધુનિકતા આ તમામ અનુકૂળતા અને પરિણામે અહીંયા અત્યંત સરળતાથી જોઈ શકાય છે. ઉપરોક્ત કરેલા વિષય સંબંધિત અભ્યાસોમાં પણ આ જ બાબત જાણવા મળી છે

### 3.3 પ્રદેશના આર્થિક વિકાસ આડે ના પ્રશ્નો :

પ્રદેશના આર્થિક વિકાસ આડે ના પ્રશ્નો નીચે મુજબ ચર્ચા કરી શકાય.આદિવાસી વિસ્તારોની રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે અહીંના આર્થિક પ્રશ્નો માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષમાં વણાયેલા છે. પ્રદેશની ગરીબી માત્ર આર્થિક સ્વરૂપ ન ધરાવતા તેની નિસબત સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો ઉપર પણ છે. તેથી પ્રદેશની ગરીબીને માત્ર આર્થિક બિંદુથી જોવું તે ભૂલ રહેશે.

નીચે મુજબની મુખ્ય વિકાસ અંતરાયો સમૂહ ચર્ચા અને પ્રદેશના પ્રત્યક્ષ મુલાકાત દ્વારા જાણવા મળી.

**માળખાગત સુવિધાઓની અછત:**

એક વિકાસશીલ રાષ્ટ્ર તરીકે ભારતના પ્રત્યેક રાજ્ય અને રાજ્યના પ્રત્યેક વિસ્તારમાં માળખાગત સુવિધાઓની અછત વધતે ઘટતે આવશે જોઈ શકાય છે. પરંતુ આદિવાસી વિસ્તારોમાં અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતના અંતરિયાળ છેવાડાના આદિવાસી વિસ્તારોમાં કે જ્યાં જંગલ વિસ્તાર અને ડુંગરાળ પ્રદેશ હોય અહીં આંતર માળખાકીય સુવિધાઓની બહુ જ મોટા પ્રમાણમાં અછત જોવા મળે છે. આંતરમાળખાકીય સુવિધાઓની અછતને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય.

**રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્ક:**

ગુજરાતના પૂર્વ પટ્ટીના અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં રેલવે વ્યવહાર ના બરાબર છે. વળી અહીં રોડ અને રસ્તાઓનું માળખું પણ અત્યંત મર્યાદિત છે. જોકે વસ્તી અહીંયા છૂટી છવાઈ હોય પ્રત્યેક વસ્તીને રોડ રસ્તાથી જોડવી અને તેમાં પણ ડુંગર પ્રદેશમાં રસ્તાઓનું રખ

રખાવ કરવો અત્યંત ખર્ચાળ સાબિત થાય છે. આવા સંજોગોમાં રોડ રસ્તાઓની અછતના પરિણામે આદિવાસી સમાજમાં વિકાસના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. દૂરના વિકસિત સમાજની સંપર્કમાં આવી વિકાસની પ્રક્રિયાને વેગવંતી બનાવવી આદિવાસીઓ માટે કોઈ સહજ બાબત નથી. જ્યાં જાહેર માર્ગ મકાન અને જાહેર પરિવહનની સુવિધાઓ અત્યંત મર્યાદિત હોય ત્યાં સ્થાનિક સમાજ દ્વારા દૂરના વિકસિત સમાજ સાથેનો સંપર્ક અત્યંત મર્યાદિત થઈ જાય છે. આ સંજોગોમાં વિકાસ માટેની પ્રેરણાઓ આ અંતરિયાળ સમાજને ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં મળી રહી છે. સંસાધનો વિપુલ પ્રમાણમાં હોવા છતાં તેને વિકાસ માટે પ્રયોજવા અહીં ઘણા જ મુશ્કેલ છે. ઉત્પાદનની નવી ટેકનોલોજી અને ઉત્પાદનને નવા બજારો સુધી પહોંચાડવું રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્કની અછતના કારણે ઘણું દુષ્કર પુરવાર થઈ રહ્યું છે. રોડ રસ્તા ની અછત અહીંની પ્રવાસન સંભાવનાઓને પણ ઘણી મર્યાદિત બનાવી રહી છે વળી. રોડ રસ્તાઓની અછત અહીંના શિક્ષણ અને સ્વાસ્થ્યને પણ ખૂબ જ નકારાત્મક રીતે પ્રભાવિત કરી રહી છે.

**શિક્ષણ અને સ્વાસ્થ્યસુવિધાઓની મર્યાદાઓ:**

દુર અંતરિયાળ પ્રદેશ ઉપર જણાવવાનું છે રોડ રસ્તા અને પ્રત્યક્ષ સંપર્ક વિહોણો હોય અહીં છૂટી છવાઈ વસ્તીમાં શિક્ષણ અને સ્વાસ્થ્યના પ્રશ્નો પણ અત્યંત વિગત બને છે અહીં શિક્ષણ અને સ્વાસ્થ્ય ની આકૃતિ કરનાર કેળવાયેલ કર્મચારીગણ એટલે કે શિક્ષકો અને તબીબી કર્મચારીઓ આ અંતરિયાળ પ્રદેશમાં પોતા ની ફરજ માટે ઉદાસીનતા દાખવે છે. વળી જે મર્યાદિત શિક્ષણ અને સ્વાસ્થ્યની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે તેનો પણ અવિરત પ્રવાહ મેળવો અત્યંત મુશ્કેલ પડે છે, કારણ કે રોડ રસ્તા અને સંપર્કોની મર્યાદિત સુવિધાઓને કારણે રોજબરોજ આ સેવાઓમાં વિવિધ પ્રકારની ખલેલો ઉદભવે છે ક્યારેક કર્મચારીગણ સમયસર ફરજ ઉપર ઉપસ્થિત નથી થઈ શકતા તો ક્યારેક વસ્તુઓનો સપ્લાય સમયસર મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે આ પરિસ્થિતિને લઈને અહીં શિક્ષણ અને સ્વાસ્થ્યનું સ્તર તુલનાત્મક રીતે નીચું જોવા મળે છે.

**સિંચાઈની સુવિધાઓ:**

ગુજરાત રાજ્યની પૂર્વમાં સરહદી વિસ્તારોમાં આવેલ આદિવાસી સમુદાયની જમીન તેની વિપરીત ભૂગોળના કારણે સિંચાઈની અછત અનુભવી રહી છે. અહીં વરસાદનું પ્રમાણ ખાસ કરીને મધ્ય ગુજરાતના પૂર્વ ભાગો અને દક્ષિણ ગુજરાતના વિવિધ આદિવાસી તાલુકાઓમાં સવિશેષ હોવા છતાં અહીં ખેતી માટે બાર મહિનાની સિંચાઈ સુવિધા ઉપલબ્ધ કરાવવી ઘણી મુશ્કેલ સાબિત થઈ રહી છે. અહીંની ભૂગોળ પ્રમાણે ડુંગરાળ પ્રદેશોમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવો અને સંગ્રહ કરેલ પાણીને નહેર દ્વારા વિવિધ ઉબડખાબડ પ્રદેશોની વચ્ચે આવેલ ખેતરોમાં પહોંચાડવું ટેકનિકલ રીતે પણ ઘણું ખર્ચાળ સાબિત થાય છે, અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા દસકાઓ દરમિયાન નાની સિંચાઈ પૈકી વિવિધ ખેત તલાવડીઓ અને ચેકડેમ, બોરી

બંધ વગેરે પ્રદેશની સિંચાઈ સમસ્યામાં થોડી ઘણી આવશે હળવાશ નું વાતાવરણ સર્જન કરી શક્યા છે. જોકે આ પ્રદેશની ખેતીને વધુ સમૃદ્ધ કરવું હોય તો એની ફળદ્રુપ જમીનને બાર મહિનાની સિંચાઈ પૂરી પાડીને ખૂબ જ મોટા પ્રમાણમાં કૃષિ ક્રાંતિનો અવકાશ રહેલો છે.

**સંદેશા વ્યવહાર ની અછત ;**

ગુજરાતના આદિવાસી વિસ્તારો સદીઓથી અંતરિયાળ અને વણખેડાયેલા રહ્યા હતા. જેના પરિણામ સ્વરૂપે આજે પણ અહીં સંદેશા વ્યવહારની અછત જોવા મળે છે. આજના ડિજિટલ યુગમાં જ્યાં વિશ્વ આંખો ડિજિટલ ક્રાંતિ અને માહિતી ટેકનોલોજીના સહારે વિકાસના ઊંચા આપમાં ઉડાન ભરી રહ્યું છે, ત્યાં ગુજરાતના અંતરિયાળ આદિવાસી વિસ્તાર હજુ ઇન્ફર્મેશન ટેકનોલોજીના જોઈએ તેટલા પ્રમાણમાં લાભ મેળવવામાં અત્યંત મર્યાદિત પ્રમાણમાં સફળતા મેળવેલ છે. અત્રે એક વાત ઉલ્લેખનીય છે કે આદિવાસી સમાજમાં ડિજિટલ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. વિસ્તારની અમારી પ્રત્યક્ષ મુલાકાતો દરમિયાન અમે જોયું કે અહીંના ગામોમાં અને ગામના પ્રત્યેક ઘરોમાં સ્માર્ટફોન હોવો એ અત્યંત સાહજિક બાબત છે. મનોરંજનના એક સાધન તરીકે પણ અહીં ડિજિટલ ટેકનોલોજી ખૂબ જ ઝડપથી લોકપ્રિય બની છે. નવી પેઢીના આદિવાસી બાળકો આ ડિજિટલ ટેકનોલોજી સાથે દુનિયાની સાથે કદમથી કદમ મિલાવીને વિકાસ માટે સજ્જ થઈ રહ્યા છે. આ નવી પેઢીના આદિવાસી બાળકોને જો યોગ્ય સંદેશા વ્યવહારની સગવડો પૂરી પાડવામાં આવે અને તેમને વાજબી ભાવે ડિજિટલ ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં એક નવા જ પ્રકારની ડિજિટલ ક્રાંતિનો અવકાશ છે.

**મત્સ્ય પાલન પ્રવૃત્તિ:**

ગુજરાતના પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકાઓમાં ઇન લેન્ડ ફિશિંગ ખૂબ મોટા પ્રમાણમાં સંભાવનાઓ ધરાવે છે ગુજરાતના મોટાભાગ ની મોટી સિંચાઈ યોજના માટેના બંધ આદિવાસી વિસ્તારોમાં આવેલા છે આ મોટા જળાશયો મત્સ્યપાલન માટે બહુ મોટી શક્યતાઓ ઊભી કરે છે. અહીં વર્તમાન સમયમાં પણ ઘણી મત્સ્ય પાલન પ્રવૃત્તિઓ અસ્તિત્વ ધરાવે છે પરંતુ અહીં ટેકનોલોજી અપગ્રેડ ન થઈ હોવાથી અને સંસાધનોની ખામીના કારણે તથા વ્યવસ્થાપનની મર્યાદાઓને કારણે મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત મર્યાદિત પ્રમાણમાં અસ્તિત્વમાં ધરાવે છે જો યોગ્ય ટેકનોલોજી નો વિસ્તાર કરવામાં આવે અને યોગ્ય મેનેજમેન્ટ પૂરું પાડવામાં આવે તો આ મત્સ્યપાલન પ્રવૃત્તિ અત્યંત વિસ્તૃત થઈ શકે તેવી સંભાવનાઓ છે. વળી આદિવાસી પ્રદેશોની અંદર નાના નાના ચેકડેમ પણ ખૂબ જ મોટા પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે અહીં પણ મત્સ્યપાલન પ્રવૃત્તિ પ્રારંભિક પરંપરાગત ટેકનોલોજી ની મદદથી થઈ રહી છે. જેની અત્યંત નીચી ઉત્પાદકતા છે. જો યોગ્ય બિયારણ પૂરું પાડવામાં આવે અને યોગ્ય પ્રમાણમાં ટેકનોલોજી પૂરી પાડવામાં આવે તો અહીં મત્સ્ય પાલન પ્રકૃતિ તે સ્થાનિક આદિવાસીઓમાં નિર્વાહનું એક બહુ મોટું વિકલ્પ સર્જન થઈ શકે તેમ છે.

**પશુપાલન અને અન્ય ખેત આધારિત પ્રવૃત્તિઓ:**

ગુજરાતના અંતરિયાળ આદિવાસી જિલ્લાઓમાં પશુપાલન પ્રત્યે રાજ્યના અન્ય જિલ્લાની તુલનામાં અત્યંત નિરાશા જનક દેખાવ રહ્યો છે. જોકે સુરત વલસાડ બનાસકાંઠા સાબરકાંઠા જેવા જિલ્લાઓમાં જે પશુપાલન અંતર્ગત પ્રગતિ થઈ છે તેમાં આદિવાસી સમુદાયનો હિસ્સો અત્યંત મર્યાદિત છે. આદિવાસી સમાજ અનાદિકાળથી પશુપાલન પ્રત્યે કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. શિકારી સંસ્કૃતિની નજીક રહેલ આદિવાસી સમુદાય માં પશુપાલન પ્રત્યે ઐતિહાસિક રીતે જ એક પ્રકારની નિરાશા રહેલી છે. જો કે વર્તમાન સમયમાં પ્રગતિશીલ સમાજની દેખાદેખી ની અસર હેઠળ આદિવાસી તાલુકામાં પણ ખૂબ જ ઝડપથી પશુપાલન પ્રત્યેનો અભિગમ બદલાઈ રહ્યો છે અને આદિવાસી સમાજ હવે પશુપાલન પ્રત્યે સજાક બન્યા છે. આદિવાસીના પશુપાલન પ્રકૃતિને અને મરઘા બચકા ઉછેર પ્રવૃત્તિને જો યોગ્ય ટેકનોલોજી અને જરૂરી સાધન સામગ્રી પૂરી પાડવામાં આવે તો તેમની પૂરક આજીવિકા માટે આ એક મજબૂત વિકલ્પ છે. બદલાતા આધુનિક સમયમાં મશરૂમ ઉછેર કેન્દ્ર, મધમાખી ઉછેર કેન્દ્ર વગેરે આજીવિકાના એવા વિકલ્પો છે જે આદિવાસી સમાજમાં અત્યંત ઝડપથી સ્વીકૃત પામશે અને તેમની આર્થિક પરિસ્થિતિના સુધાર માટે ખૂબ જ કારગત સાબિત થશે.

**ગૃહ ઉદ્યોગ અને નાના પાયાનો ઉદ્યોગોનો વિકાસ:**

અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં આઝાદી સમયે એક પ્રકારનું નિર્વાહસ્તરનું જીવન પ્રવર્તમાન હતું.. દેશ અને રાજ્ય આઝાદી બાદના ત્રણેક દસકા દરમિયાન ઠીક ઠીક પ્રમાણમાં આ નિવાહ સ્તરમાંથી પ્રગતિ કરીને ઉત્પાદનની બજાર આધારિત પદ્ધતિ પ્રસ્થાપિત કરે છે પરંતુ ગુજરાતના પૂર્વ પટ્ટીના આદિવાસી તાલુકાઓમાં આ સમય દરમિયાન એટલે કે ઇસવીસન1980 સુધી વિકાસની કોઈ ખાસ ચલ પહેલ જોવા મળતી નથી. અહીંનું નિર્વાહ જીવન સ્તર 1980 સુધી ઠીક ઠીક પ્રમાણ માં જળવાઈ રહે છે 1980 થી 90 ના દશકા દરમિયાન અહીં વિકાસ પ્રક્રિયા ઠીક ઠીક પ્રમાણમાં પ્રારંભ થાય છે. ઇસવીસન 1990 પછી જ્યારે દેશ ઉદારીકરણ અને વૈશ્વિકરણના માહોલમાં પ્રવેશ કરે છે ત્યારે ખાનગીકરણ ની અસર હેઠળ આદિવાસી તાલુકાઓમાં વિકાસ પ્રક્રિયા વેગ બનતી બને છે. તેમ છતાં અહીં આજ દિન સુધી ઔદ્યોગિકરણ ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં વિકસ્યું છે. ગુજરાતમાં જેને ગોલ્ડન કોરિડોર કહીએ છીએ તેની આસપાસ આવેલા આદિવાસી તાલુકાઓમાં ઔદ્યોગીકરણ ઠીક ઠીક પ્રમાણ માં જોવા મળશે પરંતુ તે સિવાયના અન્ય આદિવાસી તાલુકામાં ઔદ્યોગીકરણ અત્યંત મર્યાદિત છે. ઔદ્યોગીકરણના આ મર્યાદિત વિકાસને કારણે આદિવાસી સમુદાયમાં રોજગારીના વિકલ્પો અત્યંત મર્યાદિત થઈ જાય છે. મોટા ઉદ્યોગીકરણના વિકલ્પ તરીકે અહીં ગૃહ ઉદ્યોગ અને નાના ઉદ્યોગોના વિકાસની ખુબ જ સંભાવનાઓ રહેલી છે. આદિવાસી

સમાજના પોતાના પરંપરાગત ઉત્પાદનો માટેના જો નાના પાયાના ઉદ્યોગો વિકાસ પામે તો અહીં રોજગારીની ઘણી જ વૈકલ્પિક શક્યતાઓ નિર્માણ પામી શકે તેમ છે.

**કુદરતી સંસાધનો અને જંગલ પેદાશો:**

આદિવાસી પ્રદેશ મુખ્યત્વે જંગલ પ્રદેશો છે અહીં કુદરતી સંસાધનો અત્યંત વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. જંગલો ઉપરના વસ્તીના દબાણને જોતા જંગલોનું વિનાશ વેગ પકડે તે સ્વાભાવિક છે. જંગલોને જો બચાવવા હોય તે જ પ્રમાણે કુદરતી સંસાધનો જો વિવેક પૂર્ણ ઉપયોગમાં લાવવા હોય તો જે પ્રદેશની આ સંપત્તિ છે તેવા આદિવાસી સમુદાયને આ સંસાધનો સાથે જોડવા પડશે. આદિવાસીઓને આ સંસાધનોમાંથી વિવેક પૂર્ણ આજીવિકા મેળવવા માટે ના અધિકારો આપવામાં આવશે તો તેના પરિણામ સ્વરૂપે જ્યાં આદિવાસી સમુદાયની ગરીબી ઓછી થશે ત્યાં બીજી બાજુ આદિવાસી સમુદાયો અહીં વૈકલ્પિક સ્વરૂપે નિર્વાહના ઘણા બધા રસ્તાઓ મેળવી શકશે. વળી આ પ્રકારના પગલા દ્વારા કુદરતી સંસાધનો અને જંગલના રક્ષણની પણ એક ખાતરી સમાજને આદિવાસી સમુદાય તરફથી મળશે. જંગલ જમીન અધિકાર કાયદો તે આ દિશામાં લેવામાં આવેલું એક કારગત પગલું છે.

**આદિવાસી ખેતી વિકાસ:**

આદિવાસી પ્રદેશોના આર્થિક ઉત્થાન માટે જે મુખ્ય સૂચનો તારવવામાં આવેલા છે તે મુખ્યત્વે આદિવાસી પ્રદેશોની વ્યક્તિગત મુલાકાત અને સમુહ ચર્ચા દ્વારા નિસ્પંદ થયેલા છે. વિવિધ પ્રદેશોની વિવિધ ભૂગોળ અને તેના વૈવિધ્યસભર ભૌગોલિક સંજોગોને ધ્યાનમાં લેતા વિવિધ પ્રકારની સંભાવનાઓ ઉદભવે છે. ખેતી ક્ષેત્રે જે આદિવાસી મેદાની પ્રદેશો છે ત્યાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવીને સિંચાઈની પ્રગતિને વેગમાન બનાવી શકાય તેવી ઘણી સંભાવનાઓ રહેલી છે. ટેકનોલોજી ની કૃષિ ક્ષેત્રમાં અપગ્રેડેશન દ્વારા આદિવાસી કૃષિને પ્રગતિશીલ બનાવીને તેની ઉત્પાદકતા વધારી શકાય તેવા સંજોગો નિર્માણ પામેલા છે. પરંતુ અહીં પ્રશ્ન એ છે કે આ પ્રકારના મેદાની ભૌગોલિક વિશિષ્ટતા ધરાવતા પ્રદેશો કેટલા? અત્યંત મર્યાદિત કહી શકાય તેવા તેવા આદિવાસી પ્રદેશો આ પ્રકારની વિશિષ્ટતા ધરાવે છે કે જે જગ્યાએ સિંચાઈના અભ્યાસ વધારીને આદિવાસી કૃષિને વધુ ઉત્પાદક બનાવી શકાય તેવા સંજોગો છે. અન્ય આદિવાસી પ્રદેશો માટે એમ કહી શકાય કે સંસ્થળ ન હોય તેવા ડુંગરાળ પ્રદેશોમાં ખેતીને જો વધુ ઉત્પાદક બનાવી હોય તો ખેતીમાં આધુનિક પ્રયોગો કરવા અનિવાર્ય થશે. આ પ્રયોગોમાં ખેતી ક્ષેત્રે વિવિધ આધુનિક પાકો જેવા કે સ્ટ્રોબેરી, કાજુ અને વિવિધ પ્રકારના મશરૂમ જેવા બિન પરંપરાગત અને વધુ વ્યાપાર સંભાવનાઓ ધરાવતા પાકો ઉપયોગમાં લેવામાં આવશે તો આદિવાસી ખેતી ને વધુ ઉત્પાદક બનાવીને આદિવાસી પ્રદેશોમાં કુટુંબોને એક સદર અને નિશ્ચિત રોજગારી આપવી શક્ય બનશે.

**આદિવાસી પ્રદેશોમાં સેવા ક્ષેત્રનો વિકાસ:**

આદિવાસી પ્રદેશો તેના કુદરતી સૌંદર્યને લઈને લોકોમાં અને સ્થાન ધરાવે છે. અહીં જંગલ આચ્છાદિત ડુંગરો, આ વનરાજીની વચ્ચે તેમનું કુદરતી નિવાસ આદિવાસી પ્રદેશોના વિવિધ પ્રાણી અને પક્ષીઓ જંગલ નદી નાળા વગેરે પ્રવાસન માટેની જરૂરી એવી પ્રાથમિક આકર્ષણની વસ્તુઓ છે. આ અર્થમાં જોઈએ તો આ પ્રદેશોમાં આદિવાસી પ્રવાસન અને ઈકો ટુરીઝમ ખુબ જ સંભાવનાઓ ધરાવે છે. આદિવાસી સંસ્કૃતિ પોતે પણ એક પ્રવાસન આકર્ષણનું કેન્દ્ર છે. ગુજરાતની તમામ ભૌગોલિક પ્રદેશો પ્રવચન નાઆકર્ષણ માટે અને અલાયદ સ્થાન ધરાવે છે. વર્તમાન સમયમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી નું નિર્માણ જે તે પ્રદેશની એક મોટું કારણ સાબિત થયેલું છે. આવનારા સમયમાં ગુજરાતની સંપૂર્ણ પૂર્વ પટ્ટી કે જે આદિવાસી રહેણાંક વિસ્તાર છે તેમાં પ્રવાસ પર્યટનની ખૂબ જ વિશાળ સંભાવનાઓ રહેલી છે. આ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને પ્રદેશના સ્થાનિક આદિવાસીઓને જો યોગ્ય પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે અને તેમની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને અલાયદી યોજનાઓનું ઘડતર કરવામાં આવે તો આ પ્રદેશોમાં પ્રવચન ઉદ્યોગ સ્થાનિક લોકોની રોજગારી માટે એક બહુ જ મોટો વિકલ્પ પુરવાર થઈ શકે તેમ છે. સેવા ક્ષેત્રના અન્ય વિકલ્પોની જો તપાસ કરવામાં આવે તો આદિવાસીઓ દ્વારા તેમની પરંપરાગત ઉપચાર અને સારવાર પદ્ધતિઓ સવિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહે તેમ છે. આદિવાસી ભગત ભુવાઓ દ્વારા જે તે સ્વાસ્થ્ય સમસ્યાઓ તેમની પરંપરાગત પદ્ધતિઓ દ્વારા તૈયાર કરવાની એક અલાયદી વ્યવસ્થા વિકસાવી રહી છે. સરકારી નિયંત્રણો દ્વારા જો આ પ્રકારની ઉપચાર પદ્ધતિને યોગ્ય પ્રોત્સાહન આપી વિકસાવવામાં આવે તો સ્વાસ્થ્યની પ્રાથમિક સમસ્યાઓમાં આ પ્રકારની સારવાર પદ્ધતિઓ લોકોમાં ટીક ટીક પ્રમાણમાં સ્વીકાર્યતા પામશે. સેવા ક્ષેત્રે ખૂબ જ ઊંચી રોજગારી સાપેક્ષતા ધરાવે છે. સેવાના વિકલ્પો આદિવાસી યુવાઓમાં તાલીમ અને કૌશલ્ય વર્ધન દ્વારા વિસ્તારી શકાય તેવી ખૂબ ઊંચી શક્યતાઓ છે. અગાઉ વાત કરી તેમ આદિવાસી ક્ષેત્રોમાં વિકાસ પામે છે તો તેના પરિણામ સ્વરૂપે પ્રવાસને પૂરક એવા પ્રવચન ગાઈડનો વિકાસ, પ્રવાસીઓ માટેની રેણાક સુવિધાઓ માટે હોમસ્ટે જેવી સેવાઓનો વિકાસ, પ્રવાસીઓના પરિવહન માટેની વિવિધ કક્ષાની પરિવહન સુવિધાઓ તેના માટે વાહનચાલકોની સેવાઓ, વિવિધ પ્રકારની રેસ્ટોરન્ટો કે જેમાં ભાતીગળ આદિવાસી ભોજન પણ પીસાતું હોય. આમ અનેક ક્ષેત્રોનો વિકાસ થાય તેવી શક્યતાઓ જોઈ શકાય છે. જિલ્લા સંશોધક તરીકે વિવિધ આદિવાસી પ્રદેશો માં વિવિધ મુલાકાતો દ્વારા એ જોવા મળ્યું છે કે આ પ્રદેશમાં વસતા સ્થાનિક આદિવાસીઓ ટેકનોલોજી ની સ્વીકારી બાબતમાં ખૂબ જ ઉત્સુકતા ધરાવે છે. અર્થ એ છે કે જો વિવિધ ક્ષેત્રોને ઓળખી કાઢીને આ ક્ષેત્રોની જરૂરિયાતોને સ્થાનિક આદિવાસી યુવાઓમાં પ્રસારિત કરવામાં આવે, યુવાઓને પોતાને રસ રુચિ હોય તેવા ક્ષેત્રોમાં તાલીમ બંધ કરવામાં આવે અને ત્યારબાદ તેમને નો વ્યવસાય કરવા માટે જે પાયાની મૂડી કે અન્ય જરૂરિયાત હોય તેનીઆ પૂર્તિ કરવા માટે જ સરકાર યોગ્ય પ્રબંધ કરે તો આ પ્રદેશના

યુવાનો જાતે જ ટેકનોલોજી ની મદદથી બજારમાંથી પોતાના ક્લાયન્ટને મેળવીને પોતાની સ્વરોજગારીના ક્ષેત્રો વિકસાવશે. વર્તમાન પરિસ્થિતિ એવી છે કે જેમાં સ્થાનિક યુવાનો માર્ગદર્શનના અભાવે એક નિરાશા નું વાતાવરણ નિર્માણ કરી ચૂક્યા છે વિકલ્પના અભાવે અહીં બજારમાં જેની જરૂરિયાત ઘણી જ ઓછી છે તેવું વિનયન અને વાણિજ્ય શાખાનું શિક્ષણ અત્યંત ઉચ્ચસ્તર સુધીનું મેળવ્યા કરે છે ,ત્યારબાદ વિકલ્પના અભાવે તેઓ સરકારી નોકરીની શોધમાં વિવિધ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારીઓ કરે છે. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ પ્રકારની તમામ જગ્યાઓનો જો સરવાળો કરીએ તો તેની સંખ્યા થોડા હજાર પદ પૂરતી જ નિશ્ચિત હશે. સ્થાનિક આદિવાસી યુવાનોની સંખ્યા લાખોમાં છે. જો આ તમામ આદિવાસી યુવાનો માટે રોજગારીની નવી ક્ષિતિ જો ખોલવી હશે તો સ્વરોજગારી દ્વારા સેવા ક્ષેત્રના વિવિધ વિકલ્પોનો વિકલ્પ બારી ખુલવી રહી.

**આદિવાસી પ્રદેશોમાં ઔદ્યોગિક વિકાસ:**

આદિવાસી પ્રદેશો તેમની અંતરિયાળ રચનાને કારણે વર્ષોથી ઉદ્યોગોમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યા નથી. વળી આદિવાસી શ્રમિકો તેમની શ્રમસ્થાનાંતરની ખૂબીને કારણે પોતાનું શ્રમ અને કિલોમીટર દૂર જઈને પણ સેવા આપતા હોય ઉદ્યોગો માટે આદિવાસી પ્રદેશમાં ઉદ્યોગનું સ્થાપન કરવું કોઈ ખાસ આકર્ષણ ધરાવતું નથી. ગુજરાતના આદિવાસી જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થા ના પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે જેને કારણે અહીં ઔદ્યોગિક વિકાસની ગતિ અત્યંત મર્યાદિત જોવા મળી છે. આદિવાસી પ્રદેશો કુદરતી સંસાધનોની રીતે જોઈએ તો ઘણા જ સમૃદ્ધ પ્રદેશો છે. આ પ્રદેશોમાં વિવિધ ઉદ્યોગો માટેની વિવિધ ખાણ અને ખનીજો ના ભંડારો આવેલા છે. આદિવાસી પ્રદેશોના આ ખાણ અને ખનીજો ની મદદ લઈને અન્ય પ્રદેશોમાં ઉદ્યોગોનો વિકાસ ઝડપી બને છે આજ ઉદ્યોગોમાં શ્રમના મુખ્ય સ્ત્રોત તરીકે આદિવાસીઓ પોતા શ્રમ સેવાઓ પૂરી પાડતા જોઈ શકાય છે. પરંતુ પરિસ્થિતિ એ છે કે આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગો પ્રત્યક્ષ સ્વરૂપે જવા તૈયાર નથી અથવા કહો કે પ્રત્યક્ષ સ્વરૂપે ઉદ્યોગ સ્થપાય તેવી શક્યતાઓ ઘણી જ ઓછી છે. આ વાસ્તવિકતા ને ધ્યાનમાં રાખીને સ્થાનિક આદિવાસીઓને રોજગારીનો વિકલ્પ વિકાસ પામે તે માટે સ્થાનિક કક્ષાએ નાના અને મધ્યમ ઉદ્યોગો વિશે તેમના પરંપરાગત ઉદ્યોગો ગૃહ ઉદ્યોગ સ્વરૂપે તેના માટે સરકારે પગલાં ભરવા રહ્યા. વર્તમાન સમયમાં સરકાર દ્વારા આદિવાસી પ્રદેશોમાં ઉદ્યોગના સ્થાપન માટેનું ઘણું ઊંચું પ્રોત્સાહન રહેલું છે વળી નાના ઉદ્યોગો અને આદિવાસી ઉદ્યોગ સાહસિકોને આદિવાસી વિસ્તારમાં ઉદ્યોગ સ્થાપન કરવા માટે પણ ખૂબ ઊંચા પ્રમાણનો પ્રોત્સાહન પૂરૂંપાડવામાં આવે છે. આદિવાસી વિસ્તારમાં ગૃહ ઉદ્યોગ અને નાના પાયાના ઉદ્યોગોને ખૂબ ઊંચા પાયા ઉપર સબસીડી પણ પૂરી પાડવામાં આવે છે તેમ છતાં આ પ્રદેશમાં ઔદ્યોગિક વિકાસ કઈક અંશે કુંઠિત થયેલો જોવા મળે છે. આ બધા પાછળના કારણોથી તપાસવામાં આવે તો જાણવા

મળશે કે, જે દિશામાં આદિવાસી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની જરૂર હોય છે તે દિશાથી વિપરીત દિશામાં આદિવાસી ક્ષેત્રના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ઉદાહરણ તરીકે જોવામાં આવે તો સબસીડી અને વિવિધ પ્રકારની લોનમાં વિવિધ પ્રકારની રાહતો સરકારી યોજનામાં કેન્દ્ર સ્થાન ધરાવે છે પરંતુ આમ કરવા જતા સબસીડી અને અન્ય આકર્ષણના કારણે વિવિધ વર્ગ ધરાવતા સમૂહ દ્વારા આ પ્રકારના લાભ મેળવવા માટે જૈન કેમ પ્રયુક્તિઓ આચરવામાં આવે છે. પરિણામે આવે છે કે સબસીડી અને આવા આકર્ષણ ખોટા પ્રોજેક્ટમાં ખોટી રીતે યુટીલાઈઝ થાય છે. છેલ્લે પરિણામે આવે છે કે સબસીડી અને આકર્ષણને કારણે અસ્તિત્વમાં આવેલો કોઈપણ પ્રોજેક્ટ સબસીડીની ગેરહાજરીમાં પોતે પોતાનું અસ્તિત્વ ટકાવી શકતો નથી. આ વાસ્તવિકતા સામે જો સરકારે આદિવાસી પ્રદેશના આદિવાસી ઉદ્યોગોને યોગ્ય દિશામાં પ્રોત્સાહન આપવું હશે તો તેમને આ પ્રકારના આ પ્રકારના પ્રત્યક્ષ પોર્શાહનો આપવાના બદલે તેમના માટે વેચાણની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવી પડશે. આમ કરવાથી બજારના અભાવે જે ઉદ્યોગો બાળ મૃત્યુ પામે છે તે પોતે બજારની પ્રાપ્તિ થતા આત્મ નિર્ભર સાબિત થશે. આ પ્રકારના  પ્રોત્સાહનો જે તે ઉદ્યોગને સરકારી હસ્તક્ષેપ કે આકર્ષણની ગેરહાજરીમાં પણ જીવંત રાખશે. વેચાણ  વ્યવસ્થાની એક અલાયદી યુક્તિ આ અહેવાલમાં ભલામણ કરવામાં આવી છે તે એ છે કે એક કેન્દ્રીય ધોરણે કોઈ એક નિયંત્રિત ઓથોરિટી ની સ્થાપના કરીને, સમગ્ર રાજ્યનું આદિવાસી ઉત્પાદન કોઈ એક જ બ્રાન્ડ નેમ સાથે જો માર્કેટિંગ કરવામાં આવે તો તેની સફળતાની સંભાવનાઓ અને ઘણી વધી જાય છે. આ સંદર્ભમાં આપણી સામે NDDB નું અમૂલ બ્રાન્ડનું સફળ ઉદાહરણ મોજુદ છે. વિકેન્દ્રિત ધોરણ એ થતું દૂધ ઉત્પાદન એક જ બ્રાન્ડ હેઠળ સમગ્ર ભારતમાં માર્કેટિંગ થાય તેની વિવિધ પ્રોડક્ટો લોકોમાં સ્વીકૃત બને છે. વિકેન્દ્રિત ધોરણે થતી આદિવાસી ઉત્પાદન  પ્રવૃત્તિને પણ કોઈ એક બ્રાન્ડ  ના નામ સાથે જો લોકમાનસમાં જાહેરાત કરવામાં આવે તો તે લોકોમાં  સ્વીકૃતિ પામશે, અલબત્ત અહીં ગુણવત્તા નીયંત્રણ માટેની  કોઈ એક સ્વતંત્ર એજન્સી હોવી અનિવાર્ય છે, જે આદિવાસી સેવાઓ અને વસ્તુઓની ગુણવત્તાની ખાતરી લોકોમાં પ્રસ્થાપિત કરશે.

**આદિવાસી પ્રદેશોમાં કૃષિ આધારિત વ્યવસાયો નો વિકાસ:**

જે પ્રદેશોમાં કૃષિ વિકાસ પામે છે તેમાં કૃષિને આધારે જ્યાં વિકાસ સંભાવનાઓ છે તેવા અન્ય ક્ષેત્રો પણ વિકાસ પામે છે આવા ક્ષેત્રોમાં પશુપાલન મરઘા- બટકા ઉછેર કૃષિ પ્રોસેસિંગ યુનિટ, કૃષિ ઉત્પાદનોનું એડિશન કરી શકે તે માટેના વિવિધ એકમોનું નિર્માણ વગેરે સંભાવના ગુજરાતના આદિવાસી પ્રદેશોમાં પણ ભરપૂર પ્રમાણમાં રહેલી છે. આ તમામ સંભાવનાઓ એક પ્રાથમિક શરત માંગી લે છે તે એ છે કે સ્થાનિક લોકોમાં કૃષિ વિકાસ અને તેને દ્વારા કૃષિ

સંલગ્ન વ્યવસાયોમાં વૃદ્ધિ માટેની તાલાવેલી. સ્થાનિક આદિવાસી સમાજમાં જો વિકાસની ભૂખ જગાડવામાં આવે તો , આદિવાસી આદિવાસી સ્વયં પોતાના આર્થિક વિકાસ માટે પ્રવૃત્તિ થઈ જશે. ખાસ કરીને 1991 પછીના સમયમાં જોવામાં આવે તો અહીં વિકાસ માટેની એક ભૂખ જોવા મળે છે. આ વિકાસ માટેની ભૂખ ને જો યોગ્ય દિશા નિર્દેશ કરવામાં આવે તો તેના પરિણામો અચૂક રીતે સકારાત્મક પ્રાપ્ત થઈ શકે તેમ છે. ગુજરાતના જે પ્રદેશોમાં કૃષિ સમલગ્ન પ્રવૃત્તિઓ ઊંચા પ્રમાણમાં વિકાસ પામી છે ત્યાં જોવામાં આવ્યું છે કે જે તે પ્રવૃત્તિમાં કોઈ એક જ જ્ઞાતિ પ્રભાવી રહી છે દાખલા તરીકે જોવામાં આવે તો સાબરકાંઠા જિલ્લામાં કૃષિ સંલગ્ન પશુપાલન પ્રવૃત્તિમાં ચૌધરી જ્ઞાતિ અત્યંત પ્રભાવિત રહી છે. આ જ રીતે જો વિચારવામાં આવે તો જે તે પ્રદેશના જે તે આદિવાસી સમાજની ખાસિયતો ને ધ્યાનમાં રાખીને જો તેમને તેમને અનુકૂળ હોય તેવી કોઈ એક કૃષિ સંલગ્ન પ્રવૃત્તિમાં પ્રોત્સાહિત કરવામાં આવે તો અત્યંત સકારાત્મક પરિણામો મેળવવાની સંભાવના ઘણી ઉંચી રહેલી છે. ઉદાહરણ તરીકે જુઓ જોવામાં આવે તો જે આદિવાસી સમુદાયો જંગલ સાથે આજે પણ સીધા સંકળાયેલા છે તે આદિવાસી સમુદાયો માટે જો તેમને વિવિધ જંગલી પેદાશો એકત્રિત કરીને તેને બજાર અનુસાર યોગ્ય પેકિંગ અને યોગ્ય ધારા ધોરણ અને માપદંડ અનુસાર અનુસાર કરવામાં આવે તો આ પ્રકારના ઉત્પાદનોની બજારમાં ખૂબ જ ભોળા પ્રમાણમાં માંગ આજે પણ જોવા મળે છે. દાખલા તરીકે બજારમાં જોવા મળતી પતંજલિ બ્રાન્ડ તેની સંપૂર્ણ સફળતા કુદરત આધીન હોવાના તેના દાવા ઉપર નિર્ભર છે. આદિવાસી સમુદાયો તેના પ્રારંભથી જ કુદરત દત્ત અને કુદરત સાથે સંકળાયેલું જીવનશૈલી જીવતા આવ્યા છે આ રીતે જોવામાં આવે તો આદિવાસીઓ દ્વારા એકત્ર કરી અને તેનું વેચાણ વ્યવસ્થા કરવામાં આવતી વસ્તુઓમાં ખૂબ જ લોકપ્રિય બનશે તેવી ખૂબ ઊંચી સંભાવનાઓ રહેલી છે.

### 3.4 આદિવાસીમાં સ્થાનાંતર ના પ્રશ્નો અને તેનું નિવારણ:

આદિવાસી સમુદાય રોજગારીના વિકલ્પોની શોધમાં ગુજરાત રાજ્ય અને ગુજરાત રાજ્યની બહાર પણ કૃષિ અને કૃષિ સિવાયના ક્ષેત્રોમાં પોતાના શ્રમનું વિનિમય કરતા જોવા મળે છે. ખૂબ જ નીચું શિક્ષણ અને અત્યંત ગરીબીના કારણે આ આદિવાસી પરિવારો જ્યાં પણ સ્થાનાંતર કરે છે ત્યાં મોટાભાગે તેમને અત્યંત ઊંચા પ્રમાણમાં શોષણનો શિકાર સહન કરવાનું આવે છે. બીજા અર્થમાં કહીએ તો આદિવાસી શ્રમની ઊંચી ઉત્પાદકતા અને અત્યંત નીચું વેતન તથા કામની અત્યંત વિકટ પરિસ્થિતિ ને પણ સહન કરવાની તૈયારી આ તમામ પરિબળો જ્યાં એક બાજુ આદિવાસીશ્રમની સ્વીકૃતિ માટેનું કારણ બને છે. જ્યારે બીજી બાજુ તે આદિવાસી શોષણનું પણ મૂળ કારણ બને છે. ગુજરાત કે ગુજરાત બહારના વિવિધ શહેરોમાં ખાસ કરીને બાંધકામ ઉદ્યોગમાં જોવા મળતા આદિવાસી પરિવારમાં

શોષણ અત્યંત ઊંચા પ્રમાણમાં જોવા મળે છે જોવા મળ્યા છે. નિર્મૂલ માટે સરકારે કોઈ એક કેન્દ્રીક નોંધણી અને છતાં તે અનુપચારિક નોંધણી બની રહે તે પ્રકારની કોઈ એક સિસ્ટમ વિકસાવી એકમાત્ર ઉપાય છે. આ પકલ્પના સંયુક્તઅહેવાલમાં આ અંગેનું સૂચન વિસ્તારથીકરવામાં આવેલું છે.

### 3.5 ઉપસંહાર:

સુરત અને નવસારી જિલ્લો આદિવાસી આર્થિક વિકાસ માટે કયા અને કેટલા પ્રમાણમાં અનુકૂળતા ધરાવે છે. તે જ પ્રમાણે આદિવાસી આર્થિક વિકાસ માટે સુરત અને નવસારી જિલ્લામાં કયા કયા પડકારો રહેલા છે તેની છણાવટ ઉપરના પ્રકરણમાં કરી. આ પ્રકરણમાં આપણે જોયું કે સુરત અને નવસારી જિલ્લો પ્રાચીનકાળથી જ માનવ વસાહતો ધરાવતો હતો.. જો કે અહીં આદિવાસી સમુદાય પ્રાચીન કે અનાદિકાળથી થયેલા વિકાસથી બિલુપ્ત હતો. પરંતુ આઝાદી મેળવ્યા પછી આ સમુદાયમાં સુરત શહેર અને તેની આસપાસ થઈ રહેલા આધુનિક ફેરફારો પ્રેરણા નું બહુ જ મોટું કારણ બનીને વિકાસની ભૂખને જગાડે છે. વિકાસની આ ભૂખ અને આસપાસ થઈ રહેલા વિકાસના કારણે આ પ્રદેશના આદિવાસીઓ ગુજરાત રાજ્યના અન્ય આદિવાસીઓની તુલનામાં ઘણા જ આધુનિક ફેરફારો અપનાવી ચૂક્યા છે. અહીંના આદિવાસીઓમાં જીવન સ્તર અન્ય પ્રદેશના આદિવાસીઓની તુલનામાં ઘણું જ આધુનિક સ્થળનું જોવા મળે છે. આ તમામ અનુકૂળતાઓ હોવા છતાં પણ અહીં આજે પણ અન્ય સમાજની તુલનામાં આદિવાસી સમુદાય કઈક અંશે વિકાસ પ્રક્રિયામાં પાછળ રહી ગયેલો જોઈ શકાય છે. વિકાસની આ પ્રક્રિયામાં પાછળ રહી ગયેલા આ આદિવાસી સમુદાયને જો વિકાસની પ્રક્રિયામાં સમાવેશક કરવો હોય તો નવસારી અને સુરત જિલ્લામાં કયા કયા પડકારો મોજુદ છે અને તેનો સામનો કેવી રીતે કરવાનો છે તે અંગેની બૃહદ ચર્ચા આ પ્રકરણમાં કરી હવે પછીના પ્રકરણમાં આ પડકારો સામે પ્રત્યક્ષ રીતે કયા પ્રકારના પગલાં લઈ શકાય તેની ચર્ચા કરવામાં આવેલી છે.

# પ્રકરણ-4

# નીતિ નિર્ધારણ માટે ભલામણો

# (Action Programme)


| ક્રમ | માહિતી | પાના નંબર |
|---|---|---|
| 4.1 | પ્રસ્તાવના: | 30 |
| 4.2 | જીરો મધ્યસ્થી, જીરો પરિવહન અને જીરો ઉત્પાદન અને સમય વ્યય સાથેની REMOT યોજના | 30 |
| 4.3 | આદિવાસી હાટ બજારની હંગામી/ફરતી હોસ્પિટલ | 44 |
| 4.4 | યુવાઓને પ્રેરણાત્મક આદિવાસી વિસ્તાર વિકાસ માટેના સ્વેછિક પ્રયોગો | 55 |
| 4.5 | અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં અર્થતંત્રના હાર્દ સમાન પરિવહન સુધારણા માટેની દરખાસ્ત | 58 |
| 4.6 | IPSHD (Integrated Plan for Social Harmony and Development) આદિવાસી વિધ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રમાં સજ્જતા માટેની યોજના દરખાસ્ત: | 63 |
| 4.7 | ઉપસંહાર | 67 |

# પ્રકરણ-4

# નીતિ નિર્ધારણ માટે ભલામણો

# (Action Programme)

### 4.1 પ્રસ્તાવના:

સુરત અને નવસારી જીલ્લાઓ ઉદ્યોગીકરણ અને શહેરીકારણ ની બાબતમાં અન્ય આદિવાસી પ્રદેશોની તુલનામાં ઘણા પ્રગતિશીલ છે, અહી જીલ્લાના આદિવાસીઓના પ્રશ્નો અન્ય પ્રદેશથી ઘણાજ ભિન્ન છે. પ્રકરણ બે માં આપણે જોઈ ગયા હતા કે, આદિવાસી વિકાસ તે એક બહુઆયામી પ્રક્રિયા છે. કોઈ એક બિંદુએથી આદિવાસીના આર્થિક વિકાસને જોઈ શકાશે નહીં જો આદિવાસીના આર્થિક વિકાસને જોવો હોય તો તેને સમગ્રહ: જોવો પડશે. આમ કહી શકાય કે જો આદિવાસીના આર્થિક વિકાસને આપણે વેગવંતો કરવો હશે તો આપણી કાર્ય યોજના પણ બહુ આઈમી રહેશે. અહીં પ્રકરણ ચારમાં આપણે જોઇશું કે સુરત અને નવસારી જિલ્લાના આદિવાસીઓ માટેની આર્થિક વિકાસ યોજના શું હોઈ શકે? , આર્થિક વિકાસ બાબતમાં આપણે એટલા તો સ્પષ્ટ છીએ કે, આર્થિક વિકાસ માટે આજેવિકાના વિવિધ વિકલ્પો અને આ વિકલ્પો થકી આદિવાસીઓમાં આર્થિક સક્ષમતા તાનું સર્જન થાય. આર્થિક ઉપાર્જન માટે સુરત અને નવસારી જિલ્લામાં પ્રાપ્ત ભૌગોલિક એટલે કે કુદરતી અનુકૂળતાઓને ધ્યાનમાં રાખીને કયા કયા આર્થિક વિકલ્પો નું સર્જન કરી શકાય તે બાબતની ચણાવટ ત્યાંના સ્થાનિક સમુદાયોની સાથે કરવામાં આવેલી સમુહ ચર્ચાને આધારે અહીં આ પ્રકરણમાં નોંધેલી છે અહીં આ પ્રકરણમાં મુખ્યત્વે એક્શન પ્લાન્ટ શિક્ષક હેઠળ ભલામણો કરેલી છે.

### 4.2 જીરો મધ્યસ્થી, જીરો પરિવહન અને જીરો ઉત્પાદન અને સમય વ્યય સાથેની REMOT યોજના:

અંતરિયાળ પ્રદેશના આદિવાસી ને તેમની વૈવિધ્યાતા સભર અને થોડી-થોડી માત્રાની કૃષિ પેદાશો માટે માર્કેટિંગની જે સમસ્યાઓ આવી રહી છે તેને જોતા વધુ સારો પ્રયત્ન એ થશે કે આદિવાસીઓ માટે માર્કેટિંગ ને લગતી તેમની સંપૂર્ણ વેચાણ વ્યવસ્થાની ખામી ને દૂર કરતી એક અલાયદી વ્યવસ્થા ઊભી કરવામાં આવે, જોકે અહીં ઉલ્લેખનીય છે કે આમ કરવા પાછળ કોઈપણ પ્રકારનો નવું ખર્ચો સરકારે ઉઠાવવાનો રહેશે નહીં. આ પ્રકારની અલાયદી વ્યવસ્થામાં વિચાર આધિન કોઈપણ એવું પગલું નથી જેને વિશ્વમાં અપનાવામાં આવ્યું ન હોય. બીજા શબ્દમાં કહીએતો આ વિચારાધીન સમગ્ર પ્રક્રિયા એક ય બીજા સ્વરૂપે ઉપયોગમાં

લેવાયેલ અને સફળ નિવડેલ વ્યવસ્થાઓ નું સંકલન માત્ર છે, આમ વિચારતા તેના અમલ કરતાં તેની નિસફળતાની સંભાવનાઓ અત્યંત અલ્પ છે.

REMOTE (અંતરિયાળ પ્રદેશનો ઉત્થાન: online વેચાણ વ્યવસ્થા, પરિવહન અને વ્યવસાયિક સરળતા પહોંચાડવી)

Rural/Remote area

Enhancement by providing

Marketing

On line platform,

Transport and

Ease of doing Business.



પ્રસ્તુત અભિગમ એ ધારણા ઉપર આધારિત છે કે વર્તમાન સમયમાં અંતરિયાળ પ્રદેશમાં ખેડૂત કુટુંબોએ પોતાના મર્યાદિત સંસાધનો દ્વારા જે ઉત્પાદન કાર્ય કૃષિ ખેતી કરી રહ્યા છે તેમાં તેમને યોગ્ય વળતર મળતું નથી. વળતર ન મળવા પાછળ કારણ શાકભાજી ફળફળાદી અને ફૂલોની ખેતીમાં તેમના ઉત્પાદનની  યોગ્ય પરિવહન અનેખરીદ વેચાણ વ્યવસ્થાનો અભાવ છે.
અંતરિયાળ પ્રદેશના આદિવાસી ખેડૂતો જેઓ  શાકભાજી અને ફળફળાદી તથા ફૂલોની ખેતી કરે છે તેમના માટે દર બીજે ત્રીજે દિવસે માત્ર બે ચાર કિલો જેટલું ઉત્પાદન દૂરના બજારમાં લઈ જાય વેચાણ કરવું અત્યંત કપરું છે. આ ખેડૂતો એક મંડળ રચી પોતે મંડળના કોઈ એક સભ્યને પોતાનું વેચાણ આપી નિશ્ચિંત થઈ જાય છે. આમ કરવા જતાં તેને જે સભ્ય બજારમાં ગયો છે તેની સદા શક્તિ ની ક્ષમતા ઉપર વિશ્વાસ મુકવો પડે છે. મોટાભાગના સંજોગોમાં એવું જોવા મળ્યું છે કે આ પ્રકારનું મંડળ લાંબો સમય સુધી વિશ્વાસપૂર્વક ટકી શકતું નથી. કોઈને કોઈ કિસ્સામાં મંડળના સભ્યોને અવિશ્વાસ ઉદ્ભવે છે. પરિણામ એ આવે છે કે આવા મંડળો સતત પોતાના સ્વરૂપો બદલતા રહે છે. વેચાણ વ્યવસ્થા નું માળખું એ પ્રકારનું છે કે મંડળની ગેરહાજરીમાં ખેડૂતને પોસાય તેમ નથી કારણકે મંડળની ગેરહાજરીમાં 200 ૪00 રૂપિયાના વેચાણ માટે તેમને પરિવહન ખર્ચ 40થી 50 રૂપિયા આવે, વળી દૂરના બજારમાં જઈને વેચાણ કરવા જવું એટલે લગભગ એક આખી વેળા ( અંદાજિત/લગભગ -૬ કલાક)
જેટલો સમય ગુમાવવો. સરવાળે પરિસ્થિતિ એવી છે કે જો દરેક ઉત્પાદક પોતાના નાના ઉત્પાદનને બજાર સુધી પોતે જ લઈ જાય તો તેમને ચોખ્ખો નફો કોઈપણ પ્રકારનો રહે નહીં. તેથી દરેક ખેડૂત પોતે થોડા સમય માટે પણ કોઈ એક મંડળ માં રહે છે અને પોતાનો ઉત્પાદન તે મંડળને વેચાણ માટે આપી દે છે. ખેડૂત નો વારો આવે ત્યારે તે પણ સમગ્ર મંડળ ના ઉત્પાદનનું વેચાણ એકલા હાથે કરી આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં અંતે નાના મંડળોની રચના થતી હોય જેમાં ત્રણ ચાર ત્રણ ચાર સભ્યો પોતાના વારા ફેર બાકીના બે ત્રણ સભ્યોનું વેચાણ એકત્રિત કરી બજારમાં વેચાણ કરતા જોવા મળે છે જે સમગ્ર પ્રક્રિયા નીચે મુજબ સમજી શકાય.

| | |
|---|---|
|  | નાની માત્રામાં વિવિધ ઉત્પાદન કરતા ખેડૂતો માટે સૌથી યોગ્ય વિકલ્પ એ હોય કે તે પોતાના ઘર આંગણે જ ઉત્પાદન વેચાણ કરે આમ કરતા તે સમગ્ર મધ્યસ્થીઓ ને નકારે છે. દુર્ભાગ્ય છે કે અંતરિયાળ પ્રદેશના આદિવાસી ખેડૂતો માટે મોટાભાગે આ અશક્ય છે. |
|  | મંડળ બનાવીને બે થી ૪ ઉત્પાદકો નો સામાન એકત્રિત કરી વેચવા જવામાં ક્યાંક વધુ શ્રમ અને તેના કારણે અસલામત સંજોગો અને ઉત્પાદનનો વ્યય થતું જોવા મળે છે. |
|  | શાકભાજી જેવા ઉત્પાદનમાં ભજન કોઈ ખાસ ભાગ ભજવતું નથી પરંતુ ફળ શાકભાજી અને ફૂલો ના કિસ્સામાં તેનું પેકિંગ અત્યંત મહત્વનો ભાગ ભજવે છે. યોગ્ય પેકિંગ ના અભાવે ઉત્પાદન બજાર સુધી પહોંચી તે પહેલા જ તેની બહુ મોટા પ્રમાણમાં ગુણવત્તા ગુમાવી બેસે છે. જોકે હવે નાના ખેડૂતો સુધી પણ આ બાબતને સભાનતા આવી છે અને યોગ્ય પરિવહન વ્યવસ્થા વિચારાય છે. |
|  | શાકભાજી,ફળ અને ફૂલોના બજારમાં નાના-સીમાંત આદિવાસી ખેડૂતોને જેની હરિફાઈ કરવાની છે તે ઉત્પાદકો અથવા તો વિક્રેતાઓ ઘણા આધુનિક પ્રકારના પરિવહન અને પેકિંગ અપનાવી ચૂક્યા છે. આધુનિક પરિવહન અને પેકિંગની વ્યવસ્થાથી તેમના ઉત્પાદનોની ગુણવત્તા બજારમાં તુલનાત્મક રીતે ઉંચી જળવાઈ રહે છે. પરિણામ એ આવે છે કે આદિવાસી ખેડૂતોને આ હરીફાઈમાં ઘણું જ ગુમાવવો પડે છે. |









પરિવહન પ્રક્રિયામાં શાકભાજી,ફળ અને ફૂલોની ગુણવત્તા અત્યંત પ્રભાવિત થઈ રહી છે. બજારમાં જે ગુણવત્તા સાથે સીમાંત આદિવાસી ખેડૂતોને હરીફાઈ કરવાની છે તે ઉત્પાદન બજાર પહોંચતા સુધીમાં જ પોતાની મોટાભાગની હરિફાઈ ક્ષમતા ગુમાવી બેસે છે. **આ પ્રક્રિયામાં સીમાંત આદિવાસી સમય અને સંસાધનનો બહુ મોટો એવો વ્યય ભોગવી રહ્યા છે, જેને ટાળી શકાય તેમ છે.**

**જીરો મધ્યસ્થી, જીરો પરિવહન અને જીરો ઉત્પાદન અને સમય વ્યય સાથેની REMOT યોજના:**



ઉત્પાદન પરિવહનની સૌથી મોટી સમસ્યા પેકિંગ સંબંધિત છે. જો સીમાંત અને નાના આદિવાસીઓને વિશ્વના આધુનિક સમાજ દ્વારા જે પ્રકારે શાકભાજી અને ફળના પરિવહન માટે જુદી જુદી ડિઝાઇનના અલાયદા, ખાસ જરૂરિયાત મુજબ ડિઝાઇન કરેલા અને પરસ્પર ઇન્ટરલોક થઈ જાય તેવા ક્રેટ આપવામાં આવે તો બજાર પહોંચવા સુધીનો તેમનો ઉત્પાદન વ્યય નિવારી શકાય તેમ છે.

| | |
|---|---|
|  | આધુનિક સમાજ માં વપરાતા પરિવહન માટે ના અલાયદા ડિઝાઇન કરેલા ક્રેટ તેના મૂળ સ્વરૂપે જો સીમાંત ખેડૂતોને આપવામાં આવશે તો સંભવતઃ આ ક્રેટ આદિવાસીઓના લોકજીવનમાં બંધબેસતા ન પણ હોઈ શકે. આદિવાસી સમાજની નોખી નોખી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી તેમના માટે આ પ્રકારના ક્રેટ ડિઝાઇન કરવા પડશે. દાખલા તરીકે સરળતાથી સાયકલ/ મોટરસાયકલ માં બંધ બેસે તે પ્રકારની ડિઝાઈન અનિવાર્ય છે. |
|  | આંતર ખેતી કરતા આદિવાસી કોઈ એક જ પ્રકારનો મબલક પાક લેવાના બદલે જુદા-જુદા શાકભાજી જુદા જુદા ફળફળાદી અને જુદા જુદા ફૂલો નાની નાની માત્રામાં બજારમાં વેચાણ અધીશેષ તરીકે લાગતા હોય છે. તેમની આ અલાયદી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને એક જ માપ ને બદલે અલગ-અલગ કદના પરસ્પર ઇન્ટરલોક થઈ શકે તેવા ક્રેટ ડિઝાઇન કરવા પડશે. આમ કરતા તેમની નાની નાની અને વૈવિધ્યસભર ઉત્પાદન પરિવહનની જરૂરિયાતને યોગ્ય રીતે સંતોષી શકાશે. |


ઉપર સૂચવેલ પરિવહન પેકિંગ જરૂરિયાત ખુબજ મોટા પ્રમાણમાં અંતરિયાળ આદિવાસી ખેડૂતો અનુભવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમૂહ ચર્ચા માં આ પ્રકારના ક્રેટ ની વ્યવસ્થા જે સરકાર તરફથી રાહત દરે કરવામાં આવે તો તેઓ આ પ્રકારના ક્રેટ ની કિંમત ચૂકવવા પણ તૈયાર છે. પ્રદેશમાં જ્યાં આર્થિક સધ્ધરતા છે, ત્યાં આદિવાસી ખેડૂતોએ બજારમાંથી પણ આ પ્રકારના ક્રેટ વસાવેલા છે. પરંતુ ગરીબ આદિવાસી ખેડૂતો હજુ તેનાથી વંચિત છે. દલીલ એવી કરે છે કે, વર્ષના માત્ર ત્રણ-ચાર મહિના ઉપયોગમાં આવતી વસ્તુ કાયમી વસાવવી અમને પરવડે નહીં. આનો એક ઉપાય એવો હોય કે સરકારની મૂળ માલિકીના આ પ્રકારના ક્રેટ જે તે જરૂરિયાત મંદ વ્યક્તિ પોતે ડીપોઝીટ ભરી ને તેને ઉપયોગ હોય ત્યાં સુધી વાપરી શકે. ઉપયોગ પૂર્ણ થયા પછી જો તે વ્યક્તિ સરકારને પરત કરે તો નિર્ધારિત ઉપયોગ અનુસાર નું ભાડું વસૂલ કરી બાકી રહેલી ડિપોઝિટો તેને પરત મળવાપાત્ર રહે.





ડીજીટલ ટેકનોલોજી અંતરિયાળ આદિવાસી ગામો સુધી પણ પોતાનો વ્યાપ ફેલાવી ચૂકી છે. ક્રેટની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અને REMOT પ્રકલ્પને સફળ કરવા માટે જે મહત્વનું કાર્ય કરવાનું છે તે પ્રત્યેક ક્રેટ ને યુનિક આઇડેન્ટિટી આપવાની છે. એટલે કે પ્રત્યેક ક્રેટ તેના નિર્ધારિત જગ્યાએ એક બારકોડ ધરાવતો હશે. આ બાર કોડતે(૧)મોબાઇલ ફોન દ્વારા ઉકેલી શકતો હશે.(૨) પરિવહનમાં ઘસારો લાગે અને નાશ ન પામે તેવી જગ્યાએ નિર્ધારિત કરેલો હશે. આ બે લક્ષણો સાથે ના અલાયદા ડિઝાઈન કરેલા જુદા જુદા માપનાંક્રેટ સમગ્ર REMOT પ્રકલ્પનો હાર્દ છે. જોકે અહીં સુધી વર્ણવેલા પરિવર્તન આધુનિક વિશ્વમાં ખૂબ જ વ્યાપક પ્રમાણમાં ઉપયોગમાં લેવાઈ રહ્યા છે. આ ટેકનોલોજી વિકૃત થઈ ગઈ છે, જેથી તેને આંતરિયાળ આદિવાસી સમાજ માટે ઉપયોગમાં લેવામાં કોઈ ખાસ જોખમ રહેલા નથી.

**REMOT પ્રકલ્પ માટેની જરૂરિયાતો:** REMOT પ્રકલ્પ માટેની જરૂરિયાતો નીચે મુજબ વર્ણવી શકાય: પ્રકલ્પને મુખ્યત્વે જે જરૂરિયાતો છે તેને બે ભાગમાં વહેંચી શકાય જે નીચેના ચાર્ટમાં સમજાવી છે.



REMOT પ્રકલ્પ માટેની બીજી જરૂરિયાતો: તે ઉપર વર્ણવેલ વિવિધ ડિજાઇનના જુદા જુદા માપના ક્રેટ છે. જયારે પ્રકલ્પની ટેક્નોલોજી જરૂરિયાત નીચેના કોષ્ટકમાં આપવામાં આવેલ છે.

| Requirements | Supplier | Transportation Agent | Storage Agent | Consumer |
|---|---|---|---|---|
| Software | "MANDI" Smart Phone Application: Marketing Assistance by Networking of Distance | "SATHI-1" Smart Phone Application: State Assistance of Transport, Holding and Integrity | "SATHI-2" Smart Phone Application State Assistance of Transport, Holding and Integrity | "REMOTE": Smart Phone Application: Rural/Remote area Enhancement by providing Marketing On line platform, Transport and Ease of doing Business. |
| Hardware | Smart Phone | Smart Phone | Smart Phone/ Computer system with Barcode reader | Smart Phone |

સોફ્ટવેર જરૂરિયાતો:

**"MANDI" (Smart Phone Application): Marketing Assistance by Networking of Distance:**

આ એક મોબાઈલ ફોન એપ્લિકેશન છે. ખેડૂત પોતાના મોબાઈલ ફોનમાં આ એપ્લિકેશન સરળતાથી વિનામૂલ્યે ઇન્સ્ટોલ કરી શકે છે. આ એપ્લિકેશનમાં ખેડૂત પોતાની ઓળખાણ આપતું નોંધણી કાર્ય પૂરું કરશે. હવે નોંધાયેલ ખેડૂત પુરવઠો પૂરો પાડનાર બને છે. જાહેરજીવનમાં જે કોઈ તેના વિશે પ્રાથમિક માહિતી જોવા ઈચ્છે તો, તેનું ગામ અને ભૌગોલિક સ્થળ જોઈ શકે છે. ખેડૂતે કરેલા સોદાઓ અને ગ્રાહકો પાસેથી મળેલા પ્રતિસાદ ના આધારે તેનો રેન્કિંગ/ ક્રમાંક પણ અહીં લોકો જોઈ શકશે. આ પ્રકારની પ્રક્રિયા ઈન્ટરનેટ ઉપર ખૂબ જ સહજ રીતે પબ્લિક રીવ્યુ સ્વરૂપે અન્ય જગ્યાએ વર્તમાન સમયમાં અસ્તિત્વ ધરાવે જ છે. ખેડૂત હંમેશા પોતાનો રિવ્યુ સુધારવા પ્રામાણિક વ્યવહાર કરશે તેવી અપેક્ષા રાખવી યોગ્ય છે. ગેરરીતિ કરતા ખેડૂતો ખુબજ ટૂંકા સમયમાં પોતાનો રીવ્યુ ગુમાવશે અંતે તે બજાર મેળવવામાં નિષ્ફળ જશે. ખેડૂતની નોંધણી તેના આધાર નંબર સાથે જોડાયેલી હોય એક આધાર નંબરથી માત્ર એક જ ખેડૂત વ્યવહાર કરી શકે તે પ્રકારની આ ટેકનોલોજી ખેડૂતને પોતાને પોતાનું રીવ્યુ જાળવી રાખવા અને વધુ સારું કરવા માટે હંમેશા પ્રોત્સાહિત કરશે. ખેડૂત આ એપ્લિકેશનમાં જઈ જે ઓર્ડર આવ્યો છે તેની ઓળખાણ નોંધી ઓર્ડર બુક/ રજીસ્ટર કરશે. નોંધાયેલ આ ઓર્ડર હવે જે ક્રેટમાં પરિવહન થવાનો છે એનો બાર કોડ સ્કેન

કરતા જે તે ઓર્ડર સાથે ક્રેટ નોધાય જશે. ખેડૂત અને ગ્રાહક વચ્ચે વિશ્વાસનો સેતુ બંધાઈ તે માટે એક શરત એવી છે કે ઓર્ડર શિપમેન્ટ થાય ત્યારથી લઇ ઓર્ડર ડીલીવર થાય એ સમયગાળા સુધીમાં તેણે ઓર્ડરની ચુકવણી કરવાની રહે છે.

**"SATHI-1"(Smart Phone Application): State Assistance of Transport, Holding and Integrity:**

આ એપ્લિકેશન મોબાઇલ ફોન માટેની છે. સરકારની ST પરિવહન સેવાના કંડકટર ભાઈઓ પોતાના ફોનમાં આ એપ્લિકેશન ઇન્સ્ટોલ કરશે. તેની મદદથી જ્યારે ખેડૂત પોતાનું ક્રેટ પરિવહન માટે આપશે ત્યારે મોબાઇલમાં માત્ર સ્કેન કરવાથી તે ક્રેટ નોંધાઈ જશે. સરકારની ST પરિવહન સેવા GPS ધરાવતી હોવાથી જે ગ્રાહકે પોતે ખેડૂતને ઓર્ડર આપ્યો છે તે તેને આધુનિક કુરિયર/શિપમેન્ટ સુવિધામાં જે રીતે લાઈવ લોકેશન/ ટ્રેશ કરે છે. તેમ અહીં પણ પોતાનો ઓર્ડર ટ્રેસ કરી શકશે. ગ્રાહક અને ખેડૂત વચ્ચે વિશ્વાસ નિર્માણ થાય તે માટે પ્રારંભિક સમયમાં અથવા જયારે ખેડૂત ઈચ્છે તે કિસ્સામાં ક્રેટને બસ કાનડકતર દ્વારા પેપેર સીલ કરી લોક કરવાની વ્યવસ્થા પણ વિચારી શકાય.

**"SATHI-2" (Smart Phone Application): State Assistance of Transport, Holding and Integrity:**

આ મોબાઇલ એપ્લિકેશન સરકારના ગોડાઉન કીપર ઇન્સ્ટોલ કરશે. ક્રેટ ગોડાઉન ઉપર પહોંચતાની સાથે ક્રેટના બારકોડ ને સ્કેન કરવાથી ખેડૂત અને ગ્રાહક બંનેને ઓર્ડર કરેલ ક્રેટની ગોડાઉન સુધી પહોંચી જવાની જાણ થશે.



ગોડાઉન કીપર ક્રેટ આવતા રિકીવ મેન્યૂમાં તેનો બારકોડ સ્કેન કરશે અને તે ક્રેટ જે લોકેશન ઉપર મુકવામાં આવશે તે લોકેશનનો બારકોડ તે ક્રેટ ના લોકેશન મેનુમાં જઈ સ્કેન કરશે. ગ્રાહક અને ખેડૂત બંનેને ક્રેટનું ગોડાઉન લાઇવ લોકેશન ટેકનોલોજી દ્વારા આપોઆપ જાણવામાં આવશે.

ગ્રાહક જયારે ડીલીવરી લેવા આવશે ત્યારે તે ક્રેટનું લોકેશન અને પેમેન્ટ થયા અંગેના મોબાઈલ સ્ક્રીનમાં પુરાવા આપશે. ક્રેટનો બારકોડ ગોડાઉન કીપર ડીલીવરી મેનુમાં જઈ સ્કેન કરતાજ તેને પેમેન્ટ થયા અંગે જાણ થશે. અને સંપૂર્ણ ક્રેટની ડીલીવરી કરી દેવામાં આવશે. ડીલીવરી મેનુમાં ગોડાઉન કીપર ઓકે કરતાજ સોદો પૂર્ણ થશે. ઘરે જઈ ગ્રાહકને પોતાના અનુભવો પ્રતિભાવ સ્વરૂપે આપવાના રહેશે. આ પ્રતિભાવથી ખેડૂતોનો (પૂરવઠાકારનો) રીવ્યુ આપોઆપ બદલાતો રહેશે.

**"REMOTE": Smart Phone Application: Rural/Remote area Enhancement by providing Marketing On line platform, Transport and Ease of doing Business:**

આ મોબાઇલ એપ્લિકેશન ગ્રાહક પોતાના મોબાઈલ ફોનમાં ઇન્સ્ટોલ કરશે. તેણે પોતાનું રજીસ્ટ્રેશન કરી જે તે વસ્તુ માટે નોધાયેલ અનેક ખેડૂત પુરવઠાકાર પાશેથી one to one ઓર્ડર પોતાની રીતે વ્યક્તિગત સંપર્ક કરી નોધાવવાનો રહેશે. ઓર્ડર નોધાયા પછી ઓર્ડર બસમાં પરિવહન માટે મુકવામાં આવે થી લઇ પોતાના શહેર કે નગરના ગોડાઉન પોહોંચે/ ડીલીવરી લેતા પહેલા ચુકવણી કરવાની રહેશે. ડીલીવરી લેવા જતા જે તે ગોડાઉન કીપરને ઓર્ડર લોકેશન અને પેમેન્ટ થયાની સાબિતી (પોતાના ફોન સ્ક્રીન બતાવી) આપવાની રહેશે. ડિલિવરી લીધાબાદ અંતે ખેડૂતના ભાવી સોદા અંગે રીવ્યુ આપવું તેની ફરજ બનશે. ડિલિવરી લેતા ક્રેટ ગ્રાહકના ખાતે જમા બોલાશે. બીજા ઓર્ડર લેવા જતી વખતે હવે ખાલી ક્રેટ સાથે લઈ જશે અને તે ખાલી ક્રેટ ગોડાઉન કીપરને આપતા ગોડાઉન કીપર તેને ક્રેટ રિસીવ મેન્યૂમાં સ્કેન કરતાં ક્રેટ જે તેના નામે ઉધાર બોલતું હતું તે જમા થઈ જશે. આ પ્રકારની વ્યવસ્થા 'અમદાવાદ જેવા શહેરની જૂની આબાદ ડેરી દ્વારા દૂધવિતરણ પ્રણાલી જેમાં ખાલી બાટલી ઘરેથી લઈ જાવ અને ભરેલી બોટલ ચુકવણી કરી લઈ આવો'ની યાદ અપાવે છે.


**વેચાણ અને ખરીદીનું વ્યાવસ્થાપન:**

| | | |
|---|---|---|
|  | ગ્રાહક REMOT એપ્લિકેશનની મદદથી નોધાયેલ અસંખ્ય ખેડૂતોની ઓફર જોઈ પોતાની જરૂરિયાત અનુસાર કોઈ એક ખેડૂત નો સંપર્ક કરશે. (ટેલિ ટેક્સી સેવાની માફક અહી પણ બંને પક્ષકારોને પ્રત્યક્ષ નંબર આપી સંપર્ક કરી આપશે. |  |
|  | ગ્રાહકને ઉત્પાદન ગુણવત્તા અંગે ઘણા પ્રશ્નો હોય શકે. આ પ્રશ્નોનાં નિરાકરણ ગ્રાહક અને ઉત્પાદક પ્રત્યક્ષ રીતે વાતચીત અને વિડ્યો કોલ/ફોટો કરી પોતાની રીતે જ મેળવીલે છે. |  |
|  | ગુણવત્તા અને અન્ય ભાવતાલની તમામ ખાત્રી થયા બાદ હવે સમય અને સ્થળ(ઓર્ડર જ્યાંથી રિસીવ કરવાનો છે) નક્કી કરી ઓર્ડર બુક થાય છે. |  |
| બુક થયેલ ઓર્ડર રિસીવ કરવો તે ગ્રાહકની જવાબદારી બનશે. આમ કરવામાં નિસફળ જનાર ગ્રાહકની ડિપોજીટ જપ્ત થઈ શકે છે. | ક્રેટની બજાર છૂટક કિમત ધરોકે 500 રૂપયા હશે તો 400 રૂપયા ખેડૂત પાસેથી અને 400 રૂપયા ગ્રાહક પાસેથી ડિપોજિટ લેવાશે. અહી જથ્થાબંધ ભાવે 400માં પ્રાપ્ત થતું ક્રેટ પ્રત્યેક જોડાયેલ ખેડૂત અને ગ્રાહક દીઠ એક વસાવામાં આવશે. | બુક થયેલ ઓર્ડર નિર્ધારિત સ્થળે રવાના કરવો તે ખેડૂતની જવાબદારી બનશે. આમ કરવામાં નિસફળ જનારની ડિપોજીટ જપ્ત થઈ શકે છે. |


**પરિવહન વ્યાવસ્થાપન:**

| | |
|---|---|
|  | નક્કી થયેલ ઓર્ડર મુજબની વસ્તુ સાથેનું ક્રેટ ખેડૂત તૈયાર કરશે, જેતે ક્રેટનું બારકોડ ખેડૂત MANDI એપમાં 'ક્રેટ મેનૂ' માં સ્કેન કરતાં તે માહિતી ખેડૂત,ગ્રાહક અને ગ્રાહકના લોકેશનના આધારે જે તે ગોડાઉન કીપરને જાણ થશે. ખેડૂતને એક કરતાં વધારે ક્રેટ પોતાના જુદા જુદા ઓર્ડર પ્રમાણે પેક કરવાના રહેશે. આ પેક કરેલ ક્રેટ તેના સ્થળ મુજબની બસમાં રવાના થશે. |
|  | બસ કંડક્ટર ક્રેટના બારકોડ સ્કેન કરતાજ તેનું અંતિમ ગંતવ્ય સ્થાન જણાશે. ક્રેટનો સ્વીકાર કરી બસ રવાના થશે. ક્રેટના કંડક્ટર દ્વારા સ્વીકાર થતાં હવે ગ્રાહક, ગોડાઉન કીપર અને ખેડૂત જો જાણવા ઈચ્છે તો ક્રેટનું લાઈવ લોકેશન જાણી શકશે. કંડક્ટર દ્વારા ખોટા રૂટ્નુ ક્રેટ જો ભૂલથી સ્વીકાર થાય છે તો તેનું નોટિફિકેશન SATHI-1 એપ વોરનિંગ સ્વરૂપે આપશે. |
|  | ક્રેટ તેના અંતિમ ગંતવ્ય સ્થાને પોહોચતા હવે કંડક્ટર ક્રેટ ને ગોડાઉન કીપર ને સુપ્રત કરશે.વર્તમાન સમયમાં ST પાર્સલ સેવા આ પ્રકારની સેવા આપીજ રહી છે. ક્રેટ નો બાર કોડ ગોડાઉન કીપર પોતાની SATHI-2 એપમાં સ્કેન કરતાં ક્રેટનું લોકેશન ખેડૂત અને ગ્રાહક બંને ને ટેક્નોલોજી દ્વારા જણાવવામાં આપશે. |

**સંગ્રહ વ્યાવસ્થાપન**




ગોડાઉન કીપર ક્રેટ ના બારકોડ સ્કેંન કરી તેના લોકેશનના બારકોડને પણ સ્કેન કરશે. આમ કરતાં ગોડાઉનના અસંખ્ય ઓર્ડર કયા લોકેશન ઉપર મુકાયેલા છે તેની જાણ ખેડૂત,ગ્રાહક અને પોતાને પણ જણાવશે. જેમ-જેમ જરૂરિયાત ઊભી થાય તેમ તેમ શાકભાજી, જુદા-જુદા ફળ વગેરેની અલાયદી જરૂરિયાત મુજબ અલાયદા ગોડાઉન વિકસાવી શકશે.



અસંખ્યા રેક ધરાવતું ગોડાઉન પ્રત્યેક રેકના અને રેક માં મુકાયેલ ક્રેટના યુનિક લોકેશન ધરાવતું હોય છે. પ્રતિએક લોકેશન ઉપર ક્રેટ છે કે નહીં ? જો ક્રેટ છે તો ક્યારે આવ્યું ? તેની સમય મર્યાદા કેટલે? / કેટલા સમયમાં ડિલિવરી લેવાશે?/ ઉત્પાદન ક્યારે એસ્પાયર થશે વગેરે માહિતી ગોડાઉન કીપરની પાસે હોય છે. સૉફ્ટવેર એસ્પાઇયર થયેલ ક્રેટની વોરનિંગ પણ આપતી હશે.



અસંખ્ય ક્રેટ ધરાવતા અસંખ્ય રેક અને અસંખ્ય રેક ધરાવતું ગોડાઉન દેખાવમાં અત્યંત ગુચવાડા વાળું દેખાતું હોવા છતા તેના પ્રતિએક લોકેશન યુનિક હોય છે. સુપર મોલ ના ગોડાઉન વર્તમાન સમયમાં આજ વ્યવસ્થા દ્વારા પોતાના સામાનની વ્યવસ્થા ગોઠવતા જોવા મળે છે. ઓર્ડર કરેલ કોઈ ક્રેટ ડિલિવરી માં નિષ્ફળ જાય તો તે સમાન જાહેર હરાજી/ ભંગાર/કચરા તરીકે નિકાલ થશે.

## વિતરણ અને ફિડબેક: વ્યાવસ્થાપન:

| | |
|---|---|
|  | દૂર શહેરમાં રહેતા શાકભાજી વિક્રેતા બેન દ્વારા જુદા-જુદા શાકભાજી સીધાજ ખેડૂત પાસેથી ઓર્ડર કરી માંગવામાં આવ્યા છે.આગલા દિવસે ઓર્ડર કરેલ શાકભાજી સાંજની બસ દ્વારા રાત્રે મુસફારી પૂરી કરી વહેલા સવારે વિક્રેતા બેન ના નજીકના ગોડાઉનમાં આવી પોહોંચ્યા છે. એક કરતાં વધારે ક્રેટની ડિલિવરી લેવા ગયેલ વિક્રેતાબેન જાતેજ ક્રેટને લાવી સીધા જ પોતાની દુકાનમાં શાકભાજી અને ફળ વિચાણ અર્થે મૂકે છે.બીજા દિવસે ખાલી ક્રેટ જમા કરાવશે અને નવા લેતા આવશે. |
|  | ખેડૂતોની સાથે પ્રત્યક્ષ સંપર્ક કરી ઓર્ડર શાકભાજી અને ફળફ્લાદી ઓર્ડર કરતાં વિક્રેતા બેન ઉત્પાદનની ગુણવત્તા અંગે સીધા જ વાત કરી લેશે. અસંખ્ય ઉત્પાદકોએ હોવાથી પરસ્પર હરીફાઈ કરશે. અસંખ્ય ગ્રાહકો હોવાથી કોઈ ખરીદનારનો ઇજારો રહેશે નહીં . ગ્રાહક નો રિવ્યુ ખેડૂત નક્કી કરશે અને ખેડૂતનો રિવ્યુ ગ્રાહક, આમ બંને પક્ષો એક બીજાના વર્તનને નિયંત્રિત કરશે. |

| | |
|---|---|
|  | સંતોષ પામેલ ગ્રાહક અને સંતોષ પામેલ ખેડૂત આ વ્યવસ્થાનું ચાલક બળ હશે. અસંતોષ ના કિસ્સામાં પ્રત્યક્ષ વાટાઘાટો દ્વારા નિરાકરણ આવી જાઈ તેવું અપેક્ષિત છે. જો કોઈ પક્ષે અસંતોષ હશે તો તેવો એક બીજાના રિવ્યુ ને પ્રભાવિત કરશે. અહી જીરો મધ્યસ્થી, જીરો પરિવહન અને જીરો ઉત્પાદન અને સમય વ્યય સાથે આ યોજના કાર્ય કરશે. |




જીરો મધ્યસ્થી, જીરો પરિવહન અને જીરો ઉત્પાદન અને સમય વ્યય સાથે આ યોજના કાર્ય કરશે.પરંતુ જો કોઈ આત્યંતિક વિખવાદ ઉદભાવશે તો તેવા સંજોગોમાં ગ્રાહક સુરક્ષા અને ખેડૂત રક્ષણ માટે વ્યવસ્થાના ભાગ રૂપે જ કોઈ ન્યાયિક વ્યવસ્થા કોર્ટના નીચલા સ્તરની હોય જેમાં ત્વરિત ચુકાદા હોય. અહી ગ્રાહક અને ખેડૂતને પોતાના રિવ્યુ સુધારવાનો પણ અવસર હોય.

## 4.3 આદિવાસી હાટ બજારની હંગામી/ફરતી હોસ્પિટલ:


આદિવાસી ક્ષેત્રની મુખ્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ: આદિવાસી ક્ષેત્રમાં સ્વસ્થ્ય સંબંધિત જુથ ચર્ચાઓ અને પ્રત્યક્ષ મુલાકાતના અનુભવોના આધારે નિષ્કર્ષ કરવામાં આવ્યું છે કે જ્યાં એક બાજુ સ્વાસ્થયની માંગ ઓછી છે ત્યાં બીજીબાજુ સ્વાસ્થયનો પુરવઠો પણ અપૂરતો છે. અપૂરતી માંગ સ્વાસ્થયના પુરવઠને કોઈક સંજોગોમાં વણ વપરાયેલ રાખે છે તો બીજી બાજુ અપૂરતો સ્વાસ્થયના પુરવઠાને પરિણામે બિન ઇચ્છનીય રસ્તાઓ અપનાવાય છે જેમાં બોગસ તબીબો અને અયોગ્ય પ્રેક્ટિસ કરતાં તબીબો દ્વારા અયોગ્ય અને ગેરકાયદેસર પ્રેક્ટિસ થવા લાગે છે. પરિણામ એ આવે છે કે વૈજ્ઞાનિક ગણાતું તબીબી જ્ઞાન યોગ્ય પરિણામ ન આપતા તેના પ્રત્યે આદિવાસી સમાજનો વિશ્વાસ પ્રસ્થાપિત થતો નથી.

| | |
|---|---|
| 1 | પાયાના તબીબોની અપુરતી સેવા અને નિષ્ણાત તબીબોની ગેરહાજરી |
| 2 | દૂર અંતરે આવેલ/ પ્રાપ્ત થતી સ્વાસ્થ્ય સુવિધા ન લેવાનું વલણ |
| 3 | અતિષય વિકૃત સ્વાસ્થ્ય સમસ્યામાં મેળવેલ સેવા અધૂરી મૂકવાનું વલણ |
| 4 | તબીબી સલાહનું અપૂરતું પાલન (જરૂરી તપાસો ન કરાવવી) |
| 5 | કેસ પેપર અને સ્વાસ્થ્ય રેકડની પ્રોપર જાળવણીનો અભાવ |
| 6 | નિદાન અને ઉપચારમાં અનિયમિતતા |
| 7 | સ્વાથ્થ્ય દરકાર જેને જરૂર છે તેનું અનિવારી ફોલોપ લેવામાં આવતું નથી |
| 8 | તબીબ સ્ટાફ સાથે પૂર્વગ્રહ બંધાઈ જતાં સ્વાસ્થ્ય સેવાથી આપો આપ અંતર કરી લે છે |


ઉપરોક્ત તમામ સમસ્યાઓને હળવી કરવા અથવા નિવારવાના ઉપાય તરીકે હાટ બજારની ફરતી હંગામી હોસ્પિટલ સૂચવવામાં આવેલ છે. જેના દ્વારા આદિવાસી સમાજ જ્યાં પ્રત્યેક

આઠવાડીએ નિયમિત એકત્રિત થાય છે તેવા સ્થળે તેમના અન્ય હેતુ/રસ ની સાથે સાથે પૂરક તરીકે સ્વાસ્થય સુવિધા મેળવશે અથવા સ્વાસ્થ્ય સેવા ની સાથે સાથે પૂરક અન્ય હેતુ/ રસ સિદ્ધ કરશે. ઉપરોક્ત આદિવાસી સમાજની સ્વાસ્થ્ય સામેના અંતરાયો નિરાકરણ થતાં નિશ્ચિત પણે સ્વાસ્થય સુધારાની અપેક્ષા રાખી શકાય. આદિવાસી સમાજની સ્વાસ્થ્ય જરૂરિયાતો ને પૂરી કરવા તેમના સામાજિક.ભોગોલિક અને વ્યક્તિગત અંતરાયો નિવારવા આ પ્રકારની હાટ બજારની હંગામી હોસ્પિટલ નિશ્ચિતપણે અપેક્ષિત પરિણામ આપશે

**હાટ હોસ્પિટલ એક સૉફ્ટવેર SWASTHY દ્વારા કાર્યાન્વિત થશે જે નીચે મુજબ રજૂ કરેલ છે.**



**હાટ હોસ્પિટલનું બંધારણીય માળખું:**




**સેવક સમૂહ-1**

જે હાટ બજારની હંગામી હોસ્પિટલ માંટે જે તે લાગતાં વળગતા ગામોના સ્થાનિક લગતા વળગતા CHC,PHC ના તમામ મેડિકલ અને પેરમેડિકલ સ્ટાફના સભ્યો ,આશા બહેનો ,આંગણવાડી સંચાલકો, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના શિક્ષકોના સમૂહ દ્વારા તૈયાર થશે. પ્રત્યેક આદિવાસી ગામ કોઈ એક હાટ હોસ્પિટલ સાથે જોડાયેલ હશે જ. આ સમહુના દરેક સભ્યો જે સીધા જ સ્થાનિક લોકોના સંપર્કમાં હોય છે તેવો સ્થાનિક નાગરિકોના સ્વાસ્થ્ય પ્રશ્નો

પ્રત્યે વ્યક્તિગત માહિતગાર હશે. આ તમામ સભ્યો પોતાના પદ કે જવાબદારીના ભાગ તરીકે આ હોસ્પિટલ સાથે આપોઆપ જોડાઈ જશે. તેમની નોધણી વ્યક્તિગત નહીં પણ પદ તરીકે રહેશે. બદલીના સંજોગોમાં નામ પરિવર્તનો થયા કરશે. જેવો પ્રત્યક્ષ પરોક્ષ સરકારી કર્મચારી અથવા સરકારી યોજનામાં નિયુક્ત સેવકો છે. જેમનું પ્રત્યક્ષ, પરોક્ષ કાર્ય સ્થાનિકોના સ્વાસ્થ્ય સ્તર સાથે જોડાયેલુ છે.

**સેવક સમૂહ-2:**

**ગામના સરપંચ અને તલાટી /પંચાયત સભ્યોની બનેલ આ સમૂહ પ્રત્યક્ષ રીતે કોઈ જવાબદારી વહન કરશે નહીં પરંતુ હાટ બજારની આ ફરતી હોસ્પિટલના એક કાર્યવાહન કરતાં તરીકે** તેમનું જોડાણ અનિવાર્ય છે. તેઓ પ્રત્યેક અઠવાડિયાની હાટ હોસ્પિટલમાં થયેલ કામગીરી પ્રત્યક્ષ રીતે જોઈ શકશે. આ હોસ્પિટલની કામગીરી બાબતે તેવો પ્રત્યક્ષ રીતે સૂચનો સીધા જ જિલ્લા સિવિલ હોસ્પિટલના  સુપ્રિટેંડેંટને કરી શકશે. આ પ્રકારની કોઈ પણ રજૂઆતની એક કોપી આપો-આપ જિલ્લા આરોગ્ય અધિકારી ને જશે. સિવિલ હોસ્પિટલ સુપ્રિટેંડેંટ અને જિલ્લા સ્વાસ્થ્ય અધિકારી દ્વારા આ પ્રકારની કોઈ રાજુવાત કેવી રીતે અને કેટલા સમયમાં નિરાકરણ કરી આપી, રજૂઆત કેટલા સમયથી પેંડીંગ/પડતર છે વગેરે માહિતી સ્ટેટ્સ સ્વરૂપે રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી અને રાજ્યના સ્વાસ્થ્ય સચિવના સુધી નોધણી થશે. આમ હાટ હોસ્પિટલની સક્રિયતા અને ગુણવત્તા તે  આ સમૂહના પરોક્ષ  છતા સક્રિય સહકાર ઉપર પણ આધાર રાખે છે આ કારણથી પણ આ સમૂહની સક્રિયતા ઇચ્છનીય છે.

**સેવક સમૂહ-3:**

ખાનગી તબીબો તેમાં મંજૂરી મેળવી સેવા આપી શકશે. સેવાભાવી તબીબો આસપાસના નગર, શહેર કે દૂરના પ્રદેશો માથી સ્વેચ્છિક રીતે નિર્ધારિત સમય અને સ્થળ સાથે આ સેવા કાર્યમાં જોડાઈ શકશે. વ્યક્તિગત દાતાઓ જેઓ આ સેવા કાર્યમાં દાન આપી યોગદાન કરવા ઇચ્છા ધરાવે છે તેવો આગોતરું આયોજન જણાવી સમતિ મેળવવી પડશે. મુખ્યત્વે ખાનગી તબીબો પોતાની દરખાસ્ત જાહેર કરશે. જેમાં સ્થળ અને સમય નિર્ધારિત હશે. આ સેવામાટે જરૂરી નાણાકીય રકમ વ્યક્તિગત દાતાઓ, સંસ્થાઓ દ્વારા પ્રાપ્ત થતાં તે સેવા કાર્ય શક્ય બનશે. અહી વિવિધ NGO અને સેવાભાવી સંસ્થાઓ ના સહયોગની મોટા પ્રમાણમા સહકારની અપેક્ષા છે.

સેવક સમૂહ-4: આ સમૂહમાં બાળરોગ, સ્ત્રી રોગ નિષ્ણાંત અને જનરલ ફિજીસીયન એક: કુલ ત્રણ મુખ્ય તબીબો+ 15 તબીબી કોલેજના (એમબીબીએસ-10 & M.D-5=કુલ 15 વિદ્યાર્થીઓની

એક ટીમ)= કુલ 18 સભ્યો જે હાટ હોસ્પિટલનું ચાલક બળ છે. જેમના દ્વારા આ સેવા પ્રવૃતી કાર્યન્વયન થશે. આ સમૂહનો પ્રત્યેક સભ્ય પોતાની ફરજના ભાગ રૂપે આ કાર્યમાં જોડાશે.

તબીબી કોલેજના એમબીબીએસના અને એમ.ડી અભ્યાસક્રમના વિધ્યાર્થી માટે પ્રત્યેક સેમેસ્ટરમાં બે હાટ હોસ્પિટલ યોગદાન સફળતા પૂર્વક આપેલ હોવા એ અનિવાર્ય અને જે તે જિલ્લાના અને તેના પાડોશી જિલ્લાના સરકારી નિષ્ણાત તબિબો માટે પ્રત્યેક વર્ષ માટે બે હાટ હોસ્પિટલના સફળ યોગદાન અનિવાર્ય હોય તેવા સંજોગોમાં હાટ હોસ્પિટલને સ્વાસ્થ્યના નિષ્ણાતોની અછત રહેશે નહીં. તમામ સેવક સમૂહ-4 સતત પરિવર્તિત રહેશે.

જિલ્લા સિવિલ હોસ્પિટલ સુપ્રિટેંડેંટ ની વડપણમાં આ યોજનાનું કાર્યવાહન થવાનું હોય તેવો હોદ્દાની રૂએ હાટ હોસ્પિટલના સંપૂર્ણ સત્તાધિશ રહેશે. હંગામી હાટ હોસ્પિટલ અંગેના તમામ આખરી નિર્ણયો તેમણે લેવાના રહેશે. જિલ્લાની તમામ હાટ હોસ્પિટલ તેમની દેખરેખમાં રહેશે. હાટ હોસ્પિટલ અંગેની સમૂહ-2 દ્વારા થતી તમામ રજૂઆતો સાંભળી તેનું નિવારણ કરવું અને તેની નોધ યોગ્ય જગ્યાએ કરવી તેમને બંધનકર્તા રહેશે.

**તબક્કો-1 SWASTHY ટીમ નિર્માણ:**

<table>
<tr><td colspan="4">સ્થાનિક સવલગ્ન વ્યક્તિઓ દ્વારા સમૂહ-1 અને 2 આપો આપ નોધશે જે SWASTHY માં આગળ રજૂઆત કરી શકશે.</td></tr>
<tr><td colspan="2">સમૂહ-1: સ્થાનિક લગતા વળગતા CHC,PHC ના તમામ મેડિકલ અને પેરમેડિકલ સ્ટાફના સભ્યો ,આશા બહેનો ,આંગણવાડી સંચાલકો, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના શિક્ષકો સીધા જ સંપર્કમાં રહેશે.</td><td colspan="2">સમૂહ-2 ગામના સરપંચ અને તલાટી /પંચાયત સભ્યોની પરોક્ષ સક્રિયતા ઇચ્છનીય</td></tr>
<tr><td>SWASTHY: સૉફ્ટવેરમાં આપો આપ નોધશે. માત્ર નામ અપડેટ જરૂરી થયે કરવાનું રહેશે.</td><td>સ્વાસ્થય સમસ્યા જણાતા દર્દીને હાટ હોસ્પિટલ માટે રિફર કરવાનો રહેશે. દર્દીની સ્વાસ્થ્ય અપડેટ દર અઠવાડિયે અનિવાર્ય.</td><td>SWASTHY: સૉફ્ટવેરમાં આપો આપ નોધશે. માત્ર નામ અપડેટ જરૂરી થયે કરવાનું રહેશે.</td><td>હાટ હોસ્પિટલનું સતત કાર્યાવલોક કરવું. લોક રજૂઆત ને SWASTHY દ્વારા સિવિલ હોસ્પિટલ સુપ્રિટેંડેંટ સમક્ષ મૂકવી.</td></tr>
<tr><td colspan="4">SWASTHY: Special Weekly Action to Serve for Tribal Health Yagy</td></tr>
<tr><td colspan="4">મુલાકાતી સ્વાસ્થ્ય નિષ્ણાત વ્યક્તિઓ દ્વારા સમૂહ-3 અને 4 વ્યક્તિગત રીતે જે તે વ્યક્તિઓ દ્વારા SWASTHY માં નોંધણી કરી રચાશે .</td></tr>
<tr><td colspan="2">સમૂહ-3: ખાનગી તબીબો તેમાં મંજૂરી મેળવી સેવા આપી શકશે. (વ્યક્તિગત દાતાઓ , વિવિધ NGO અને સેવાભાવી સંસ્થાઓ ના સહયોગની અપેક્ષા</td><td colspan="2">સમૂહ-4: બાળરોગ, સ્ત્રી રોગ વિષેસજ્ઞ અને જનરલ ફિજીસીયન એક: કુલ ત્રણ મુખ્ય તબીબો+તબીબી કોલેજના(એમબીબીએસ-10 & M.D-5=કુલ 15 વિદ્યાર્થીઓની એક ટીમ).</td></tr>
<tr><td>SWASTHY: સૉફ્ટવેરમાં દાતાઓ દ્વારા તબીબની મુલાકાત માટે રકમ દાન કરવાની વિવિધ ઓફરો માથી તબીબ પસંદ કરી સેવા યજ્ઞ માં જોડાશે. અથવા પોતાની ઓફર મૂકી દાતાને આમંત્રણ આપશે.</td><td>સ્વેચ્છિક રીતે સેવા યજ્ઞમાં જોડાયેલ તબીબ પાસે પોતાનું સેવા દર્શન હશે જ પોતાની સેવા ભાવનાથી પ્રેરણા લઈને જોડાયેલ તબીબ તબીબ ટીમ સાથે સહયોગતા પૂર્ણ કામગીરી બજાવી સેવા યજ્ઞમાં યોગદાન આપશે.</td><td>SWASTHY: સૉફ્ટવેરમાં મેડિકલ કોલેજના તાલીમાર્થી તબીબી દ્વારા અભ્યાસક્રમના ભાગ સ્વરૂપે નોધણી થશે. સમૂહ દ્વારા થતી નોધણી ઇચ્છનીય/ સગવડકારક પરંતુ વ્યક્તિગત સ્વતંત્રતા પણ રહેશે.</td><td>તૈયાર થયેલ SWASTHY ટીમ તેના નિર્ધારિત સમયે અને સ્થળે રીપોર્ટિંગ કરશે. સમયમાં એક કલાકનો વિલંબ અડધી હાજરી અને બે કલાકનો વિલંબ સંપૂર્ણ ગેર હાજરી ગણાશે.</td></tr>
</table>

તબક્કો-2 SWASTHY ટીમ કાર્ય :

<table>
<tr><td colspan="2">સ્થાનિક સવલગ્ન વ્યક્તિઓ દ્વારા સમૂહ-1 અને 2 આપો આપ નોધશે જે SWASTHY માં આગળ રજૂઆત કરી શકશે.</td></tr>
<tr><td>સમૂહ-1: સ્થાનિક લગતા વળગતા CHC,PHC ના તમામ મેડિકલ અને પેરમેડિકલ સ્ટાફના સભ્યો ,આશા બહેનો ,આંગણવાડી સંચાલકો, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના શિક્ષકો સીધા જ સંપર્કમાં રહેશે.</td><td>સમૂહ-2 ગામના સરપંચ અને તલાટી /પંચાયત સભ્યોની પરોક્ષ સક્રિયતા ઇચ્છનીય.</td></tr>
<tr><td>SWASTHY: માં પ્રત્યેક અઠવાડિયે પોતાના કાર્યક્ષેત્રના દર્દીની નોધ કરી આવતા અઠવાડિયે ફોલો-અપ લેવાનું રહેશે.<br>નવા સ્વાસ્થય સમસ્યા જણાતા દર્દીને હાટ હોસ્પિટલ માટે રિફર કરવાનો રહેશે. દર્દીની સ્વાસ્થ્ય અપડેટ દર અઠવાડિયે અનિવાર્ય</td><td>હાટ હોસ્પિટલ માટે સુવિધા નિર્માણ કરવું. મેદાન સ્વચ્છતા, વોશરૂમ, સ્થાનિક લોકોનો સહકાર અને શિસ્તપાલન તેમની જવાબદારી.<br>હાટ હોસ્પિટલનું સમય પાલન, કાર્યઅવલોકન, ને SWASTHY દ્વારા સિવિલ હોસ્પિટલ સુપ્રિટેંડેંટ સમક્ષ મૂલ્યાંકન સ્વરૂપે મૂકવું.</td></tr>
<tr><td colspan="2">SWASTHY: Special Weekly Action to Serve for Tribal Health Yagy</td></tr>
<tr><td colspan="2">મુલાકાતી સ્વાસ્થ્ય નિષ્ણાત વ્યક્તિઓ દ્વારા સમૂહ-3 અને 4 વ્યક્તિગત રીતે જે તે વ્યક્તિઓ દ્વારા SWASTHYમાં નોંધણી કરી રચાશે .આ SWASTHY ટીમ હાટ હોસ્પિટલ સેવા યજ્ઞને તેના અપેક્ષિત કાર્ય દ્વારા વાસ્તવિક પરિણામ સુધી દોરી જશે.</td></tr>
<tr><td>સમૂહ-3: ખાનગી તબીબો તેમાં મંજૂરી મેળવી સેવા આપી શકશે. (વ્યક્તિગત દાતાઓ , વિવિધ NGO અને સેવાભાવી સંસ્થાઓ ના સહયોગની અપેક્ષા</td><td>સમૂહ-4: બાળરોગ, સ્ત્રી રોગ વિષેસજ્ઞ અને જનરલ ફિજીસીયન એક: કુલ ત્રણ મુખ્ય તબીબો+તબીબી કોલેજના(એમબીબીએસ-10 & M.D-5=કુલ 15 વિદ્યાર્થીઓની એક ટીમ).</td></tr>
<tr><td>SWASTHY: સૉફ્ટવેરમાં સ્વેચ્છિક રીતે સેવા યજ્ઞમાં જોડાયેલ તબીબ પાસે પોતાનું સેવા દર્શન હશે.<br>અન્ય ટીમ સાથે સહકાર દ્વારા પોતાની સેવા આપશે.<br>તબીબ ટીમ સાથે સહયોગતા પૂર્ણ કામગીરી બજાવી સેવા યજ્ઞમાં પોતાનું યોગદાન આપશે.<br>સેવા યજ્ઞપૂર્ણ થતાં શરત પાલનની ખાતરી મળતા તેમનો પુરષ્કાર આપો આપ બેન્ક ખાતામાં જમા થશે.</td><td>મેડિકલ કોલેજના તાલીમાર્થી તબીબી દ્વારા અભ્યાસક્રમના ભાગ સ્વરૂપે અહી સેવા બજાવશે.<br>જિલ્લા સિવિલ હોસ્પિટલ દ્વારા નિયુક્ત તબીબો સંપૂર્ણ હોસ્પિટલકાર્યને નેતૃત્વ પૂરૂં પાડશે. તમામ તબીબી તાલિમાર્થીઓ, ખાનગી તબીબ વગેરેની કામગીરીનું અંતિમ મૂલ્યાંકન તેમના દ્વારા થશે. આ મૂલ્યાંકન દ્વારા જ તેમના દેખાવ પરિણામો નીપજશે. દાત: ખાનગી તબીબના પુરષ્કાર, તાલીમાર્થી તબીબોની હાજરી,ટીમ-1&2 ની કામગીરી મૂલ્યાંકન વગેરે.</td></tr>
</table>

**તબક્કો-3 SWASTHY ટીમ મૂલ્યાંકન:**

સમૂહ-1 અને 2 તેના ફરજના ભાગ રૂપે હાટ હૉસ્પિટલના લક્ષાકોથી માહિતગાર હશે. જે SWASTHYમાં સમૂહ-4 ની મૂલ્યાંકન દ્વારા સફળ કે અસફળ નિર્ધારિત થશે. નબળી કામગીરી તેમનું મૂલ્યાંકન ઘટાડશે.

સમૂહ-1: સ્થાનિક લગતા વળગતા CHC,PHC ના તમામ મેડિકલ અને પેરમેડિકલ સ્ટાફના સભ્યો ,આશા બહેનો ,આંગણવાડી સંચાલકો, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના શિક્ષકો.

| | CHC,PHCના તમામ મેડિકલ | અને પેરમેડિકલ સ્ટાફના સભ્યો | આશા બહેનો | આંગણવાડી સંચાલકો | પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના શિક્ષકો |
|---|---|---|---|---|---|
| લક્ષાકો | કાર્યક્ષેત્રમાં ગંભીરથી સરળ દર્દીનું વર્ગીકર્ણ અને ફોલોપ SWASTHY માં દર્શાવશે. | સ્થાનિક અને મુલાકાતી તબીબ ટીમની સૂચના પ્રમાણે મદદનિશ તરીકે કામગીરી કરશે. | સગર્ભા સ્ત્રીઓ, ધાત્રીમાતાઓ , કિશોરીઓ અને કાર્યક્ષેત્રના તમામનું સ્વાસ્થ્ય અપડેટ સોફ્ટવેરમાં કરશે. | બાળ પોષણ ને લગતા અને બાળ સ્વાસ્થ્ય સમષ્યાઓ સ્વાસ્થ્ય અપડેટ સોફ્ટવેરમાં કરશે. | કિશોર, કિશોરીઓ ના સ્વાસ્થ્ય સંબંધિત અપડેટ સોફ્ટવેરમાં કરશે. |
| પરિણામ | પ્રત્યેક નોધાયેલ સમસ્યાને લઈ થયેલ અપડેટ અનુસાર કામગીરી મૂલ્યાંકન થશે. પ્રત્યેક સમસ્યા નિર્ધારિત ફોલોપ SWASTHYમાં માગતી હશે.<br>મૂલ્યાંકન પરિણામ 0 થી 100% ના સ્કેલમાં રહેશે. મૂલ્યાંકન કેરી ફોરવર્ડ સ્વરૂપનું રહેશે,વર્તમાન નબળું મૂલ્યાંકન (દ્વિમાષિક/માસિક/ત્રિમાસિક) ભવિષ્યમાં સુધારી શકાશે. નિર્ધારિત સમય મર્યાદામાં (વાર્ષિક) ન્યનતમ પરિણામ ન મળતા સિક્ષાત્મક કાર્યવાહીની જોગવાઈ હશે. | | | | |

સમૂહ-2 ગામના સરપંચ અને તલાટી /પંચાયત સભ્યોની પરોક્ષ સક્રિયતા ઇચ્છનીય.

| | ગામના સરપંચ | તલાટી | પંચાયત સભ્યો |
|---|---|---|---|
| લક્ષાકો | હાટ હોસ્પિટલ માટે સુવિધા નિર્માણ કરવું. મેદાન સ્વચ્છતા, વોશરૂમ, સ્થાનિક લોકોનો સહકાર અને શિસ્તપાલન | | |
| પરિણામ | SWASTHYમાં પ્રત્યેક નોધાયેલ સમસ્યાને લઈ થયેલ અપડેટ અનુસાર કામગીરી મૂલ્યાંકન થશે.<br>મૂલ્યાંકન પરિણામ 0 થી 100% ના સ્કેલમાં રહેશે. મૂલ્યાંકન કેરી ફોરવર્ડ સ્વરૂપનું રહેશે. વર્તમાન નબળું મૂલ્યાંકન (દ્વિમાષિક/માસિક/ત્રિમાસિક) ભવિષ્યમાં સુધારી શકાશે.<br>નિર્ધારિત સમય મર્યાદામાં (વાર્ષિક) ન્યનતમ પરિણામ ન મળતા શિક્ષાત્મક કાર્યવાહીની જોગવાઈ હશે. | | |

| | | |
|---|---|---|
| સમૂહ-3: ખાનગી તબીબો તેમાં મંજૂરી મેળવી સેવા આપી શકશે. (વ્યક્તિગત દાતાઓ , વિવિધ NGO અને સેવાભાવી સંસ્થાઓ ના સહયોગની અપેક્ષા | | |
| | ખાનગી તબીબો | તબીબી તાલિમાર્થીઓ (મેડિકલ સ્ટુડન્ટ્સ MBBS અને MD) |
| લક્ષાકો | તબીબી સેવા નિર્માણ | |
| પરિણામ | SWASTHYમાં સેવા નિર્દેશક અનુસાર તબીબોની કામગીરી મૂલ્યાંકન થશે.<br>દર્દીના કેસ (ડિટેલમાં/ સ્વાસ્થ્ય વાંછુંના કેસમાં) દર્દી ને આપવામાં આવેલ સેવાઓ/ નિદાન/ રોકથામના પગલાઓ વગેરે.<br>મૂલ્યાંકન પરિણામ 0 થી 100% ના સ્કેલમાં રહેશે. મૂલ્યાંકન કેરી ફોરવર્ડ સ્વરૂપનું રહેશે. વર્તમાન નબળું મૂલ્યાંકન (એક થી 15 મુલાકાતો માટે) ભવિષ્યમાં સુધારી શકાશે.<br>નિર્ધારિત સમય મર્યાદામાં (10 મુલાકાતો માટે) ન્યનતમ પરિણામ ન મળતા શિક્ષાત્મક કાર્યવાહીની જોગવાઈ હશે. સમગ્ર મુલાકાત રદબાતલ ગણાશે નવેસરથી મુલાકાત ગોઠવણી કરવી પાડશે. નિર્ધારિત મુલાકાત સેવાની ગેરહાજરીમાં તાલીમ ડિગ્રી વિલંબમાં પડી શકે.<br>ખાનગી તબીબના પુરષ્કારમાં કાપ. | |
| સમૂહ-4 : જિલ્લા સિવિલ હોસ્પિટલના નિષ્ણાત તબીબો | | |
| લક્ષાકો | તબીબી સેવા નિર્માણ અને તબીબી સેવા સંચાલન (સમગ્ર ટીમનું નેતૃત્વ અને મૂલ્યાંકન) | |
| પરિણામ | મૂલ્યાંકન પરિણામ 0 થી 100% ના સ્કેલમાં રહેશે. મૂલ્યાંકન કેરી ફોરવર્ડ સ્વરૂપનું રહેશે. વર્તમાન નબળું મૂલ્યાંકન (05 મુલાકાતો માટે /વાર્ષિક માટે ) ભવિષ્યમાં સુધારી શકાશે.<br>નિર્ધારિત સમય મર્યાદામાં (05 મુલાકાતો માટે /વાર્ષિક મુલાકાતો માટે) ન્યનતમ પરિણામ ન મળતા શિક્ષાત્મક કાર્યવાહીની જોગવાઈ હશે. સમગ્ર મુલાકાત રદબાતલ ગણાશે નવેસરથી મુલાકાત ગોઠવણી કરવી પાડશે. નિર્ધારિત મુલાકાત સેવાની ગેરહાજરીમાં પ્રમોશન ઈંકીમેંટ વિલંબમાં પડી શકે.<br>સરકારી તબીબના ભત્થામાં કાપ. | |

**તબક્કો-4 SWASTHY ટીમ પરિણામ વ્યક્તિગત:**

| |
|---|
| **સમૂહ-1: સ્થાનિક SWASTHY સમૂહ-1 પ્રત્યક્ષ રીતે સ્થાનિક લોકો સાથે જોડાયેલ હશે. (આશા બહેનો ,આંગણવાડી સંચાલકો,) પોતાની સફળતા લોકો સમક્ષ રજૂઆત કરી શકશે. સરકારી કર્મચારી (સ્થાનિક લગતા વળગતા CHC,PHC ના તમામ મેડિકલ અને પેરમેડિકલ સ્ટાફના સભ્યો , તલાટી, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના શિક્ષકો)પોતાની સફળતા સરકાર સમક્ષ મૂકી પોતાની વ્યાવસાયિક માંગમાં અગ્રતાઓ મેળવી શકશે. દાત: સરકારી** કર્મચારીઓની બદલીના સંજોગોમાં સફળ કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવશે. |
| **સમૂહ-2: ગામના સરપંચ અને પંચાયત સભ્યો: તેમની સફળતાની રાજુવત લોક સમક્ષ રજૂઆત કરી પોતાની રાજકીય નેતાગીરીની સફળતા મેળવશે. હાટ બજારની બહારથી પરોક્ષ સક્રિયતા ધરાવતા સ્થાનિક નેતાઓ** પોતાની ઇચ્છનીય રાજકીય લોકપ્રિયતા મેળવવા હાટ બજારમાં વધુને વધુ શક્રીય રહેશે. તેમની હાટ હોસ્પિટલ ની ફરિયાદો પ્રત્યક્ષ રીતે જિલ્લા સિવિલ હોસ્પિટલ હેડ સુધી અને આ ફરિયાદનું ફોલોપ સ્ટેટસ રાજ્યના આરોગ્યમંત્રિ અને આરોગ્ય સચિવ સુધી પોહોંચતું હોય તેમની યોગ્ય માંગ પૂરી કરાવી સ્થાનિક લોકો સમક્ષ સફળ નેતૃત્વ સાબિત કરાવી શકાશે. |
| સમૂહ-3 નવી ખાનગી પ્રેકટીસ પ્રારંભ કરતાં ખાનગી તબીબીઓને પ્રારંભના વર્ષોમાં પોતાની કાબેલિયત પ્રસ્થાપિત કરવામાં અને સ્થાનિક લોકોનો વિશ્વાસ કેળવવામાં આ પ્રકારની સ્વાસ્થ્ય સેવાઓ મદદ રૂપ થશે.<br>ખાનગી તબીબોને સેવાઓ ફ્રી આપવાના વિકલ્પે જો કોઈ સ્પોન્સર્સ પ્રાપ્ત થાય છે તો તેવા સંજોગોમાં તેવો પુરષ્કાર સ્વરૂપ માં મહેનતાણું પણ મેળવશે. |
| SWASTHY: Special Weekly Action to Serve for Tribal Health Yagy |
| સમૂહ-4: બાળરોગ, સ્ત્રી રોગ  વિષેષજ્ઞ અને જનરલ ફિજીસીયન તેમની ફરજ ના ભાગ રૂપે આ સેવા યજ્ઞમાં જોડાય છે. તેમની સફળતાની રજૂઆત તેઓ સરકાર સમક્ષ કરી પોતાની વાજબી માંગ પ્રાપ્ત કરવામાં આ સફળતાઓ મદદરૂપ થશે. પોતાની સફળતા સરકાર સમક્ષ મૂકી પોતાની વ્યાવસાયિક માંગમાં અગ્રતાઓ મેળવી શકશે. દાત: સરકારી તબીબો ઓની બદલીના સંજોગોમાં સફળ કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવશે. ઈજફા અને ભતા મેળવશે.<br>તબીબી કોલેજના(એમબીબીએસ-10 & M.D-5=કુલ 15  વિદ્યાર્થીઓની એક ટીમ): પોતાની તાલીમ જરૂરિયાત ના ભાગરૂપે સેવા યજ્ઞમાં જોડાશે. સેવા યજ્ઞની સફળતા તેમને તેમની કારકિર્દીમાં સફળતા અપાવશે, અને નિસફળતા તેમને કારકિર્દીમાં વિધ્ન ઊભું કરશે. નવા વિસ્તાર અને નવા સમૂહમાં અજાણ્યા વિસ્તારમાં કાર્યઅનુભવ તેમના માટે કુતૂહલ, એડવેનચર, ઉત્સાહ અને આનંદયક રહેશે. |

**તબક્કો-5 SWASTHY ટીમ પરિણામ સામૂહિક:** યોગ્ય ટીમવર્ક પોતે સેવા યજ્ઞના અંતમાં પોતાની વ્યક્તિગત ઇચ્છાએ એકબીજાના સંપર્કો કેળવી ભવિષ્યમાં આ સંપર્કો વ્યવસાયીક પ્રગતિ માટે કારણરૂપ બની શકે છે.

તબક્કો-6 SWASTHY ટીમ પરિણામ સ્થાનિક આદિવાસી સમાજને સંભવિત ફાયદાઓ: હાટ બજાર સ્થિત હોસ્પિટલ આદિવાસી સ્વસ્થ્ય સુધારણના પ્રારભિક લક્ષ્ય સાથે વિચારવામાં આવેલ

છે. આદિવાસી સમાજમાં જોવા મળતી સ્વાસ્થ્ય સુવિધાની ખામીઓ આ હંગામી સ્વાસ્થ્ય હોસ્પિટલો દ્વારા નીચે મુજબ નિવારી શકશે.

**સ્વાસ્થ્ય સુવિધાની ખામીઓ આ હંગામી સ્વાસ્થ્ય હોસ્પિટલો દ્વારા નીચે મુજબ નિવારી શકશે.**

| | પ્રવર્તમાન સ્વાસ્થ્ય ખામી/ ઉણપ/અંતરાય | હાટ બજારની હંગામી હોસ્પિટલ દ્વારા આ મુસીબત/ અંતરાય/ ખામીનું નિવારણ |
|---|---|---|
| 1 | પાયાના તબીબોની અપુરતી સેવા અને નિષ્ણાત તબીબોની ગેરહાજરી | સ્થાનિક સ્તરે પાયાના અને નિષ્ણાંત તબીબોની નિયમિત અંતરાલે પ્રાપ્યતા. |
| 2 | દૂર અંતરે આવેલ/ પ્રાપ્ત થતી સ્વાસ્થ્ય સુવિધા ન લેવાનું વલણ | નજીક અંતરે એક સ્થળે તમામ સુવિધા પ્રાપ્ય થશે. સુવિધા મેળવવાનું આકર્ષણ |
| 3 | અતિષય વિકૃત સ્વાસ્થ્ય સમસ્યામાં મેળવેલ સેવા અધૂરી મૂકવાનું વલણ | સતત ફોલોઅપ ગામના જ આંગળવાડી સંચાલકો, શિક્ષકો,આશાવર્કરો દ્વારા લેવાશે. |
| 4 | તબીબી સલાહનું અપૂરતું પાલન (જરૂરી તપાસો ન કરાવવી) | હંગામી હોસ્પીટલમાં જરૂરી તપાસ મોટાભાગે સાથેજ હોય જે તે સમયે જરૂરિયાત પુણ થશે. |
| 5 | કેસ પેપર અને સ્વાસ્થ્ય રેકડની પ્રોપર જાળવણીનો અભાવ | કેસ પેપર અને તમામ રેકોર્ડ કોમ્પુટરમાં નોધાયેલ હશે. તમામ ડેટા ગમે ત્યારે એક્સેસ થશે. |
| 6 | નિદાન અને ઉપચારમાં અનિયમિતતા | નિયમિત ફોલોઅપ લેવાતા અનિયમિતતા ઘટશે. |
| 7 | સ્વાથ્યય દરકાર જેને જરૂર છે તેની અશક્તિ ને કારણે અન્ય વ્યક્તિ દ્વારા અનિવાર્ય ફોલોપ લેવામાં આવતું નથી | નિયમિત ફોલોઅપ સ્થાનિક ગામના જ આંગળવાડી સંચાલકો, શિક્ષકો,આશાવર્કરો દ્વારા લેવાશે.અને જરૂરી કિસ્સામાં હાટ હોસ્પિટલ મુલાકાત થશે. |
| 8 | તબીબ સ્ટાફ સાથે પૂર્વગ્રહ બંધાઈ જતાં સ્વાસ્થ્ય સેવાથી આપો આપ અંતર કરી લે છે | સતત બદલાતા તબીબો અને અન્ય સ્ટાફ સભ્યો માટે પૂર્વગ્રહ સર્જન થતો નથી / પૂર્વગ્રહ પ્રભાવી રહેતો નથી. |

**ઉપરોક્ત આદિવાસી સમાજની સ્વાસ્થ્ય સામેના અંતરાયો નિરાકરણ થતાં નિશ્ચિત પણે સ્વાસ્થય સુધારાની અપેક્ષા રાખી શકાય. આદિવાસી સમાજની સ્વાસ્થ્ય જરૂરિયાતો ને પૂરી કરવા તેમના સામાજિક.ભોગોલિક અને વ્યક્તિગત અંતરાયો નિવારવા આ પ્રકારની હાટ બજારની હંગામી હોસ્પિટલ નિશ્ચિતપણે અપેક્ષિત પરિણામ આપશે તેવી આશા છે.**

## 4.4 યુવાઓને પ્રેરણાત્મક આદિવાસી વિસ્તાર વિકાસ માટેના સ્વેછિક પ્રયોગો:

### યુનિવર્સિટી જગત અને નવી પેઢીની પ્રેરણા: ગૂજરાત વિધ્યાપીઠ પ્રેરિત ગ્રામશિલ્પી કાર્યક્રમ:

સાંપ્રત સમયમાં આપણે ઈચ્છીએ કે નાં ઇચ્છીએ પરંતુ ગામડું એ 'વિશ્વ ગ્રામ' બની ચૂક્યું છે. બદલાયેલા સમયમાં જે પડકારો, અવરોધો અને સ્થિતિ ઉભી થઇ છે તે સંદર્ભમાં ગ્રામ સ્વરાજ, સ્વાવલંબન અને ગ્રામ વિકાસની વિભાવના અને અમલીકરણની પદ્ધતિમાં બદલાવ એ અનિવાર્ય છે. યુગધર્મ જેવા આ કાગ્રામશિલ્પીને  વ્યાપક ક્ષેત્રે પાર પાડવા નવી સમજણ, નવી કુશળતા કે સજ્જતાવાળા કર્મશીલ અને નિષ્ઠાવાન સ્નાતકો-યુવકો ગ્રામ કક્ષાએ લોકો માટે, લોકો સાથે અને લોકો વચ્ચે રહીને કામ કરે એ ખૂબ જરૂરી છે. આ જરૂરીયાત સમજી-પારખીને ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ અને પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, અમદાવાદ દ્વારા ગ્રામશિલ્પી યોજના તૈયાર કરવામાં આવી છે.

### ગ્રામશિલ્પી કાર્યક્રમનું ધ્યેય:

વિકાસનો નાનામાં નાનો એકમ ગામડું છે. વિકાસનું ટકાઉપણું તેની દિશા, તરાહ અને અમલીકરણ પર છે. આ માટે વૈશ્વિક પરિપેક્ષમાં ગામના તળપદા આયોજન કરી પ્રકૃતિની ખીલવણી સાથે માનવીનો વિકાસ કરવા સક્ષમ એવી હરોળ ઊભી કરવી.

### ગ્રામશિલ્પી કાર્યક્રમના હેતુઓ:

૧. એકવીસમી સદીમાં ગાંધીવિચારની પ્રસ્તુતતા પ્રસ્થાપિત થાય તેવા ગ્રામીણ ગુજરાતના નવનિર્માણનું મોડેલ ઊભું કરવું.

૨. સ્નાતકો/અનુસ્નાતકોને ટકાઉ વિકાસ માટેના જ્ઞાન, કુશળતા, નિષ્ઠા અને સમજણ વિકસે તે માટે સક્ષમ બનાવવા.

૩. આ ગ્રામાભિમુખ કાર્યકરો ગુજરાતના આર્થિક, સામાજિક અને પર્યાવરણીય દ્રષ્ટીએ જરૂરીયાતવાળા કાર્યક્ષેત્રનાં ગામોમાં રહીને ઈચ્છીત પરિવર્તન માટે કામ કરે તે દરમિયાન સમર્થન પૂરું પાડવું.

૪. ગુજરાતની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, કર્મશીલો અને સલગ્ન સરકારી વિભાગોના નેટવર્ક દ્વારા આ વિચારની સ્વીકૃતિ અને પ્રચાર-પ્રસાર થાય તેવા પ્રયત્નો કરવા.

### ગ્રામશિલ્પી કાર્યક્રમનો અભિગમ અને પદ્ધતિ:

- ગામની પસંદગી ગ્રામશિલ્પી દ્વારા
- કામની પસંદગી ગામ લોકો દ્વારા
- કુદરતી સ્રોતો આધારિત કાર્યક્રમો
- લોકોનું અને ગ્રામશિલ્પીનું જરૂરિયાત આધારિત ક્ષમતાવર્ધન
- ગ્રામજનોની પહેલ આધારિત કાર્યક્રમ
- ગ્રામશિલ્પીની અનુકરણીય જીવનશૈલી

**ગ્રામશિલ્પી પરિચય (ખોબા ગામ,ધરમપુર, વલસાડ ખાતે કાર્યરત શ્રી નીલંમભાઈ પટેલનો કિસ્સો) :**

આમ તો શ્રી નિલમભાઈ ગ્રામશિલ્પીનું જન્મ સ્થળ વલસાડ જીલ્લાનું  ગુંદલાવ ગામ, સ્નાતક પછીના અભ્યાસ માટે મેં ગૂજરાત વિદ્યાપીઠના અર્થશાસ્ત્ર વિભાગમાં પ્રવેશ મેળવ્યો. અભ્યાસ દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠમાં ચાલતા કેટલાક કાર્યક્રમોમાં ભાગ લેતો અને ગ્રામીણ વિકાસના વિવિધ કાર્યક્રમોમાં સહભાગી બનતા , તેના વિશે વધુને વધુ જાણવાનો પ્રયાસ કરતાં.

ગ્રામશિલ્પીના  સંપૂર્ણ વિચારોનું ઘડતર ગૂજરાત વિદ્યાપીઠની છાત્રાલય પ્રવૃતિઓ, પરિસરનું વાતાવરણ, પુસ્તકાલય વગેરેથી થયું. આથી એક નવા ગ્રામશિલ્પીના  પંથે ગ્રામશિલ્પીને  દોરી જનાર ગૂજરાત વિદ્યાપીઠની ભૂમિને હું ગ્રામશિલ્પીની  પ્રેરણા ભૂમિ માનું છું.

ગ્રામશિલ્પીના  પરિવારમાં પાંચ સભ્યો. પિતાજીને એમ હતું કે દિકરો અનુસ્નાતક થયા પછી નોકરી કરશે અને ઘરની જવાબદારીઓ સંભાળી લેશે. જો કે ગ્રામશિલ્પી કાર્યક્રમે ગ્રામશિલ્પીની  જીવનની તરાહ જ બદલી નાખી. આ કાર્યક્રમમાં જોડાયા બાદ ગ્રામીણ ધરતીને જ ગ્રામશિલ્પીની  કર્મભૂમિ બનાવી અને ગ્રામીણ વિકાસને જ પોતાનું લક્ષ્ય બનાવ્યું. આ સાથે જ કાયમી ગામડે વસવાટનો નિર્ણય કર્યો, જેના કારણે પરિવાર સાથેના સબંધોમાં થોડી ઓટ પણ આવી.

તેમ છતાં પોતાના લક્ષ્ય અને કાર્યને વળગી રહી ધરમપુર તાલુકાના મહારાષ્ટ્રની સરહદે આવેલા ખોબા ગામમાં રહી ગ્રામ સ્વરાજ, ગ્રામાભિમુખ સમાજવ્યવસ્થા માટે છેલ્લા બે વર્ષથી મથામણ કરી રહ્યા છે .

**ગ્રામશિલ્પી તરીકે કરેલ પ્રવૃતિઓ:**

- શિક્ષણથી વંચિત એક થી છ ધોરણનાં બાળકો સાથે શૈક્ષણિક પ્રવૃતિઓ. (૬૮ બાળકો)
- છાત્રાલયમાં રહેતા ૧૭ બાળકો માટે અનાજની વ્યવસ્થા.

- વૃક્ષારોપણ અને તેનું જતન. (૧૨૨- વૃક્ષો-સાગ, વાંસ, સાદડ, રતનજયોત, સીતાફળ, જામફળ, બદામ, ફણસ વગેરે).
- પર્યાવરણના વિવિધ પાસાંઓની લોકોમાં જાગૃતિ માટેના કાર્યક્રમો, જેમ કે પોસ્ટર પ્રદર્શન, શેરી નાટકો, યુવા શિબિર વગેરે.
- રાજ્યભરમાંથી સોએક યુવાનોને સાથે લઇ યુવાજૂથની રચના કરી. તેઓ સ્વૈચ્છિક રીતે સમાજસેવાના કાર્યો કરે છે.
- ગામમાં મહિલા મંડળની રચના (૧૮ બહેનો), જેમાં ગૃહ ઉધોગ માટેના પ્રયત્નો અને નાણાકીય બચત.
- ગામના તમામ સભ્યો દારૂથી દૂર રહે તે માટે દારૂથી થતાં ગેરફાયદા વિશેની સમજણ ખોબા ગામ ઉપરાંત અન્ય ગામોમાં પણ આવે તેવા પ્રયાસો. ( બાળકો દ્વારા શેરી નાટક અને યુવાન દ્વારા વ્યસન મુક્તાર્થીના ઘરે ગૃહ નિવાસ)

**અન્ય પ્રવૃતિઓ:**

- આરોગ્ય કેમ્પમાં સહયોગ.
- યુવાનોમાં કૌશલ્ય વિકાસ અને એઇડ્સ તથા અન્ય રોગો વિશેની જાણકારી.
- ગામ લોકોમાં એકતા રહે તે માટે "સદ્ભાવના ઓટલા" નું નિર્માણ.
- બાળકોમાં શિક્ષણ અને સર્જનાત્મકતા વિકસે તે માટેના વિવિધ પ્રયોગો તથા વિવિધ પ્રવૃતિઓ જેવી કે પોસ્ટ કાર્ડ બનાવવા, વાંસમાંથી રમકડા બનાવવા, વિવિધ રમતો, પર્યાવરણમાંથી ગણિત શિખવવું વગેરે.
- લીલા શાકબાજી માટે બિયારણ વિતરણ. જેમાં વાલોળ, ચોળી, ટામેટાં, ગુવાર જેવા વિવિધ શાકભાજીના પાકો.

આ સિવાય સ્થાનિક જરૂરીયાતોને ધ્યાનમાં રાખી ને તા.૧૫/૦૭/૨૦૦૯ થી "લોક મંગલમ" નામની સંસ્થાની રચના કરવામાં આવી છે.ખોબા ગામમાં શિક્ષણની વ્યવસ્થા ઉભી થાય અને બાળકોને શિક્ષણ મળી રહે તે માટે એક એકર જમીન મળી છે. ખોબાને ગ્રામશિલ્પીનું કાર્યક્ષેત્ર ગણી આજીવન અહી જ ગ્રામ વિકાસના કાર્યો કરવાનો નિર્ણય કર્યો છે.

ગ્રામશિલ્પીનું ગામ ખોબા સહ્યાદ્રીની ગીરીમાળામાં ધરમપુરથી ૪૫ કી.મી દૂર આવેલું છે. અવલખંડી સુધી બસ આવે, પછી આઠેક કી.મી ડુંગરાળ વાટે નીચે ઉતરીએ ત્યારે ખોબા પહોંચાય. ગામની પ્રાથમિક શાળામાં પાંચ ધોરણ સુધી શિક્ષણની વ્યવસ્થા છે. વધુ શિક્ષણ માટે

તો ૨૫ કી.મી દૂર જવું પડે. બિમારીમાં પણ આટલું જ અંતર કાપવું પડે. ટૂંકમાં અમે એકવીસમી સદીના લાભ કે પ્રશ્નોથી ઘણા દુર છે આ પ્રદેશ.

**ગ્રામશિલ્પીનું સ્વપ્ન**

- વન વિસ્તારમાં વધારો કરવો.
- નઈ તાલીમ શિક્ષણ પદ્ધતિ અનુરૂપ કેળવણી.
- વસ્ત્રમાં સ્વાવલંબી થવું.
- યુવા વર્ગમાં ગાંધી વિચારો પ્રમાણે વૈચારિક ક્રાંતિ લાવવાનાં પ્રયાસો.
- વ્યસન મુક્ત ગામ.
- ગામડું કુટુંબ બને.

**હવે પછીની કામગીરી અને આર્થિક જવાબદારીઓ:**

ખોબા ગામમાં એક છાત્રાલય પણ શરુ કર્યું છે. જેમાં વિદ્યાર્થીના ભોજન ખર્ચની વ્યવસ્થા એક સ્નેહી તરફથી થાય તેવી હાલ શક્યતા છે. છાત્રાલય મકાન તૈયાર કરવા માટે જરૂરી લાકડું ગ્રામજનો આપે છે.

ગામમાં ગ્રામશિલ્પીના નિવાસ દરમિયાન ગ્રામશિલ્પીનો વ્યકતિગત નિભાવખર્ચ તથા ગ્રામ નિવાસ દરમિયાન વિચારેલી પ્રવૃતિઓ માટે એક માસના રૂ.૧0000/- મુજબ બે વર્ષમાં રૂ. ૨,૪0,000/- (બે લાખ ચાલીશ હજાર) ખર્ચ થાય તેવો અંદાજ છે.

## 4.5 અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં અર્થતંત્રના હાર્દ સમાન પરિવહન સુધારણા માટેની દરખાસ્ત:

| SARTHI: State Assurance for Remote Transport and Halt with Interface | |
|---|---|
| **S** | **State** |
| **A** | **Assurance** |
| **R** | **Remote** |
| **T** | **Transport** |
| **H** | **Halt** |
| **I** | **Interface** |
| અંતરિયાળ પ્રદેશ માટે રાજય દ્વારા પરિવહન અને અલ્પ વિશ્રામની પ્રત્યક્ષ સંપર્ક સહિતની ખાતરી | |

સારથિ યોજના પાછળનું મુખ્ય તર્ક એ છે કે પ્રવાસીને જો એક પ્રકારની ખાત્રી મળશે કે જે અંતરિયાળ પરદેશમાં તે પ્રવાસનું આયોજન કરી રહેલ છે તે પરદેશમાં થોડા અંતરાલ ઉપર અલ્પવિશ્રામની સુવિધાઓ છે-, કોઈ પણ સમયેસંજોગોમાં તે આ અંતરિયાળ પરદેશમાં /

પરિવહન હાંસલ કરી શકશે તો, આ પ્રકારની સરકારની ખાત્રી શાથે સુનિશ્ચિત પણે જે તે રિવહન હાંસલ કરી શકશે તો, આ પ્રકારની સરકારની ખાત્રી શાથે સુનિશ્ચિત પણે જે તે પરદેશમાં પ્રવાસન ઉદ્યોગ વિકાસ પામશે તેમ સહજ રીતે અપેક્ષા રાખી શકાય કેમ કે આ આદિવાસી વિસ્તારોમાં પ્રવાસન ઉદ્યોગ માટે ના ઘણા આકર્ષણો પહેલાથી જ અસ્તિત્વ ધરાવે છેવળી આ . પ્રકારની અંતરિયાળ પરદેશમાં પરિવહન માટેની ખાત્રી પ્રસ્થાપિત થતાં સરકારી તંત્ર પણ તેની પૂર્ણ ક્ષમતા સાથે કામગીરી કરી શકશે


આદિવાસી અંતરિયાળ વિસ્તારોમાં સરકારી તંત્ર યોગ્ય રીતે વહીવટ કરવાં કચાસ અનુભવે છે, અહી શિક્ષકો, તબીબો અને અન્ય સરકારી કર્મચારીઓ પરિવહન ના અભાવે ગંતવ્ય ઠેકાણે મોડા પોહોંચવા અને નિશ્ચિત અવધિ પહેલા સલામતીના કારણસર ફરજ સ્થાન છોડતા જોઈ શકાય છે . અહી સરકારી તંત્ર આવી પરિસ્થિતિમાં ઘણું જ મર્યાદિત બનીછે, આ પ્રકારના સંજોગો પાછળનું મહત્વનુ કારણ તે પરદેશની અપૂરતી પરિવહન સેવાઓ છેઅંતરિયાળ આદિવાસી . .પ્રદેશોમાં પ્રવાસન ઉદ્યોગની અસીમિત સંભાવનાઓ હોવા છતા વિકાસ ઘણો મર્યાદિત રહેલ છે આ પ્રકારના સંજોગો પાછળનું મહત્વનુ કારણ પણ જે આદિવાસી પ્રદેશની અપૂરતી પરિવહન સેવાઓ છે-જો સરકાર દ્વારા અંતરિયાળ આદિવાસી પ્રદેશોમાં પરિવહન સેવાઓ અને અલ્પ . વિશ્રામ માટેના સલામત સ્થળો પ્રસ્થાપિત કરવામાં આવે તો ઉપરોક્ત પરિવહન મર્યાદાના નિવારણ થવાથી અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં સરકારી તંત્ર નિર્ધારિત્ત એવા પૂર્ણ સમય માટે ફરજ બજાવવા સક્ષમ બની શકશેઆ પ્રકારના વાતાવરણમાં હવે આ પ્રદેશોમાં પ્રવાસન . .ઉદ્યોગ પણ તેની પૂર્ણ સંભાવનાઓ સાથે વિકાસ પામશે

પ્રવાસી અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં પ્રવાસન આયોજન ત્યારેજ કરશે જ્યારે તેનું આગોતરું આયોજન કરવા માટે માહિતી ઉપલબ્ધ હોયવર્તમાન સંજોગોમાં આ પ્રકારની માહિ તી ઘણી મર્યાદિત ઉપલબ્ધ છે . અહી અગત્યની વાત એ છે કે સ્થાનિક લોકોની જરૂરિયાત સંતોષવા માટે જે પરિવહન સવલતો જે તે પરદેશમાં પ્રાપ્ય છે તેની માત્ર માહિતી અને સંપર્ક પ્રસ્થાપિત કરી આપવા માત્રથી પણ પ્રવાસન વિકાસ ક્ષેત્રે ઘણું અપેક્ષિત પરિણામ હાંસલ કરી .શકાય તેમ છે ઉપરોક્ત યોજના મોટા મૂડીનિર્માણ દ્વારા નવી સવલતો પ્રસ્થાપીત કરવાના બદલે સંપર્કની ખૂટતી કડી પ્રસ્થાપિત કરી માત્ર અલ્પસીમાંત મૂડીરોકણ દ્વારા મોટા અપેક્ષિત / .પરિણામ હાંસલ કરવા અંગેની છે.

સારથિ :SARTHI: State Assurance for Remote Transport and Halt with Interface

| સારથિ :SARTHI: State Assurance for Remote Transport and Halt with Interface | |
|---|---|
| **S** | State |
| **A** | Assurance |
| **R** | Remote |
| **T** | Transport |
| **H** | Halt |
| **I** | Interface |
| અંતરિયાળ પ્રદેશ માટે રાજય દ્વારા પરિવહન અને અલ્પ વિશ્રામની પ્રત્યક્ષ સંપર્ક સહિતની ખાતરી | |

પ્રવાસીને જો એક પ્રકારની ખાત્રી મળશે કે જે અંતરિયાળ પરદેશમાં તે પ્રવાસનું આયોજન કરી રહેલ છે તે પરદેશમાં થોડા અંતરાલ ઉપર અલ્પવિશ્રામની સુવિધાઓ છે-, કોઈ પણ સમયે / સંજોગોમાં તે આ અંતરિયાળ પરદેશમાં પરિવહન હાંસલ કરી શકશે તો, આ પ્રકારની સરકારની ખાત્રી શાથે સુનિશ્ચિત પણે જે તે પરદેશમાં પ્રવાસન ઉદ્યોગ વિકાસ પામશે તેમ સહજ રીતે અપેક્ષા રાખી શકાય કેમ કે આ આદિવાસી વિસ્તારોમાં પ્રવાસન ઉદ્યોગ માટે ના ઘણા આકર્ષણો પહેલાથી જ અસ્તિત્વ ધરાવે છેવળી આ પ્રકારની અંતરિયાળ પરદેશમાં પરિવહન માટે .ની ખાત્રી પ્રસ્થાપિત થતાં સરકારી તંત્ર પણ તેની પૂર્ણ ક્ષમતા સાથે કામગીરી કરી શકશેકેમકે હવે . સરકારી કર્મચારી કોઈ પણ સમયે કોઈ પણ સંજોગોમાં પરિવહન સેવા જે તે સેવા પૂરી પાડનાર આ સંજોગોમાં પરિવહન માટે સલામત .નિયોજક સાથે આગોતરો સંપર્ક કરી કેળવી શકશે સંજોગોનું સર્જન થતાં હવે સરકારી તંત્ર પૂર્ણ ક્ષમતા સાથે કામગીરી કરશે તેવી અપેક્ષા રાખી શકાય .





સારથિ એક કોમ્પુટર પ્રોગ્રામ આધારિત ડિજિટલ પ્લેટફોર્મ છે : **સારથિ-સંપર્ક સેતુ) SARTHI: State Assurance for Remote Transport and Halt with Interface** :(સંપર્ક માટેનો એક ડિજિટલ પ્લેટફોર્મ છે .સારથિ એક કોમ્પુટર પ્રોગ્રામ આધારિત ડિજિટલ પ્લેટફોર્મ છે ,જે મોબાઈલ ફોનની એપ્લીકેશન સ્વરૂપમાં મર્યાદિત ફંક્શન સાથે સેવા પૂરી પડતો હશે .જેના દ્વારા અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં પરિવહન સેવાઓ અને અલ્પ-વિશ્રામની સેવાઓ પૂરી પડતાં નિયોજકો પોતે સરકારી ધારા-ધોરણોનું પાલન કરી પોતાની રીતે અરજી કરી નોધણી પામશે.

સરકારી તંત્ર દ્વારા ડિજિટલ પ્લેટફોર્મ ઉપર આવેલ આ પ્રકારની નોધણી માટેની અરજીઓને સ્થાનિક તંત્રની મદદથી ચકાસણી/મૂલ્યાંકન કરાશે .ધારા ધોરણોના યોગ્ય પાલનની ખાત્રી થતાં જે તે સેવા પુરી પાડતા નિયોજકની નોધણી કરશે .

સેવાની માંગ કરનાર પોતે જે તે સમયે પોતાના સ્માર્ટ ફોનમાં સારથિ એપ્લીકેશન દ્વારા જે તે સ્થળ માટે જે તે સમયે જે સેવા લેવા ઈચ્છે છે તેનો પ્રત્યક્ષ સંપર્ક કરી શકશે .આ સંપર્ક દ્વારા તે પોતાની સેવા માટેની માંગનું આગોતરું આયોજન કરી શકશે .


**SARTHI: State Assurance for Remote Transport and Halt with Interface**



## 4.6 IPSHD (Integrated Plan for Social Harmony and Development)

### આદિવાસી વિધ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રમાં સજ્જતા માટેની યોજના દરખાસ્ત:

આદિવાસી અને બિન આદિવાસી વિધ્યાર્થીઓ વચ્ચે ભિન્નતાના ક્ષેત્રો: આદિવાસી બાળકો અને બિન આદિવાસી બાળકો શહેરી ક્ષેત્રોમાં એક જ સંસ્થામાં જ્યારે સંપર્કમાં આવે છે ત્યારે તેમની વચ્ચે એક સમાન પ્લેટફોર્મ જોવા મળતું નથી શહેરી ક્ષેત્રોમાં વળી આર્થિક સમુહો દ્વારા વર્ગ ભેદ અને જાતિ ભેદના પણ ભેદભાવ નિર્માણ થાય છે. સામાજિક રીતે નબળા વર્ગોSC /ST શહેરી ક્ષેત્રોમાં ભેદભાવ અનુભવતા હોવાની પણ લાગણી છે. જિલ્લા સંશોધક દ્વારા એસસી બાળકોના પ્રશ્નોના નિવારણ માટે આ અગાઉ કરવામાં આવેલ એક અભ્યાસના અહેવાલમાં જે ભલામણ IPSHD કરવામાં આવી હતી તે અહીં પણ એટલી જ લાગુ પડે છે તેથી તેને અહીં આ સંદર્ભે પણ ભલામણ કરવી યોગ્ય સમજી છે.



આદિવાસી બાળકો બિન આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ અર્થે જ્યારે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવે છે ત્યારે તેમને ઉપર દર્શાવ્યા મુજબ સમસ્યાઓ કે જેનો મૂળ આધાર આદિવાસી હોવા પણામાં રહેલો છે સહન કરવું પડે છે. આ સમસ્યાના  ઉકેલ માટે અહીં જે ભલામણ વિચારવામાં આવી છે તે ભલામણ અંતર્ગત આદિવાસી બાળકોને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે કોઈપણ પ્રકારે સંસ્થાના કોઈપણ રેકોર્ડમાં પોતાની આદિવાસી તરીકેની ઓળખ કજુ કરવા માટે bh એ હા બાધ્ય  કરવામાં આવશે નહીં. વિદ્યાર્થીઓને તેના આદિવાસી અંગેના જે કોઈપણ શૈક્ષણિક લાભો મળવાપાત્ર છે તે સંસ્થાની બહાર વિદ્યાર્થીઓના યુનિક ઓળખ નંબર સાથેના પોર્ટલ ઉપર તેમની આદિવાસી તરીકેની ઓળખાણ દ્વારા સીધા જ તેમના  બેંકખાતામાં મળવાપાત્ર થશે. અહીં પ્રવેશ સમયે બધા જ બાળકો પ્રવેશપત્ર ભરતા હોય તેનું કેન્દ્રીયકૃત રીતે સંસ્થા  બહાર  મેરીટ લિસ્ટ તૈયાર થતું હોય, તેમની આદિવાસી તરીકેની કેટેગરીને ધ્યાનમાં રાખીને જે તે પ્રવેશ અનામતનો લાભ તેમને આપી શકાશે આ જ પ્રમાણે તેમને મળતા આર્થિક લાભો પણ સીધા જ તેમને પહોંચતા કરવામાં કોઈ પણ મધ્યસ્થી કે તેમને ઓળખ  છતી થતી ન હોવાથી તેમને જાતિને લઈને આદિવાસી તરીકેના જે ભેદભાવનો સામનો કરવો પડે છે તે ભેદભાવ માંથી મુક્તિ મળી શકે. જો કે અહીં જાતિ સન્માન અંગેના મૂલ્યોને ઠોકર પહોંચે તેમ છે.  પરંતુ બાબાસાહેબ આંબેડકરની જાતિ મુક્ત ભારતની જે અવધારણા છે તે અવધારણા તરફ લઈ જતો આ એક રસ્તો છે. આદિવાસી બાળકોને બિન આદિવાસી શિક્ષકો દ્વારા અને બિન આદિવાસી કર્મચારીઓ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓમાં ભેદભાવનો સામનો કરવો પડે છે તેવી સમસ્યા સામે સૂચવાયેલો આ રસ્તો આદિવાસી અસ્મિતાની  લાગણીને દુભાવે છે.

.

આદિવાસી વિદ્યાર્થીઓ દ્વારા તેમને તેમની આદિવાસી સમાજની ઓળખ હોવાથી તેમના પ્રત્યે રમત ગમત અને શિક્ષણમાં મૂલ્યાંકન બાબતે ભેદભાવ રાખતો હોવાને અવારનવાર ફરિયાદો ઉઠવા પામી છે ઉપરોક્ત ભલામણ અંતર્ગત જો આદિવાસી વિદ્યાર્થીઓ પોતે પોતાની આદિવાસી તરીકેની કોઈપણ પ્રકારની ઓળખ કોઈપણ સરકારી નોંધણીમાં સંસ્થા લેવલ ઉપર કરાયા વગર પણ શિક્ષણ અને રમતગમત પ્રવેશ મેળવશે તો આ પ્રકારની જે ફરિયાદ છે તે અસ્થાને રહેશે અને શૈક્ષણિક સંસ્થાઓમાં થતા મૂલ્યાંકન બાબતે કોઈ ભેદભાવ છે તેવી તેમની માન્યતાને રદિયો  મળી શકશે.

SCs/STsઅનુસૂચિત જાતિ અને  અનુસૂચિત જનજાતિ જેવા સમુદાયો કે જે આર્થિક સામાજિક રીતે પછાત છે તેઓ મૂળભૂત રીતે કોઈ એક એરિયામાં  કેન્દ્રીકૃત વસાહતોમાં શહેરોમાં રહેતા

જોવા મળે છે. તેમની સામાજિક શૈક્ષણિક તુલનાત્મક રીતે નીચી જાગૃતિના પરિણામે અહીં હા વસાહતોમાં શૈક્ષણિક રીતે યોગ્ય વાતાવરણ સર્જન થતું નથી. સામાજિક બધીઓ પણ અહીં તુલનાત્મક રીતે વધુ જોવા મળે છે. શહેરોમાં રહેતા આવા પછાત વર્ગો કે જે કોઈ એક જ એરિયામાં concentrate થાય છે ત્યાં નીચા શિક્ષણનું એક વિચિત્ર ઉદ્ભવતું જોવા મળે છે જેમાં માતા પિતા નું નીચું શિક્ષણ બાળકોના નીચા શિક્ષણમાં પરિણામે છે આવી ચક્રને તોડવા માટે શહેરી વસાહત નિર્માણમાં પણ પ્રત્યેક એરિયામાં સામાજિક આર્થિક  સમાજ માટે આવાસીય અનામત ઉપલબ્ધ કરાવી એક જ એરિયામાં કેન્દ્રીકૃત થતા આવા સમુદાયને વિકેન્દ્રિત કરી તેમના પાડોશમાં રહેલા શૈક્ષણિક વાતાવરણનો લાભ આ સમાજના વિદ્યાર્થીઓને અપાવી શકાય તેમ છે.

આર્થિક સામાજિક પછાત વર્ગના લોકો પહેલેથી જ દેવામાં ડૂબેલા છે ત્યાં સેલ્ફ ફાઇનાન્સ એજ્યુકેશન તેમના માટે નવા પ્રશ્નો લઈને આવ્યો છે.  વળી આર્થિક સધ્ધરતાના કિસ્સામાં પણ શિક્ષણનું મહત્વ તુલનાત્મક રીતે નીચું સ્વીકારતો આ સમાજ શિક્ષણ માટે ચુકવણી કરવા પણ તૈયાર નથી.  વિદ્યાર્થી જાતે જ નાનપણથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી પોતે જ પોતાના પર્ફોર્મન્સ ના આધારે એક ક્રેડિટ નિર્માણ કરશે કે જે ક્રેડિટ તેને આવનારા સમયમાં ઉચ્ચ શિક્ષણ અને અતિ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે આર્થિક વ્યવસ્થા કરી આપશે તે માટેની આ ભલામણ A/C (CEF) કોન્ટ્રીબ્યુટરી એજ્યુકેશનલ ફંડ:  આ ભલામણ મૂળભૂત ભલામણ કરેલી યોજના IPSHD  નું મુખ્ય હાર્દ છે.





Figure 1 Layout of proposed IPSHD

1. IPSHD will have three component as depicted in figure-2 first to combat economics problems second to combat discrimination and third is will fight to synthesis the anti academic environment which arise to segregation of weaker or community clustering.
   IPSHD ઉપર દર્શાવેલ ગ્રાફમાં દર્શાવ્યું છે તે પ્રમાણે તે વિવિધ સ્તરે સમસ્યાઓ સાથે નિવારણના રસ્તાઓ શોધશે. ભેદભાવ થઈ રહ્યો છે તો ભેદભાવને દૂર કરવા માટે જાતિગત ઓળખ ફરજિયાત ન કરીને પ્રત્યેક વિદ્યાર્થી નેએક સમાન પ્લેટફોર્મ પૂરું પાડશે. જો કોઈ ખોટા ભેદભાવ અંગેની માન્યતા હશે તો તેને પણ રદીઓ મળશે. બીજા સ્તરે પ્રત્યેક બાળકને એક સમાન કૌટુંબીક અને સામાજિક સ્તરેથી શૈક્ષણિક જાગૃતિનું અને શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ થશે. ત્રીજા સ્તરે પ્રત્યેક બાળકને એક સમાન આર્થિક ઉપલબ્ધિ પ્રાપ્ત થશે.
2. Economic problems will address by Contributory Educational Fund A/C (CEF). The major features of CEF are as follows
   - 2.1 It will start at the birth of the child and will be operated by the parents for 17 years.
   - 2.2 The CEF will have lock in period of up to 11 years age of child.
   - 2.3 CEF will fully link by "*Aadhar Card*" or "Unique Identity".
   - 2.4 It should be attractive for all the students and mandatory for SC/ST and BPL category.
   - 2.5 All the financial supports and educational payments to Institutes will be apply to this CEF A/C. and it should be mandatory.
   - 2.6 Government authority will accreditation and will provide the grade to each and every academic institute.
   - 2.7 Withdrawal amount will be depending on the status (Grade) of educational institute in which student would be getting admission.
3. Liquidity A/C will be the part (linked) of CEF. It will be an ordinary bank A/C will carry all the ongoing transfer of fellowships or scholarships. The withdrawal able amount will transfer to this account and students can get it cash.
4. IPSHD will propose to combat the discrimination. Students' identity as SC/ST/Minority etc will provide the platform for hatred and discrimination. The IPSHD can provide the method to hide the identity of students in following way.
   - 4.1 The caste of category will not be disclosed for entire educational process.
   - 4.2 CEF is linked with aadhar card that carry all the details of students.
   - 4.3 Students will mention majorly CEF A/C no and last results performance in the application form to get the admission in any academic institute.
   - 4.4 Union government will provide online software with data base of all the citizens.
   - 4.5 Academic institute have to submit all the applicants' CEF account no to that software which will produce the final admission list with maintain all the reservation quota without disclosure of any identity of the students.
   - 4.6 Any students can also operate all these online admission process. It is mandatory for all academic institutes to declare the applicants' list with CEF.

4.7 Academic institute could not be asking for student’s category in any case.

5. Geographical reservation policy at micro level of town planning will abolish all those anti academic elements which arise due to synthesis the character of community base cluster.
6. To make this finance we recommended “Educational Inequality Tax" (EIT) on those academic institutes which are consider as primer institute and only those students whose parents are paying more than one lakh of income tax.
7. "Educational Inequality Tax" (EIT) will we collect by academic institute at the time of payments of admission fees of students.

### 4.7 ઉપસંહાર

સુરત અને નવસારી જિલ્લામાં આદિવાસી આર્થિક વિકાસ માટે પ્રત્યક્ષ અને સીધી રીતે જે પગલાંઓ લઈ શકાય છે તેની ચર્ચા કરવામાં આવેલી છે. અહીં આ પ્રકરણમાં આપણે આદિવાસી ઉત્પાદનોને સીધેસીધું બજાર પૂરું પાડવા માટે કેવા પ્રકારની સિસ્ટમનો વિકાસ કરી શકીએ તેની ચર્ચા કરવામાં આવેલી છે. આ સિસ્ટમ દ્વારા આદિવાસીઓ પોતે જ પ્રત્યક્ષ રીતે પોતાના છૂટક ગ્રાહકોને સંપર્ક કરીને પોતાની ઉત્પાદન કરેલી વસ્તુઓ વેચી શકશે. આદિવાસી વિસ્તારોમાં સ્વાસ્થ્ય અને સમસ્યાઓને લઈને જે ગંભીર પ્રશ્નો છે તેના નિવારણ માટે પણ અહીં હાટ બજારમાં ફરતી હોસ્પિટલો દ્વારા આ સ્વાસ્થ્યના ગંભીર પ્રશ્નોને કેવી રીતે હલ કરી શકાય તેની ચર્ચા કરવામાં આવેલી છે. આ બંને ઉકેલો માત્ર સુરત કે નવસારી જિલ્લા પૂરતા સીમિત રહેતા નથી પરંતુ ગુજરાત રાજ્યના સમગ્ર આદિવાસી પ્રદેશોમાં આ બંને સૂચનો સમાન ધોરણે લાગુ પડે છે. આ બાબતને ધ્યાનમાં લેતા આ સૂચનો આદિવાસી આર્થિક વિકાસ દર્શન પ્રકરણ સંયુક્ત અહેવાલમાં પણ સમાવેશ થયેલા છે. આશા રાખીએ કે આ પ્રકારના કોઈ પગલા દ્વારા ગુજરાત રાજ્યના આદિવાસી આર્થિક વિકાસ પ્રક્રિયામાં વેગ આવે.

**સંદર્ભ:**

1. વડોદરા રાજ્યના આદિવાસીઓના ઉત્થાનમાં સંયાજીરાવ ત્રીજાનું પ્રદાન (1863-1939)

- કિશોરભાઈ ચૌધરી

2. આદિજાતિ પેટા યોજના બજેટ જોગવાઈ – 2018-19

3. વનબંધુ કલ્યાણ યોજના બજેટ જોગવાઈ – 2018-19

4. Government of Gujarat Annul Report of The Administrative of Scheduled Areas – 2018-19

5. Peoples Plan Campaign For Gram panchayat Development Plan (GPDP) -sabki Yojana Sabka vikas

6. Political Economy Of Tribal Development A Cas Study of Andra Pradesh

7. Pradhan Mantri Van Dhan Yojana (mera van – mera dhan- mera Udyam) – 200 daye Report march 2020

8. Guidelines for Mechanism for Marketing of Minor Forest Produce (MFP) Through Minimum Support Price (MSP) & Development of Value Chain for MFP 2018

9. ગુજરાત પંચાયતની જોગવાઈઓ (અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબત) નિયમો, 2017

10. Monthly update on status of implementation of the Scheduled Tribes and Other Traditional Forest Dweller (Recognition of Forest Rights) Act,2006, Date - 24/08/2020

11. Land and Governance Under the Fifth Schedule – Government Of India

12. राष्ट्रीय अनुसूचित जनजाति आयोग विशेष रिपोर्ट मई 2012

13. Fifth Schedule of the constitution, India

14 The scheduled Tribes and other Traditional Forest Dwellers (recognition Forest rights) act 2006

15. આદિવાસી વિકાસ દર્શન – વિદ્યુત જોષી

16. ગુજરાતનો વિકાસ – એક વણથંભી કૂંચ – લેન્સી લોબો

17. ગુજરાત ટ્રાયબલ ડેવલોપમેન્ટ વિઝન 2010 – સેન્ટર ફોર સોશ્યલ સ્ટડિઝ, સુરત

18. વિવિધ જિલ્લાની આકડાકીય રૂપરેખા 2015-16

19. વિવિધ જિલ્લાનો સામાજિક- આર્થિક વિકાસ 2015-16

20. વિવિધ જિલ્લાની આકડાકીય રૂપરેખા 2016-17

21. વિવિધ  જિલ્લાના સામાજિક- આર્થિક વિકાસ 2016-17

22. વિવિધ જિલ્લાની આકડાકીય રૂપરેખા 2017-18

23. વિવિધ જિલ્લાનો સામાજિક- આર્થિક વિકાસ 2017-18

24. વિવિધ જિલ્લાની આકડાકીય રૂપરેખા 2018-19

25. વિવિધ જિલ્લાનો સામાજિક- આર્થિક વિકાસ 2018-19

26. Multiple  District Human Development Report 2016

(Gujarat social Infrastructure Development society) GSIDS

27. Multiple District Industrial Potentiality Survey Report

28. Multiple  District Census Handbook 2011

29. Multiple  District Census Handbook 2001